ન્યુ રીનોવેટેડ A/C. લગ્નહોલ
A/C. હોલ તેમજ જમણ સાથે
હોટેલ ભાભા
આલ્ફ્રેડ સામે, રાજકોટ. ફોન : ૨૨૨૦૮૬૧ થી ૬૬

પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329
arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક®

સાંધ્ય દૈનિક

શહેર આવૃત્તિ પાનાઃ ૧૪
તા. ૨૧-૨-૨૦૨૬, શનિવાર
વર્ષઃ ૧૪, અંક : ૨૯૪

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

Price Rs.:4 ABATAK-RAJKOT ☎ 0281- 2461234, 2460999 94266 72303 abataknews@gmail.com @abtakmedia

ચણાદાલ.. ચણાદાલ.. ચણાદાલ
શોર્ટેક્ષ - વિણાટ
એક્સ્ટ્રા ક્વોલીટી
ચણાદાલ
એજન્સી આપવાની છે
પારેવડી ચોક પાસે, રાજકોટ
98242 00970
અપ્પુ

મેં ચાહે યે કરૂં, મેં ચાહે વો કરૂં... મેરી મરજી!

# અમેરિકાની સુપ્રીમે ટેરિફ વધારાને ફુકરાવ્યો તો ટ્રમ્પે રાતોરાત વૈશ્વિક ૧૦% ટેરિફ લાધ્યો

**અબતક, રાજકોટ**

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને ન્યાયતંત્ર વચ્ચે અત્યારે આરપારની જંગ જામી છે. શુક્રવારે અમેરિકાની સુપ્રીમ કોર્ટે ટ્રમ્પના મનસ્વી ટેરિફ (આયાત શુલ્ક) ને ગેરકાયદેસર ગણાવીને રદ કરી દીધા હતા. આ આકરા ઝટકાથી ડરવાને બદલે ટ્રમ્પે ઓવલ ઓફિસમાંથી જ રાતોરાત નવો આદેશ બહાર પાડીને વિશ્વના તમામ દેશો પર વધારાનો ૧૦ ટકા વૈશ્વિક ટેરિફ ઝીંકી દીધો છે.

સુપ્રીમ કોર્ટે ૬-૩ની બહુમતીથી ચુકાદો આપતા જણાવ્યું કે, ૧૯૭૭નો જે કાયદો ટ્રમ્પ વાપરી રહ્યા છે, તે રાષ્ટ્રપતિને ટેરિફ લાદવાની સીધી સત્તા આપતો નથી. ચીફ જસ્ટિસ જોન રોબર્ટ્સે સ્પષ્ટ કર્યું કે ટેક્સ ઉઘરાવવાની સત્તા માત્ર સંસદ પાસે છે, રાષ્ટ્રપતિ પાસે નહીં.

કોર્ટના ચુકાદાથી લાલચોળ થયેલા ટ્રમ્પે પ્રેસ કોન્ફરન્સમાં જજોને 'ડરપોક' અને 'મૂર્ખ' ગણાવ્યા હતા. તેમણે કહ્યું કે હું આ જજોથી શરમીંદા છું, જેમણે દેશહિતમાં વિચારવાની હિંમત ન કરી. ટ્રમ્પે તાત્કાલિક સેક્શન ૧૨૨ હેઠળ નવો ૧૦% ટેરિફ લાદી દીધો અને દાવો કર્યો કે આનાથી તેઓ પહેલા કરતા પણ વધુ 'પાવરફુલ' બની ગયા છે. જો કે આ માત્ર મન મરજી થી જ ટ્રમ્પે ૧૦ ટકા ટેરિફનો નિર્ણય નથી લીધો તેમને અમેરિકા ના હિત માટે આ નિર્ણય કર્યો છે ટ્રમ્પનું માનવું છે કે અમેરિકા અન્ય દેશો પાસેથી વસ્તુઓ વધુ ખરીદે છે

(અનુ. આઠમા પાને)

## સુપ્રીમ કોર્ટે ટ્રમ્પના ટેરિફ કેમ રદ કર્યા?

" **કાયદામાં ઉલ્લેખ નથીઃ** કોર્ટે જણાવ્યું કે 'ઇન્ટરનેશનલ ઇમરજન્સી ઇકોનોમિક પાવર્સ એક્ટ' (IEEPA) રાષ્ટ્રપતિને આયાત નિયંત્રિત કરવાની સત્તા આપે છે, પરંતુ તેમાં 'ટેરિફ' કે 'ટેક્સ' જેવા શબ્દોનો ક્યાંય ઉલ્લેખ નથી.

" **ઐતિહાસિક મર્યાદાઃ** આ અગાઉ કોઈ પણ અમેરિકી રાષ્ટ્રપતિએ ટેરિફ લાદવા માટે આ કાયદાનો ઉપયોગ કર્યો નથી. ઇતિહાસ દર્શાવે છે કે આ કાયદો આ હેતુ માટે નહોતો.

" **સત્તાનો દુરુપયોગઃ** કોર્ટના મતે, જો સરકારના આ તર્કને સ્વીકારવામાં આવે તો રાષ્ટ્રપતિ ગમે ત્યારે, ગમે તે દેશ પર ગમે તેટલા ટેરિફ લાદી શકે, જે કોંગ્રેસ (સંસદ) ની સત્તા પર તરાપ સમાન છે.

" **મેજર ક્વેશ્ચન ડોક્ટ્રીનઃ** સુપ્રીમ કોર્ટે જણાવ્યું કે આર્થિક અને રાજકીય રીતે મહત્વના નિર્ણયો લેવા માટે રાષ્ટ્રપતિ પાસે સંસદની સ્પષ્ટ મંજૂરી હોવી જરૂરી છે, જે આ કિસ્સામાં નહોતી.

" **આવક ઊભી કરવાનું સાધનઃ** ટેરિફ એ માત્ર આયાત પર નિયંત્રણ નથી, પરંતુ તે સરકારી તિજોરી માટે આવક ઊભી કરવાનું સાધન છે. આ પ્રકારની સત્તા સંસદ હસ્તક હોય છે, રાષ્ટ્રપતિ હસ્તક નહીં.



## ભારત સાથેના ટેરિફમાં કોઈ જ ફેરફાર નહીં

ટ્રમ્પના વૈશ્વિક ૧૦ ટકા ટેરિફ વધારાની ભારત સાથેની નવી ટ્રેડ ડીલમાં કોઈ ફેરફાર થશે નહીં. નવી ડીલ મુજબ, ભારત અમેરિકાને ૧૮ ટકા ટેરિફ ચૂકવશે, જ્યારે અમેરિકા ભારતને કોઈ ટેરિફ ચૂકવશે નહીં. અગાઉના ૫૦ ટકા ટેરિફની સરખામણીએ આ ૧૮ ટકા ટેરિફ ઓછો છે, જે ચીન અને વિયેતનામ જેવા હરીફ દેશો સામે ભારતને બજારમાં સરસાઈ અપાવશે.

## ૩૧ માર્ચથી ૩ દિવસનો ચીનનો પ્રવાસ ખેડશે ડોનાલ્ડ ટ્રમ્પ

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ આગામી ૩૧ માર્ચથી ૨ એપ્રિલ દરમિયાન ચીનની મુલાકાતે જવાના છે. વ્હાઇટ હાઉસના અધિકારીઓએ જણાવ્યું હતું કે ફેબ્રુઆરીમાં ચીની રાષ્ટ્રપતિ શી જિનપિંગ સાથે વાતચીત કર્યા બાદ ટ્રમ્પે જણાવ્યું હતું કે, અમેરિકા અને ચીન વચ્ચેના સંબંધો હાલમાં ખૂબ જ સારા છે. રાષ્ટ્રપતિ ટ્રમ્પની આ મુલાકાત ભવિષ્યની નવી ભાગીદારી અથવા સંધિઓનો પાયો નાખી શકે છે.

સોનાની ચમક શેરબજાર ઉપર પહોંચી!

# ૧૬ માર્ચથી એનએસઇ ઉપર ૧૦ ગ્રામથી લઈ ૧૦ કિલો સુધી સોનાની લે-વેચ કરી શકાશે

### ૧૦ ગ્રામના નાના અને અનુકૂળ કોન્ટ્રાક્ટના લોન્ચિંગથી રિટેલ ટ્રેડર્સ, નાના જ્વેલર્સ અને સામાન્ય રોકાણકારો પણ સરળતાથી ગોલ્ડ ફ્યુચર્સમાં ટ્રેડિંગ કરી શકશે

## નવા કોન્ટ્રાક્ટની મુખ્ય વિશેષતાઓ

લોન્ચિંગ તારીખઃ ૧૬ માર્ચ
ટ્રેડિંગ યુનિટ (લોટ સાઈઝ): ૧૦ ગ્રામ
ટિક સાઈઝ (લઘુત્તમ ભાવ ફેરફાર): ૧૦ ગ્રામ દીઠ રૂ. ૧
મહત્તમ ઓર્ડર સાઈઝઃ એક વખતમાં ૧૦ કિલોગ્રામ
ડિલિવરી સેન્ટરઃ અમદાવાદ ક્લિયરિંગ હાઉસ
એક્સપાયરીનો દિવસઃ દર મહિનાનો છેલ્લો કેલેન્ડર દિવસ

**અબતક, નવી દિલ્હી**

નેશનલ સ્ટોક એક્સચેન્જ દ્વારા સોનામાં રોકાણ કરવા માંગતા રોકાણકારો માટે એક મહત્વપૂર્ણ જાહેરાત કરવામાં આવી છે. એનએસઇ તેના કોમોડિટી ડેરિવેટિવ્ઝ સેગમેન્ટના વિસ્તરણના ભાગરૂપે આગામી ૧૬ માર્ચથી નવો 'ગોલ્ડ ૧૦ ગ્રામ ફ્યુચર્સ કોન્ટ્રાક્ટ' રજૂ કરવા જઈ રહ્યું છે. આ નવા ટ્રેડિંગ વિકલ્પને શરૂ કરવા માટે માર્કેટ રેગ્યુલેટર 'સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા' દ્વારા સત્તાવાર મંજૂરી આપી દેવામાં આવી છે. આ નવો કોન્ટ્રાક્ટ માસિક ધોરણે ટ્રેડિંગ માટે ઉપલબ્ધ રહેશે અને તેનો મુખ્ય ઉદ્દેશ્ય બુલિયન માર્કેટમાં વધુને વધુ લોકોની ભાગીદારી સુનિશ્ચિત કરવાનો છે. અત્યાર સુધી કોમોડિટી માર્કેટમાં સોનાના મોટા કોન્ટ્રાક્ટ (જેમ કે ૧ કિલો અથવા ૧૦૦ ગ્રામ) હોવાને કારણે નાના અને રિટેલ રોકાણકારો માટે તેમાં વેપાર કરવો આર્થિક રીતે મુશ્કેલ હતો. મોટા માર્જિનની જરૂરિયાતને કારણે તેઓ બજારથી દૂર રહેતા હતા. પરંતુ હવે, ૧૦ ગ્રામના આ નાના અને અનુકૂળ કોન્ટ્રાક્ટના લોન્ચિંગથી રિટેલ ટ્રેડર્સ, નાના જ્વેલર્સ અને સામાન્ય રોકાણકારો પણ સરળતાથી ગોલ્ડ ફ્યુચર્સમાં ટ્રેડિંગ અને હેજિંગ કરી શકશે. આ પગલું ઘરેલુ બુલિયન વેપારની પદ્ધતિઓ સાથે સંપૂર્ણ રીતે સુસંગત છે.



ટ્રેડિંગનો સમય અને કોન્ટ્રાક્ટની વિગતો

એનએસઈ દ્વારા જારી કરવામાં આવેલી માર્ગદર્શિકા મુજબ, આ નવા કોન્ટ્રાક્ટનું ટ્રેડિંગ સિમ્બોલ 'ગોલ્ડ ૧૦ ગ્રામ' રાખવામાં આવ્યું છે. આ નવા ગોલ્ડ ફ્યુચર્સ

(અનુ. આઠમા પાને)

## ટ્રેડિંગનો સમય સોમવારથી શુક્રવાર સુધી સવારે ૯થી શરૂ થશે અને રાત્રે ૧૧:૩૦ વાગ્યા સુધી ચાલશે

રોકાણકારો માટે ટ્રેડિંગનો સમય સોમવારથી શુક્રવાર સુધી સવારે ૯:૦૦ વાગ્યાથી શરૂ થશે અને રાત્રે ૧૧:૩૦ વાગ્યા સુધી ચાલશે (અમેરિકાના ડેલાઇટ સેવિંગ સમયના ફેરફાર મુજબ આ સમય રાત્રે ૧૧:૫૫ સુધી લંબાઈ શકે છે). આ કોન્ટ્રાક્ટમાં ટિક સાઈઝ (એટલે કે ભાવમાં થતો લઘુત્તમ ફેરફાર) ૧૦ ગ્રામ દીઠ માત્ર રૂ. ૧ નક્કી કરવામાં આવી છે. વધુમાં, કોઈ પણ ટ્રેડર એક વખતમાં મહત્તમ ૧૦ કિલોગ્રામ સુધીની ઓર્ડર સાઈઝ પ્લેસ કરી શકશે.

## નાના રોકાણકારો માટે આ નિર્ણય કેમ ફાયદાકારક છે?

સામાન્ય રીતે સોનાના વાયદા બજારમાં મોટા લોટ સાઈઝના કારણે લાખો રૂપિયાના માર્જિનની જરૂર પડતી હોય છે, જેનાથી સામાન્ય માણસ ડેરિવેટિવ્ઝ માર્કેટમાં સોનાનું ટ્રેડિંગ કરી શકતો નથી. એનએસઇ દ્વારા ૧૦-ગ્રામના આ નાના ગોલ્ડ ફ્યુચર્સ કોન્ટ્રાક્ટને રજૂ કરવાથી માર્જિનની રકમ ખૂબ ઘટી જશે. આનાથી રિટેલ ટ્રેડર્સ અને નાના જ્વેલર્સ પોતાના જોખમને સરળતાથી હેજ કરી શકશે. અત્યારના સમયમાં જ્યારે સોનાના ભાવ રેકોર્ડ સપાટીએ છે, ત્યારે આ નાનો કોન્ટ્રાક્ટ બજારમાં તરલતા વધારશે અને પારદર્શક ભાવ નિર્ધારણમાં પણ મદદરૂપ સાબિત થશે. ડિલિવરી સેન્ટર અમદાવાદ હોવાથી ગુજરાતના સ્થાનિક બુલિયન વેપારીઓને પણ લોજિસ્ટિકલ ફાયદો મળશે.

# ૧ એપ્રિલથી નેશનલ હાઈવેના ટોલ પ્લાઝા પર રોકડ વ્યવહાર બંધ

### મુસાફરોએ ટોલ ટેક્સ ભરવા માટે માત્ર ફાસ્ટેગ અથવા યુપીઆઈ જેવા ડિજિટલ વિકલ્પોનો જ ઉપયોગ કરવો પડશે

**અબતક, રાજકોટ**

દેશના નેશનલ હાઈવે અને એક્સપ્રેસવે પર મુસાફરી કરનારાઓ માટે મહત્ત્વના સમાચાર છે. નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા હવે ટોલ પ્લાઝા પર રોકડ વ્યવહારને સંપૂર્ણપણે બંધ કરવાની તૈયારી કરી રહ્યું છે. હવે મુસાફરોએ ટોલ ટેક્સ ભરવા માટે માત્ર ફાસ્ટ ટેગ અથવા યુપીઆઈ જેવા ડિજિટલ વિકલ્પોનો જ ઉપયોગ કરવો પડશે. ૧ એપ્રિલ ૨૦૨૬થી આ નવો નિયમ લાગુ થશે.

છેલ્લા કેટલાક વર્ષોમાં ફાસ્ટટેગનો ઉપયોગ ૯૮ ટકાથી વધુ વધી ગયો છે, જેના કારણે ટોલ કલેક્શન સિસ્ટમમાં મોટો ફેરફાર આવ્યો છે. હાલમાં મોટાભાગના વ્યવહારો આરએફઆઈડી આધારિત ફાસ્ટટેગ દ્વારા થઈ રહ્યા છે, જે વાહનોને રોકાયા વગર ટોલ પસાર કરવામાં મદદ કરે છે. હવે તેની સાથે યુપીઆઈ પેમેન્ટની સુવિધા પણ જોડવામાં આવી છે જેથી મુસાફરો સરળતાથી ડિજિટલ પેમેન્ટ કરી શકે.

(અનુ. આઠમા પાને)

## લેબનોન પર ઈઝરાયેલનો હુમલોઃ હિઝબુલ્લાહ નેતા સહિત ૧૦ના મોત

**અબતક, રાજકોટ**

ઈઝરાયેલી વાયુસેનાએ લેબનોનના પૂર્વીય ભાગમાં બેકા વેલીવિસ્તારમાં એરસ્ટ્રાઇક કરી છે, જેમાં ઓછામાં ઓછા ૧૦ લોકોના મોત થયા છે અને ૨૪થી ૫૦ સુધી લોકો ઘાયલ થયા છે. આ હુમલામાં વરિષ્ઠ હિઝબુલ્લાહ કમાન્ડર હુસૈન યાગી સહિત અનેક લોકો માર્યા ગયા છે. હુસૈન યાગી પૂર્વ હિઝબુલ્લાહ સાંસદ મોહમ્મદ યાગીના પુત્ર હતા અને હિઝબુલ્લાહે તેમના મૃત્યુની પુષ્ટિ કરી છે. તેમના અંતિમદર્શનનું આયોજન કરવામાં આવ્યું છે. લેબનોનના આરોગ્ય મંત્રાલય અને સુરક્ષા સ્ત્રોતો અનુસાર, આ હુમલા બાલબેક વિસ્તારમાં હિઝબુલ્લાહના કમાન્ડ સેન્ટર્સ પર કરવામાં આવ્યા હતા. ઈઝરાયેલી આર્મીએ જણાવ્યું છે કે આ સ્ટ્રાઇક્સ હિઝબુલ્લાહના કમાન્ડ સેન્ટર્સને નિશાન બનાવવા માટે કરવામાં આવી હતી, જે ૨૦૨૪ના સમજૂતીનું

(અનુ. આઠમા પાને)



# ફળકથન — સાપ્તાહિક રાશિ ભવિષ્ય

પં.ડો. હિતેષ એ. મોઢા
મો.૯૮૭૯૪૯૯૩૦૭

### મેષ — અ,લ,ઈ

રાજકીય તથા જાહેર ક્ષેત્રની વ્યક્તિ, સેલેબલ વ્યક્તિ માટે આ સપ્તાહ પ્રતિકૂળ નીવડશે. એનિમલ ફોડર(પશુ આહાર) તેમજ શાકભાજી, પેકીંગ ફૂડ, કેનિંગ ફૂડ તથા ફાસ્ટ ફૂડ સંબંધિત કૃષિ -ધંધા વ્યવસાયના જાતક માટે આ સપ્તાહ હળવું લાભદાયક નીવડશે તેવી પૂર્ણ સંભાવના. દરેક કદના, ઔદ્યોગિક એકમના જાતક માટે આ સપ્તાહ અણધાર્યા મોટો લાભ થવાની સંભાવના મધ્યમ કદના વ્યાપાર વણિજ તથા સર્વિસ બિઝનેસ ધરાવતા જાતક માટે આ સપ્તાહ હળવું હળવું લાભકારક નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તેમજ ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ હળવું લાભકારક નીવડશે. પરિવાર સાથે સુમેળની સંભાવના. મહિલા-કર્મી, ગૃહિણી, નિવૃત્ત તથા વિદ્યાર્થી માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. ૨૮ ફેબ્રુઆરી સાધારણ જણાશે. (પન્નોતિનો ઉપાય, ન્યાયિક માર્ગ)

### વૃષભ — બ,વ,ઉ

ઉચ્ચસ્થ શનિ વાળા જાતક માટે આ સપ્તાહ અત્યાધિક લાભદાયક નીવડે તેવી પૂર્ણ સંભાવના. પ્રવાહી જવલનશીલ પદાર્થ સંબંધિત ઔદ્યોગિક એકમ તેમજ વ્યાપારી એકમના જાતક માટે આ સપ્તાહ પણ અત્યાધિક લાભદાયક નીવડશે. ઔદ્યોગિક એકમના જાતક તથા વ્યાપાર-વણિજના એકમના જાતક માટે આ સપ્તાહ હળવું સાનુકૂળ નીવડશે. નાના વ્યાપાર વણિજ તથા છૂટક વ્યાપાર કે ફેરી કરતા જાતક માટે આ સપ્તાહ હળવું લાભદાયી નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તથા ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ પણ સાનુકૂળ રહેશે. નાની અમથી બાબતમાં સગા તથા સ્નેહીજન વચ્ચે હળવો ખટારાગ થવાના સંયોગ. વિદ્યાર્થી, ગૃહિણીઓ મહિલા-કર્મીઓ, તથા નિવૃત્ત માટે આ સપ્તાહ સાનુકૂળ રહેશે. ૨૪ ફેબ્રુઆરી મધ્યમ રહેશે.

### મિથુન — ક,છ,ઘ

આ સપ્તાહ દરમિયાન ઉદ્યોગ, ધંધા વ્યવસાયના જાતકને બહુ મોટા મોટા લાભ મળશે તેવી પૂર્ણ સંભાવના. તમામ પ્રકારના કન્સલ્ટિંગ ફર્મ ના જાતક તેમજ તમામ પ્રકારના વૈધ સર્વિસ બિઝનેસ માટે આ સપ્તાહ અર્ધ લાભદાયક અથવા મધ્યમ નીવડશે. કેમિકલ્સ તેમજ ફાર્મા કેમિકલ્સના જાતક માટે આ સપ્તાહ આંશિક લાભદાયક નીવડશે. આ સિવાયના, અન્ય ઉદ્યોગ- વ્યાપાર- વણિજ એકમના જાતક માટે આ સપ્તાહ સાનુકૂળ એવમ હળવું લાભદાયક જણાશે. નાના તથા છૂટક, ફેરી કરતા વ્યાપારી માટે આ સપ્તાહ બહુ લાભકારી નીવડશે. સરકારી ક્ષેત્ર ના કર્મચારી તેમજ ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ લાભદાયક નીવડશે. નિવૃત્ત, ગૃહિણી માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. કેવળ, ૨૭ ફેબ્રુઆરી સાનુકૂળ નીવડશે.

### કર્ક — ડ,હ

આ સપ્તાહ દરમિયાન આવેગ અને ઉતાવળ પર નિયંત્રણ રાખવું. પેટ્રોલિયમ ઉત્પાદ એવમ અન્ય પ્રવાહી જવલનશીલ પદાર્થના ઔદ્યોગિક એકમના જાતક તથા વાણિજ્યક એકમના જાતક માટે આ સપ્તાહ અત્યાધિક લાભદાયક નીવડશે તેવી પૂર્ણ સંભાવના. આ સપ્તાહ આકસ્મિક લાભ આપશે તેવા સંયોગ. આ સિવાય, અન્ય ઔદ્યોગિક એકમ તથા વાણિજયના એકમના જાતક માટે સાનુકૂળ તથા લાભદાયી સપ્તાહ. ધંધા ઉદ્યોગમાં નવી નવી તક મળવાની સંભાવના. સરકારી કર્મચારી ક્ષેત્રના તથા ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ પણ હળવું લાભકારી જણાશે, સાથે પ્રમોશન મળવાની સંભાવના. સગા સ્નેહી તથા મિત્ર સાથે સુમેળ પ્રગાઢ થશે. નિવૃત્ત, વિદ્યાર્થી, મહિલા કર્મી તથા ગૃહિણી માટે આ સપ્તાહ પણ લાભદાયી રહેશે. ૨૫ ફેબ્રુઆરી મધ્યમ જણાશે.

### સિંહ — મ,ટ

જાહેર ક્ષેત્ર સાથે સંકળાયેલા જાતક એવમ સ્ટાર સેલેબલ પર્શન માટે આ સપ્તાહ સરેરાશ અથવા પ્રતિકુળ નીવડશે. વાણી-બોલીથી નજીકના સંબંધ બગડી જતા વાર નહીં લાગે, આથી વિશેષ સંભાળ રાખવી. નાના ઔદ્યોગિક એકમ વાળા જાતક માટે આ સપ્તાહ દરમિયાન અનેક નવી તક મળશે, સાથે આ સપ્તાહ બહુ લાભકારી જણાશે. જથ્થાબંધ ગ્રેઈન ગ્રોસરીના વ્યાપારી માટે આ સપ્તાહ લાભદાયક રહેશે. અન્ય, વ્યાપાર વણિજ તથા વ્યવસાય જોડે સંકળાયેલ જાતક માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. સખત પરિશ્રમી ધંધા વ્યાપારના જાતક માટે આ સપ્તાહ હળવું લાભદાયી રહેશે. સરકારી ક્ષેત્રના કર્મચારી માટે એવમ ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. ગૃહિણી તથા મહિલા કર્મી માટે આ સપ્તાહ સાનુકૂળ રહેશે. ૨૭ ફેબ્રુઆરી મધ્યમ રહેશે.

### કન્યા — પ,ઠ,ણ

આ સપ્તાહે, વાણી-બોલી પર સંયમ વિવેક રાખવો, અન્યથા, કામ બગડી જવાની સંભાવના. પોલીમર્સ, પોલિસ્ટર અને તેને રીલેટેડ પ્લાસ્ટિક, સ્પોંજ તથા ફોર્મ જેવા તમામ ઉત્પાદના વ્યાપારી એકમના જાતક તથા ઔદ્યોગિક એકમનાં જાતક માટે આ સપ્તાહ અત્યાધિક લાભદાયક નીવડે તેવી પૂર્ણ સંભાવના. આ સિવાયના, અન્ય, ઔદ્યોગિક એકમના જાતક માટે સરેરાશ સપ્તાહ રહેશે. જથ્થાબંધ વ્યાપારી માટે આ સપ્તાહ સાનુકૂળ રહેશે. છૂટક, પરિશ્રમ વાળા તથા ફેરી વેપારના જાતક માટે આ સપ્તાહ હળવું લાભકારી નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ પણ પ્રતિકૂળ રહેશે. ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે મહિલા કર્મી, નિવૃત્ત તથા ગૃહિણી, વિદ્યાર્થી માટે આ સપ્તાહ પણ સાનુકૂળ રહેશે. ૨૬ ફેબ્રુઆરી સામાન્ય રહેશે.

### તુલા — ર,ત

જાહેર ક્ષેત્રની વ્યક્તિઓ તથા સેલેબલ પર્શન્સ માટે આ સપ્તાહ અત્યાધિક લાભકર્તા નીવડશે, તેનો પ્રભાવ બહુ લાંબા સમય સુધી જણાશે. તમામ પ્રકારના સર્વિસ બિઝનેસના જાતક માટે આ સપ્તાહ બહુ લાભકારી નીવડશે. ફાર્મા કેમિકલ્સ એકમના જાતક તથા આયુર્વેદ ઉત્પાદ/ ફાર્મસી તથા હર્બલ ફાર્માસ્યુટીકલ્સ એકમના જાતક માટે આ સપ્તાહ હળવું લાભકારી નીવડશે. આ સિવાયના, અન્ય, તમામ કદના ઔદ્યોગિક એકમના જાતક તથા વ્યાપારી એકમના જાતક માટે આ સપ્તાહ હળવું લાભદાયી જણાશે. નાના વ્યાપારી માટે આ સપ્તાહ બહુ લાભદાયક જણાશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તથા ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ સાનુકૂળ જણાશે. મહિલા કર્મી, નિવૃત્ત, ગૃહિણી તથા વિદ્યાર્થી માટે આ સપ્તાહ સાનુકૂળ રહેશે. ૨૪ ફેબ્રુઆરી સાધારણ નીવડશે

### વૃશ્ચિક — ન,ય

તમામ કદ, પ્રકારના સર્વિસ બિઝનેસના જાતક માટે આ સપ્તાહ બહુ ભાગદોડ વાળું એવમ હળવું પ્રતિકૂળ અથવા મધ્યમ નીવડે તેવી પૂર્ણ સંભાવના. ફેબ્રીક ક્ષેત્રે, પોલી ક્લોથ્સ તથા રેડીમેડ ગારમેન્ટ એવમ ફેશન એસેસરીઝ સંબંધિત ઔદ્યોગિક એકમના જાતક એવમ વ્યાપારી એકમના જાતક માટે આ સપ્તાહ મધ્યમ અથવા પ્રતિકૂળ નીવડે તેવી શક્યતા. મશીનરી સમેત મોટા ઉદ્યોગ- વ્યાપાર- વાણિજ્ય ક્ષેત્રના જાતક માટે આ સપ્તાહ લાભદાયક જણાશે. આ સિવાયના અન્ય વ્યાપારી જાતક માટે આ સપ્તાહ સરેરાશ જણાશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તથા ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે સાનુકૂળ સપ્તાહ. મિત્ર તરફથી સહકાર મળે તેવી શક્યતા. વિદ્યાર્થી, મહિલા કર્મી તથા ગૃહિણી માટે આ સપ્તાહ લાભકારી રહેશે. ૨૭ ફેબ્રુઆરી અર્ધ-સામાન્ય નીવડશે.

### ધન — ભ,ફ,ધ,ઢ

આ સપ્તાહે જેટલી આવક થશે તેટલી જ જાવક રહેવાની, આથી સમજી વિચારીને ખર્ચા કરવા. મેનેજમેન્ટ/ફાઈનાન્સ રીલેટેડ કન્સલ્ટીંગ ફર્મસનાં જાતક માટે આ સપ્તાહ ભાગ દોડ વાળું એવમ હળવુ પ્રતિકૂળ નીવડશે. ખાદ્ય તેલ તેમજ પ્રવાહી જ્વલનશીલ પદાર્થ તથા કોલસા સંબંધિત ઔદ્યોગિક એકમ તેમજ વ્યાપારી એકમના જાતક માટે આ સપ્તાહ લાભદાયી રહેશે. જથ્થાબંધ વ્યાપારી માટે આ સપ્તાહ મધ્યમ રહેશે. અન્ય ઔદ્યોગિક એકમનાં જાતક તેમજ વ્યાપારી એકમનાં જાતક માટે આ સપ્તાહ સાનુકુળ નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તેમજ તથા ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ પણ સાનુકૂળ રહેશે. વિદ્યાર્થી, નિવૃત્ત તથા ગૃહિણી, મહિલા-કર્મી માટે આ સપ્તાહ હળવું હળવું લાભદાયક રહેશે. ૨૭ તથા ૨૮ ફેબ્રુઆરી સરેરાશ જણાશે.

### મકર — ખ,જ

પેટ્રોકેમિક્લ્સ સમેત પેટ્રોલિયમ ઉત્પાદ તેમજ ઈલેક્ટ્રીસીટી સંબંધિત ઉત્પાદના ઔદ્યોગિક તથા વાણિજ્યક એકમ ના જાતક માટે લાભદાયક એવમ દોડધામ વાળું સપ્તાહ રહેશે. ધંધા વ્યવસાયના અધુરા તથા પેન્ડીગ પડેલા કાર્ય પૂરા થઈ જવાના પૂર્ણ સંયોગ. અન્ય, ઔદ્યોગિક એકમ તેમજ વાણિજયના એકમનાં જાતક માટે આ સપ્તાહ અર્ધ લાભદાયી અથવા મધ્યમ રહેશે, ધંધા ઉદ્યોગમાં નવી નવી તકો આવવાની પણ સંભાવના. સરકારી કર્મચારી માટે આ સપ્તાહ હળવું પ્રતિકુળ નીવડશે. ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ આર્થિક લાભ સાથે બઢતીનાં સંયોગ વાળું સપ્તાહ રહેશે. સગા તથા મિત્રો સાથે હળવો તણાવ જણાશે. મહિલા-કર્મીઓ, ગૃહિણી તથા નિવૃત્ત માટે આ સપ્તાહ હળવું લાભદાયી નીવડશે. કેવળ, ૨૪ ફેબ્રુઆરી મધ્યમ જણાશે.

### કુંભ — ગ,શ,ષ

નાનાં તેમજ કુટિર ઔદ્યોગિક એકમનાં જાતક માટે આ સપ્તાહ બહુ લાભદાયી નીવડશે. મોટા ઔદ્યોગિક એકમનાં જાતક માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. ધંધા ઉદ્યોગમાં વાયુ તત્વ સંબંધિત કોઈ ને કોઈ વિઘ્ન આવવાની સંભાવના. રસાયણ તેમજ સ્ટેશનરી સંબંધિત જથ્થાબંધ વેપારના જાતક માટે આ સપ્તાહ ચડાવ ઉતાર વાળું જણાશે. આ સિવાયના, અન્ય, વ્યાપારી એકમ જાતક માટે આ સપ્તાહ લાભકારક નીવડે તેવી પૂર્ણ સંભાવના. સર્વિસ બિઝનેસ ના જાતક માટે આ સપ્તાહ અર્ધ લાભકર્તા અથવા સામાન્ય રહેશે. શિક્ષકો તથા ખાનગી કર્મચારી તેમજ સરકારી કર્મચારી માટે આ સપ્તાહ મધ્યમ જણાશે. ઉચ્ચાભ્યાસ કરતા વિદ્યાર્થી, મહિલા કર્મીઓ, નિવૃત્ત તથા ગૃહિણી માટે આ સપ્તાહ લાભદાયક નીવડશે. ૨૪ ફેબ્રુઆરી સામાન્ય રહેશે. (પન્નોતિનો ઉપાય શ્રમદાન.)

### મીન — દ,ચ,ઝ,થ

રાજકીય ક્ષેત્રની વ્યક્તિ વિશેષ માટે આ સપ્તાહ લાભદાયક નીવડે તેવી પૂર્ણ શક્યતા. શૃંગાર અને ફેશન સંબંધિત ઉદ્યોગ-ધંધા વ્યવસાયના જાતક તેમજ પેકીંગ ફૂડ, કેનિંગ ફૂડ તથા ફાસ્ટ ફૂડ એકમનાં જાતક માટે આ સપ્તાહ હળવું મંદ કે સુસ્ત અથવા મધ્યમ રહેવાના સંયોગ. અન્ય, ઔદ્યોગિક ક્ષેત્રનાં જાતક માટે અણધાર્યા લાભ થવાની સંભાવના. વ્યાપાર એવમ સર્વિસ બિઝનેસ ધરાવતા જાતક માટે આ સપ્તાહ લાભકારી નીવડશે. સરકારી કર્મચારી માટે આ સપ્તાહ સરેરાશ જણાશે. ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ લાભદાયક રહેશે. પરિવાર સાથે સુમેળ અને સાથ સહકાર અકબંધ રહેશે. મહિલા-કર્મી, ગૃહિણી, નિવૃત્ત તથા ઉચ્ચાભ્યાસ કરતાં વિદ્યાર્થી માટે આ સપ્તાહ લાભકર્તા નીવડશે. કેવળ, ૨૭ ફેબ્રુઆરી અર્ધ સામન્ય નીવડશે. (પન્નોતિનો ઉપાય દાન + અભ્યંગ સ્નાન)

---

ભાષાની વિવિધતા, વિશ્વની સમૃદ્ધિ

# માતૃભાષાઃ ઓળખ, સંસ્કૃતિ અને ગૌરવનો સૂર આજે વિશ્વ માતૃભાષા દિવસ

## વિશ્વમાં સૌથી વધુ બોલાતી ૨૦ ભાષાઓમાં છ ભારતીય ભાષાનો સમાવેશઃ વિશ્વમાં હાલ ૬૫૦૦ થી વધુ ભાષા બોલાય છેઃ આપણી ગુજરાતી ભાષાનું સ્થાન ટોપ-૨૫ માં આવે છે

નોલેજ કોર્નર



ડો.અરૂણ દવે
મો.૯૮૨૫૦૭૮૦૦૦

જેમ દરેક પ્રાંતના પાણીનો સ્વાદ બદલાય તે રીતે જે તે પ્રાંતની ભાષા પણ બદલાય છે. આપણી ગુજરાતી કહેવત છે કે બાર ગાઉએ બોલી બદલાય છે. લોકો દ્વારા બોલાતી ભાષાને લોકભાષા કે માતૃભાષા કહેવાય છે. ભારતમાં તમામ ભાષાઓની સંખ્યા ૧૯ હજારથી વધુ જોવા મળે છે, કે ચલણમાં છે. વિવિધ શોધ અને સંશોધન બાદ નિયત માપદંડમાં આવતી ૧૩૬૯ ભાષાઓને ભારતમાં માતૃભાષાનો દરજજો અપાયો છે. બાકીની ૧૪૭૪ ભાષાને અન્ય માતૃભાષાઓના મથાળા હેઠળ આવરી લેવાય છે. વિશ્વમાં સૌથી વધુ બોલાતી ૨૦ ભાષા પૈકી છ ભાષા આપણી ભારતીય છે. આ દિવસની ઉજવણી થીમ ‘‘ભાષાઓ મહત્વપૂર્ણ છેઃ રજત જયંતિની ઉજવણી અને ટકાઉ વિકાસ માટે ભાષાઓને મહત્વપૂર્ણ બનાવો‘‘ છે આપણી હિન્દી ભાષા વિશ્વમાં સૌથી વધુ બોલાતી ભાષાના ત્રીજા ક્રમે છે. બંગાળી ભાષા પણ ટોપ-૧૦ માં આવે છે તો આપણી ગુજરાતી ભાષા પણ ટોપ-૨૫ માં સ્થાન ધરાવે છે. બાળકોને માતા દ્વારા મળેલી ભાષાને માતૃભાષા કહેવાય છે. માતૃભાષામાં જ પાયાથી તેને શિક્ષણ અપાય તો જ તેનો ઝડપી વિકાસ શકય બને છે.

અમુક માપદંડોમાં ખરી ઉતરતી ભાષાઓને શાસ્ત્રીય ભાષાનો દરજજો આપવાની સરકારી જાહેરાત મુજબ તમિલ(૨૦૦૪), સંસ્કૃત (૨૦૦૫), કન્નડ અને તેલુગુ (૨૦૦૮) નો સમાવેશ થયો છે.

ભારતની તમામ ભાષાના તલસ્પર્શી અભ્યાસ બાદ ૧૨૩ માતૃભાષાને બંધારણની આઠમી અનુસુચિમાં દર્શાવેલ ભાષા સાથે સાંકડી છે, દશ હજાર કે તેથી વધુ લોકો દ્વારા બોલાતી ૨૭૦ ભાષાઓની યાદી આપણાં દેશમાં તૈયાર છે. આપણાં દેશમાં સંસ્કૃત ભાષા બોલનારની સંખ્યા વધઘટ થયા કરે છે. આપણા દેશની ૪૦ થી વધુ ભાષા કે બોલી લુપ્ત થવાને આરે છે. હાલ દેશમાં ૨૨ શેડયુલ ભાષા ઉપરાંત ૩૧ ભાષાઓને વિવિધ રાજય સરકારો અને કેન્દ્ર શાસિત પ્રદેશોની સત્તાવાર ભાષા બની છે. યુનેસ્કો દ્વારા પણ આપણી ૧૨ ભાષાઓનો ઉલ્લેખ કર્યો છે જે લુપ્ત થવાના આરે છે.

### સૌથી વધુ બોલતી ભાષામાં આપણી હિન્દી ત્રીજા સ્થાન પર છેઃ બંગાળી ભાષા પણ ટોપ ટેનમાં સ્થાન ધરાવે છેઃ બાળકને માતા તરફથી મળેલી ભાષાને માતૃભાષા કહેવાય છે

આપણાં દેશની ભાષાઓ નદી જેવી છે જે આગળ વિસ્તારમાં જતા સહાયક ભાષાઓને તેની ઉપ ભાષા બનાવે છે.ભારતની વિવિધ ભાષાઓમાં અમુક શબ્દોમાં સામ્યતા જોવા મળતી હોવાથી આપણને પ્રશ્નય થાય કે આપણી ભાષા એક મૂળમાંથી આવે છે? આજથી લગભગ ૭૦ હજાર વર્ષ પહેલા માનવીના મગજના વિકાસવાદના પગલે ગતિ કરી, ત્યારે જ જ્ઞાનાત્મક ક્રાંતિની શરુઆત થઈ હતી. પ્રારંભે સંકેતો અને ઈશારાની ભાષા બાદ એને શબ્દોનું રૂપધારણ કર્યુ અને ધીમે ધીમે જે તે વિસ્તારની સમજ આવડત મુજબ એ જમાનામાં પોતાની ભાષા કે માતૃભાષા વિકસાવી હતી. દુનિયાની હાલની વસ્તી અંદાજે ૮૦૦ કરોડની છે જેમાં પાંચ હજારથી વધુ ભાષા ચલણમાં છે. આપણાં દેશની ૧૪૦ કરોડ વસ્તીમાં ૭૮૦ જેટલી ભાષાઓ ચલણમાં છે, આ આંકડો ૧૯૬૧ માં ૧૬૫૦ જેટલો હતો. દર વર્ષે ઘટાડો થતા અને ભાષા લુપ્ત થતી જાય છે. આમને આમ ચાલતું રહેશે તો ઘણી ભાષા લુપ્ત થઈ જશે. ભારતીય ભાષાને તેના મૂળ પ્રમાણે ચાર ભાગમાં વર્ગીકૃત




કરી શકાય છે. ઈન્ડો-આર્યન ભાષા, દ્રવિડિયન ભાષા, એસ્ટ્રો એશિયાટીક ભાષા અને તિબેટો બર્મન ભાષાના જુથમાં વહેચાયેલી છે. ઘરમાં બોલાતી ભાષા એ જ માતૃભાષા અને તેમાં જ અપાતું શિક્ષણ જ શ્રેષ્ઠ માધ્યમ છે. માતૃભાષામાં બાળક જ્ઞાનને ઝડપથી ઝીલે છે. રાષ્ટ્રીય શિક્ષણ, નીતી ૨૦૨૦માં એટલે જ પ્રાથમિક અને પાયાનું શિક્ષણ માતૃભાષામાં જ આપવાનું ફરજીયાત કર્યુ છે. મનોવિજ્ઞાન પણ કહે છે કે ઘર અને શાળાની ભાષા જુદી પડે ત્યારે બાળક મુંઝાય છે, માતૃભાષા એટલે હૃદયની ભાષા. ભાષાકિય અને સાંસ્કૃતિક વિવિધતા પ્રત્યે જાગૃતિ લાવવા આજનો માતૃભાષા દિવસ વૈશ્વિક સ્તરે વર્ષ ૨૦૦૦થી ઉજવાય છે. જેનો વિચાર ૧૯૯૯માં યુનેસ્કોને આવ્યો જેના પગલે ૨૦૦૮ માં માતૃભાષાનું આંતરરાષ્ટ્રીય વર્ષની ઉજવણી કરી હતી. ૨૦૦૯થી દર વર્ષે આજે આ દિવસની ઉજવણી થાય છે. આ વર્ષની થીમ ‘બહુભાષી ’શિક્ષણ માટે ટેકનોલોજીનો ઉપયોગ પડકાર અને તકો છે. આજની ૨૧મી સદીમાં ટેકનોલોજીના માધ્યમથી આપણે ઘણી ભાષા શીખી શકવાની તક મળી છે. આજે ઈન્ટરનેટ, મોબાઈલ, વિવિધ એપ્લીકેશનમાં ભાષા પસંદગીની તક અપાય છે. ભાષા જ આપણાં મૂર્ત અને અમૂર્ત વારસાને સાચવવા જાળવવા અને તેના વિકાસ માટેનું સૌથી શકિતશાળી સાધન છે. ૧૯૫૨માં બંગાળી ભાષા ચળવળ અને ૧૯૯૫માં બાંગ્લાદેશમાં પ્રથમ વખત ભાષા ચળવળ દિવસ મનાવવામાં આવ્યો હતો. દર બે ત્રણ અઠવાડીયે એક ભાષા અદ્રશ્ય કે લુપ્ત થાય છે. તમામ ભાષાની ઉજવણી અને રક્ષણ કરવાનો આજનો દિવસ છે. આપણી ગુજરાત ભાષાની પણ એક અલગ મજા છે. આપણને સપના અને વિચારો આપણી ભાષામાં જ આવે છે. આપણી ભાષાનું આપણને ગૌરવ હોવું જોઈએ. જેટલા ગર્વથી અંગ્રેજી બોલો એટલા જ ગર્વથી ગુજરાતી બોલો માતૃભાષામાં જ શિક્ષણ બાદ ફિલ્ડમાં આગળ વધવા અંગ્રેજીનો ઉપયોગ આવતો હોવાથી સપોર્ટીંગ ભાષા તરીકે આજના યુગમાં શીખવી જરુરી છે. માતૃભાષા- હિન્દી અને અંગ્રેજીના સ્ટેપમાં જ આગળ વધવાથી જ સંર્વાગી વિકાસ શકય બને છે. આજના મા-બાપોની ઘેલછાને કારણે નાનપણ થી જ અંગ્રેજી માધ્યમને કારણે તે બાળક માતૃભાષામાં વાંચી નથી શકતો અને આગળ જતાં ‘ન ઘરનો ન ઘાટનો’ જેવી સ્થિતિ થાય છે. આજે વિશ્વના ખુણે ખુણે ગુજરાતી વસે છે ત્યારે તે તમામ દેશોના ઘણા લોકોને પણ ગુજરાતી કે હિન્દી આવડી ગયું છે. આપણી ભાષા કે બોલી ઘણી મીઠી હોવાથી અન્યો તેના તરફ આકર્ષાય છે.

### આજના ડિજિટલ યુગમાં ૧૦૦થી વધુ ભાષાનો ઉપયોગ

આજે ઈન્ટરનેટ, મોબાઈલ, ગુગલ, એપ્લીકેશન વિગેરેમાં ૧૦૦ થી વધુ ભાષાઓનો ઉપયોગ થઈ રહ્યો છે. આપણી ગુજરાતી ભાષા પણ તેમાં સમાવેશ છે. અંગ્રેજીમાં ગુજરાતી લખોને લખાય જાય તેવી વિવિધ એપમાં પણ આપણી હિન્દી -ગુજરાતીનો સમાવેશ થાય છે. આજના બાળકો ટીવી જોઈને આપણી રાષ્ટ્રભાષા હિન્દી શીખવા લાગ્યા છે. તો મોબાઈલના ઉપયોગને કારણે તેને અંગ્રેજીનો મહાવરો વધવા લાગ્યો છે. આપણે પણ જયાં જરૂર પડે ત્યાં હિન્દી કે અંગ્રેજીના નાના વાકયો બોલીને ગાડુ ગબડાવી દઈએ છીએ. ઘરમાં બોલાતી ભાષા હોય તે જ આપણી માતૃભાષા કહેવાય છે અને તે હૃદયની ભાષા હોવાથી આપણને તમામ વાત સમજાય જાય છે. વૈશ્વિક લેવલે પણ અત્યારે આપણી હિન્દી બંગાળી ગુજરાતી ભાષાનું મહત્વ વધી રહ્યું છે.

---

## અબતક પંચાગ

### તા. ૨૨-૨ -૨૦૨૬ રવિવાર

**વિક્રમ સંવત** ૨૦૮૨ **શાલીવાહન શકિ**: ૧૯૪૭
**ખ્રિસ્તી સંવત** ૨૦૨૬
**તિથી** મહા શુદ પાંચમ
**નક્ષત્ર** અશ્વીની
**યોગ** શુકલ **કરણઃ** કૌલવ
**સુર્યોદય** ૭.૧૫ **સુર્યાસ્તઃ** ૬.૪૬
**ચંદ્ર રાશી** મેષ
**રાશિ અક્ષર** અ.લ.ઈ
**દિશાશૂળ** પશ્ચિમ દિશા તરફ
**રાહુકાળ** સાંજે ૪.૩૦ થી ૬
**દિવસનાચોઘડીયા** ઉદવેગ,ચલ,લાભ,અમૃત,કાળ,શુભ,રોગ,ઉદવેગ
**રાત્રીનાચોઘડીયા** શુભ,અમૃત,ચલ,રોગ,કાળ,લાભ,ઉદવેગ,શુભ
**અભિજીત મુહૂર્ત** બપોરે ૧૨.૩૮ થી ૧.૨૪

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

---

## સૂડોકુ -૬૫

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૭ | | ૪ | | | | | ૩ |
| | | ૬ | ૧ | | | | | ૮ |
| | | | | ૩ | | ૫ | | |
| ૩ | ૫ | | | | | | ૪ | ૬ |
| | ૯ | | | ૭ | | | | ૫ |
| | | ૨ | ૬ | | | | ૭ | |
| | | | | ૪ | | | | |
| ૯ | | ૩ | | | ૬ | | ૫ | ૪ |
| | | | ૭ | | ૩ | ૧ | | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોકસમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

### સૂડોકુ-૬૪ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | ૬ | ૩ | ૯ | ૨ | ૫ | ૪ | ૧ | ૭ |
| ૪ | ૧ | ૨ | ૬ | ૮ | ૭ | ૯ | ૩ | ૫ |
| ૫ | ૭ | ૯ | ૧ | ૩ | ૪ | ૬ | ૨ | ૮ |
| ૩ | ૫ | ૧ | ૨ | ૯ | ૬ | ૮ | ૭ | ૪ |
| ૨ | ૯ | ૬ | ૭ | ૪ | ૮ | ૩ | ૫ | ૧ |
| ૭ | ૪ | ૮ | ૩ | ૫ | ૧ | ૨ | ૬ | ૯ |
| ૧ | ૩ | ૭ | ૮ | ૬ | ૯ | ૫ | ૪ | ૨ |
| ૬ | ૮ | ૫ | ૪ | ૧ | ૨ | ૭ | ૯ | ૩ |
| ૯ | ૨ | ૪ | ૫ | ૭ | ૩ | ૧ | ૮ | ૬ |

---

## કાર્યક્રમોની યાદી — અબ તક CHANNEL

**તારીખ ૨૧-૦૨-૨૦૨૬ શનિવાર**
૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (જય માતાજી લેટ્સ રોક)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (કાજલ ઓઝા)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (માં કી દાલ)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદઃ આજે નહીં તો ક્યારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો.ધવલ મકવાણા)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (ચૂપ રહો ખુશ રહો)
૦૭:૦૦ થી ૦૭:૩૦ સ્ટેન્ડપ કોમેડી
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૨૨-૦૨-૨૦૨૬ રવિવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ ભાગવત કથા (પુ.દિપાલી દીદી)
૧૦:૦૦ થી ૧૦:૩૦ સાપ્તાહિક રાશિ ભવિષ્ય (શાસ્ત્રી, રાકેશ મહારાજજી વ્યાસ)
૧૦:૩૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (ફક્ત પુરુષો માટે)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (પારસ પાંધી)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (નઝાકત એ લૌકી)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદઃ આજે નહીં તો કયારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો.જય જોશી)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૩૦ ગુજરાતી નાટક (મારી વાઈફ મેરી કોમ)
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૨૩-૦૨-૨૦૨૬ સોમવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ ભાગવત કથા (પુ.દિપાલી દીદી)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

---

## આવતીકાલનું રાશિફળ

### તા.૨૨.૨.૨૦૨૬, રવિવાર, સંવંત ૨૦૮૨, ફાગણ સુદ પાંચમ, અશ્વિની નક્ષત્ર, શુક્લ યોગ, બાલવ કરણ આજે જન્મેલાંની ચંદ્ર રાશિ મેષ (અ,લ,ઈ) રહેશે



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

**મેષ (અ,લ,ઈ)** : તમારા વ્યકિતત્વનો વિકાસ થાય,આગળ વધવાની તક મળે,કેટલીક સુંદર પ્રતિભા તમે કેળવી શકો.

**વૃષભ (બ,વ,ઉ)** : આવક જાવક નો હિસાબ રાખવો પડે, ખર્ચ પર અંકુશ રાખવો, થોડું ગણતરીપૂર્વક ચાલવું પડશે.

**મિથુન (ક,છ,ઘ)** : સગા સ્નેહી મિત્રોથી સારું રહે,યાર દોસ્તની સહાય મળી રહે, કાર્ય પૂર્ણ થાય, પ્રગતિકારક દીવસ રહે.

**કર્ક (ડ,હ)** : નોકરિયાતવર્ગ ને સારું રહે,સ્ત્રી વર્ગ માટે ઉત્સાહજનક, વેપારીવર્ગને થોડી ઉઠાપટક રહેવા સંભવ છે.

**સિંહ (મ,ટ)** : ભાગ્યની દેવી રીઝતી જણાય,નવીન તક હાથ માં આવે, યોગ્ય સમયે યોગ્ય નિર્ણય કરવો જરૂરી બને છે.

**કન્યા (પ,ઠ,ણ)** : માનસિક વ્યગ્રતા જણાય,મન નું ધાર્યું ના થાય,દિવસ દરમિયાન મૂડ બદલાય કરે, સાંજ ખુશનુમા વીતે.

**તુલા (ર,ત)** : જાહેરજીવનમાં સારું રહે,યશ પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી શકો, તમારા અભિપ્રાયની ગણના થાય .

**વૃશ્ચિક (ન,ય)** : તબિયતની કાળજી લેવી, જીવનમાં નિયમિતતાની જરૂર છે, ખાવાપીવામાં કાળજી લેવી પડે.

**ધન (ધ,ભ,ફ,ઢ)**: પ્રણયમાર્ગે આગળ વધી શકો,પ્રિયપાત્ર થી મુલાકાત થાય,મનની વાત વ્યક્તિ કરી શકો.


**મકર (ખ,જ)** : તમામ ભૌતિક સુખ સગવડ પ્રાપ્ત થાય, વિચારોમાં હકારાત્મકતા આવે, દિવસ આનંદ માં વીતે.

**કુંભ (ગ,સ,શ )** : નવા કાર્યમાં આગળ વધી શકો, મિત્રોની મદદ મળી રહે, નવી પદ્ધતિથી કાર્ય કરી શકો.

**મીન (દ,ચ,ઝ,થ)** : તમે કરેલા કાર્યના સારા પરિણામ મેળવી શકો, દિવસ શુભ રહે, ભૂતકાળમાંથી પાઠ લેવો જરૂરી બને છે.

# શબ્દો નહીં, અમૃતની ધારા કવિ કાગની ૪૯મી પુણ્યતિથિએ લોકસાહિત્યના અમૂલ્ય ગ્રંથનું વિમોચન

## પૂ.મોરારિ બાપુના હસ્તે કાગબાપુના કાવ્યોની સંગીતમય રજૂઆત સાથે ૨૫ જેટલા સર્જકોને લોકસાહિત્ય એવોર્ડ એનાયત




**અબતક, રાજકોટ**

ગુજરાતી લોકસાહિત્યના શિરમોર પદ્મશ્રી દુલા ભાયા કાગના જીવનદર્શન પર આધારિત ગ્રંથ વાણી તો અમરત વદાંનું ૨૩ વર્ષ બાદ પુનઃવિમોચન થવા જઈ રહ્યું છે. રાજ્યના માહિતી ખાતા દ્વારા તૈયાર કરાયેલ આ નવી આવૃત્તિનું વિમોચન ૨૧મી ફેબ્રુઆરીએ અમરેલી જિલ્લાના કાગધામ મજાદર ખાતે, કવિ કાગની ૪૯મી પુણ્યતિથિ નિમિત્તે યોજાનારા કાગના ફળિયે કાગની વાતું કાર્યક્રમ દરમિયાન કરવામાં આવશે.

માહિતી ખાતા દ્વારા આ ગ્રંથનું પ્રથમ પ્રકાશન વર્ષ ૨૦૦૩માં કવિ કાગની જન્મશતાબ્દી નિમિત્તે કરવામાં આવ્યું હતું. હાલ ગ્રંથ અપ્રાપ્ય બનતા તેના સંપાદક અંબાદાન રોહડિયાના પ્રયત્નોથી નવી આવૃત્તિ તૈયાર કરવામાં આવી છે. નવાં સંસ્કરણમાં જૂના લેખો સાથે કેટલાક નવા અભ્યાસલેખોનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.

ગ્રંથને પાંચ ખંડોમાં વહેંચી કવિ કાગના વ્યક્તિત્વ અને વાંગ્મય, સંસ્કૃતિ અને સમાજ, પ્રાચીન-અર્વાચીન સમન્વય, કાગવાણીનું વિશેષ પરિપ્રેક્ષ્ય અને તેના બહુવિધ પરિમાણોને આવરી લેવામાં આવ્યા છે.

આ નવી આવૃત્તિમાં અદ્યતન ટેકનોલોજીનો સમન્વય કરવામાં




આવ્યો છે. પુસ્તકમાં સમાવાયેલા કોડને મોબાઈલથી સ્કેન કરવાથી કવિ કાગના કંઠે ગવાયેલી લોકરામાયણ, મહાભારત તથા અન્ય કૃતિઓના આકાશવાણી પ્રસંગો સાંભળી શકાશે.

કાર્યક્રમ દરમિયાન કાગબાપુના કાવ્યોની સંગીતમય રજૂઆત સાથે ૨૫ જેટલા સર્જકોને લોકસાહિત્ય એવોર્ડ એનાયત કરવામાં આવશે, જેનું વિતરણ પ્રખર રામાયણી મોરારી બાપુના હસ્તે કરવામાં આવશે.

આ દળદાર ગ્રંથ કવિ કાગના જીવનદર્શન અને સાહિત્યને નવી પેઢી સુધી પહોંચાડવા માટે મહત્વપૂર્ણ સાબિત થશે.

આ ગ્રંથનું પ્રથમ પ્રકાશન વર્ષ ૨૦૦૩માં કવિ કાગની જન્મશતાબ્દી નિમિત્તે થયું હતું. હાલ ગ્રંથ અપ્રાપ્ય બનતાં સંપાદક અંબાદાન રોહડિયાના પ્રયત્નોથી તેનું નવું સંસ્કરણ તૈયાર કરાયું છે. નવી આવૃત્તિમાં જૂના લેખો સાથે કેટલાક નવા સંશોધનાત્મક લેખોનો સમાવેશ કરવામાં આવ્યો છે. ગ્રંથમાં કવિ કાગના વ્યક્તિત્વ, વાઙ્મય, સંસ્કૃતિ-સમાજ, પ્રાચીન-અર્વાચીન સમન્વય અને કાગવાણીના વિવિધ પરિમાણોને પાંચ ખંડોમાં સમાવવામાં આવ્યા છે.

**ડિજિટલ અવતારમાં 'કાગવાણી' પુસ્તક હવે બોલશે! કોડ સ્કેન કરતા જ જીવંત થશે કવિ કાગનો અવાજ**

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ખાતે પશ્ચિમ ઝોન મહિલા હેન્ડબોલ સ્પર્ધાનો પ્રારંભ

## ૬૧થી વધુ ટીમોનો મહાસંગ્રામઃ એસોસિયન ઓફ ઈન્ડિયા યુનિવર્સિટી અંતર્ગત પ્રથમવાર ભવ્ય આયોજન

**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ખાતે પ્રથમવાર પશ્ચિમ ઝોન સ્તરની મહિલા હેન્ડબોલ સ્પર્ધા ૨૦૨૬નો ઐતિહાસિક પ્રારંભ થવા જઈ રહ્યો છે. સમગ્ર ગુજરાત માટે ગૌરવરૂપ બનેલું આ આયોજનએસોસિયન ઓફ ઈન્ડિયા યુનિવર્સિટી અંતર્ગત યોજાઈ રહ્યું છે.પશ્ચિમ ઝોનના પાંચ રાજ્યોમાંથી કુલ ૬૧થી વધુ ટીમો આ સ્પર્ધામાં ભાગ લઈ રહી છે, જેને કારણે સમગ્ર પરિસરમાં રમતોત્સવ જેવો માહોલ સર્જાયો છે. સ્પર્ધાનું ઉદઘાટન આજે સાંજે ૫૦૦ વાગ્યે સરદાર પટેલ સ્પોર્ટ કોમ્પ્લેક્સના ક્રિકેટ મેદાન ખાતે યોજાશે. તમામ મેચોનો પ્રારંભ કાલે સવારે ૮૦૦ વાગ્યેથી થશે.




ઉદઘાટન સમારંભમાં મુખ્ય અતિથિ તરીકે સાંસદ પરસોત્તમ રૂપાલા ઉપસ્થિત રહેશે. કાર્યક્રમમાં કુલપતિ ડૉ. ઉત્પલા જોશી, કુલસચિવ ડૉ. મનીષ ધરમેચા, શારીરિક શિક્ષણ નિયામક ડૉ. હરીશ રાબા તેમજ ભારતીય હેન્ડબોલ પ્રશિક્ષક સી.પી. સિંહ સહિત અનેક રમતગમત ક્ષેત્રના નિષ્ણાતો અને અધિકારીઓ ઉપસ્થિત રહેશે.

આ સ્પર્ધા મહિલા ખેલાડીઓને પ્રતિસ્પર્ધાત્મક મંચ પૂરો પાડશે તેમજ યુવા ખેલાડીઓમાં આત્મવિશ્વાસ, રમત પ્રત્યે પ્રતિબદ્ધતા અને મહિલા રમતગમતના વિકાસને પ્રોત્સાહન આપશે.

સહિત સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના બોર્ડ ઓફ સ્પોર્ટ્સના સભ્યો, સમગ્ર ગુજરાતના શારીરિક શિક્ષણ નિયામકો, રમતગમત ક્ષેત્રના તજજ્ઞશ્રીઓ અને જિલ્લા રમતગમત અધિકારીઓ ઉપસ્થિત રહેશે.આ ટુર્નામેન્ટ યુવા ખેલાડીઓમાં સ્પર્ધાત્મક ભાવના, રમત પ્રત્યેની પ્રતિબદ્ધતા અને મહિલા ખેલકૂદના વિકાસ માટે એક મહત્વપૂર્ણ મંચ સાબિત થશે.

# લોહાણા મહાજન પ્રમુખ-બિલ્ડર રાજુભાઈ પોબારૂનો આજે જન્મદિવસ

રાજકોટ લોહાણા મહાજન ટ્રસ્ટના પ્રમુખ અને જાણીતા બિલ્ડર અને ડેવલપર રાજેન્દ્રભાઈ પ્રભુઘસભાઈ પોબારૂનો આજે તા.૨૧ ફેબ્રુઆરીના રોજ જન્મદિવસ છે. આજે સફળ જીવનના ૬૦ વર્ષ પૂર્ણ કરી ૬૧મા વર્ષમાં મંગલ પ્રવેશ કર્યો છે. આજે તેમના જન્મદિવસ નિમિતે સવારે ૧૦થી સાંજે સાત વાગ્યા સુધી મેગા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરાયું છે, જેમાં એકત્રિત થનાર બ્લડ થેલેસેમિયાના દર્દીઓ માટે અર્પણ કરાશે. આજે બર્થ ડે અને આવતીકાલે તેમની ૩૭મી વેડિંગ એનિવર્સરી હોય પરિવારમાં અનેરી ખુશીનો માહોલ સર્જાયો છે. રાજકોટ શહેરમાં છેલ્લા બે ધયકામાં અનેક સફળ પ્રોજેક્ટ્સ આપી બિલ્ડર અને ડેવલપર તરીકે આગવી નામના મેળવી છે. અગાઉ વર્ષો સુધી રાજકોટ કોમોડિટી એક્સચેન્જમાં પ્રેસિડેન્ટ તેમજ રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના વાઈસ પ્રેસિડેન્ટ તરીકે સેવા આપી ચુક્યા છે.



જ્યારે હાલ રાજકોટ બિલ્ડર્સ એસોસિએશનમાં મેમ્બર તરીકે સક્રિય છે. તદઉપરાંત રાજકોટ શહેરના કાઠિયાવાડ નિરાશ્રિત બાલાશ્રમ ટ્રસ્ટના વાઈસ પ્રેસિડેન્ટ, પૂ.રણછોડઘસબાપુના સદગુરૂ સદન આશ્રમ ટ્રસ્ટના ટ્રસ્ટી, રતનપર રામજી મંદિર ટ્રસ્ટના ટ્રસ્ટી સહિતની અનેક સંસ્થાઓમાં માનદ ટ્રસ્ટી તરીકે સેવા આપી રહ્યા છે. જનકલ્યાણ કો- ઓપરેટિવ હાઉસિંગ સોસાયટીના પ્રમુખ છે. મોરના ઈંડા ચિતરવા ન પડે તે ગુજરાતી કહેવતને સાર્થક કરતા તેમના સુપુત્ર દિશીતએ બિલ્ડર તરીકે વ્યવસાયિક કારકિર્દીનો પ્રારંભકર્યો છે અને ક્રેડાઈની યુથ વિંગમાં સ્થાન મેળવ્યું છે. રાજુભાઈ પોબારૂ જીવનના આગામી વર્ષોમાં અપાર સફળતા અને લોકચાહના હાંસલ કરે તેમજ સિધ્ધિ, પ્રસિધ્ધી અને પ્રગતિના નવા સોપાનો સર કરે સામાજિક રાજકીયઓ અગ્રણી દ્વારા તેમના જન્મદિવસે મોબાઈલ નંબર ૯૮૨૪૦ ૪૦૫૫૯ ઉપરશુભેચ્છા વર્ષા થઈ રહી છે.

# નિધિ સ્કુલના વિદ્યાર્થીઓએ બાલાજી વેફર્સની મુલાકાત કરી ઔદ્યોગીક ક્ષેત્રની માહિતી

## બાલાજી વેફર્સના ચંદુભાઈ વિરાણી દ્વારા સમગ્ર પ્લાન્ટનું નિદર્શન કરાવ્યું



**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરમાં આવેલ નિધિ સ્કૂલ દ્વારા વિદ્યાર્થીઓને દરેક ક્ષેત્રની પ્રેક્ટીકલ માહિતી મળે અને પ્રત્યક્ષ નિદર્શન દ્વારા શિક્ષણ મેળવી શકે તેના લીધે વિદ્યાર્થીઓને ઔદ્યોગિક ક્ષેત્રની માહિતી મળે અને તેનાથી માહિતગાર થાય તેના અર્થે બાલાજી વેફર્સ ની મુલાકાત લેવામાં આવેલ હતી, બાલાજી વેફર્સના ચંદુભાઈ વિરાણી દ્વારા સમગ્ર પ્લાન્ટનું નિદર્શન કરાવવામાં આવેલ, તેમજ તે અંગેની માહિતી પૂરી પાડવામાં આવેલ હતી, તેમજ બાલાજી વેફર્સના સ્થાપનાથી અત્યાર સુધીની સંઘર્ષ યાત્રા વિશે વિદ્યાર્થીઓ દ્વારા માહિતી મેળવવામાં આવેલ હતી, આ મુલાકાતમાં નિધિ સ્કૂલના ટ્રસ્ટી હર્ષદબા ચુડાસમા, પ્રિન્સિપાલ બીના ગોહેલ, જાનકી નકુમ, હર્ષદ રાઠોડ તેમજ સ્કૂલના શિક્ષક ગણ અસ્મિતા ડાભી, રિદ્ધિબા ગોહિલ, વિધિ વાઘેલા પૂર્વા ગોહેલ આ મુલાકાતમાં વિદ્યાર્થીઓ સાથે જોડાયા હતા.

# દિગમ્બર મુનિચર્યા અને આચાર્ય સુનિલસાગરજી મહારાજ સંઘનો રાજકોટમાં મંગળવારે પ્રવેશ

## સિદ્ધચક્ર મહામંડલ વિધાન વિધિવત આરાના ગુરુદેવના મંગલ પ્રવચનો

આચાર્ય સુનિલસાગરજી મહારાજસંઘ રાજકોટમાંપ્રવેશ અબતક પર લાઈવ નિહાળો
અબ તક CHANNEL
ઈન કેબલ ૫૬૧ | ડેન નેટવર્ક ૫૭૩ | રિયલ જીટીપીએલ-સુરત ૩૫૦ | સહયોગ નેટવર્ક ૧૦૫
YouTube Live f LIVE @abtakmedia
દિગંબર મુનિચર્યા અને આચાર્ય સુનિલસાગરજી મહારાજસંઘ રાજકોટમાં પ્રવેશ અબતક પર લાઈવ નિહાળો મંગળવારે



**અબતક, રાજકોટ**

રાજકોટ શહેર માટે અતિ આનંદ અને ગૌરવનો પ્રસંગ છે કે સુનિલ સાગર જી મહારાજ સસંઘનો ૨૪-૨-૨૦૨૬ ને મંગળવારે પાવન મંગલ પ્રવેશ ખૂબ જલદી રાજકોટ શહેરમાં થવાનો છે. સમગ્ર દિગંબર જૈન સમાજ તથા ધર્મપ્રેમી ભક્તજ નો માં આ અવસર ને લઈ ભારે ઉત્સાહ અને આધ્યાત્મિક ઉલ્લાસ જોવા મળી રહ્યો છેમ

દિગંબર જૈન મુનિઓની કઠોર તપોમય ચર્યા મુજબ તેઓ કોઈપણ પ્રકારના વાહનનો ઉપયોગ કરતા નથી. તેઓ સંપૂર્ણ નિર્ગ્રંથ વ્રતનું પાલન કરતાં નંગા પગે પદવિહાર કરે છે. દર રોજ અંદાજે ૨૦ થી ૨૨ કિલોમીટર સુધી પગપાળા વિહાર કરીને તેઓ ગામે-ગામે અને શહેરે-શહેરે ધર્મપ્રભાવના, સંયમ અને અહિંસાનો સંદેશ પ્રસારે છે. આ દિગંબર પરંપરાનું મહાન વ્રત અને ત્યાગમય જીવનનું અનન્ય અને જીવંત ઉદાહરણ છેમ

આચાર્ય શ્રી અત્યાર સુધી સમગ્ર ભારતમાં એક લાખ કિલોમીટરથી વધુ પદવિહાર કરી ચૂક્યા છે. તેમનો અખંડ તપ, અવિરત સાધના, અપરિગ્રહ અને સંયમમય જીવન સમાજ માટે પ્રેરણાસ્ત્રોત સમાન છે. હજારો શ્રદ્ધાળુઓ તેમના પ્રવચનો દ્વારા આધ્યાત્મિક માર્ગ પર પ્રેરિત થઈ

(અનુ. આઠમા પાને)

# અનુબંધ ફાઉન્ડેશન દ્વારા સિનિયર સિટીઝન માટે પસંદગી મેળો યોજાયો



ઢળતી ઉંમરે એકલતા દૂર કરવા એકબીજાનો પ્રેમ અને હૂંફ મેળવવા, પાનખરમાં વસંત લાવવાના આયોજનમાં મોટી સંખ્યામાં લગ્ન ઈચ્છુક જોડાયા હતા.

સમગ્ર આયોજનમાં ચેરમેન નટુભાઈ પટેલે 'અબતક' સાથેની વાતચિતમાં જણાવેલ કે અત્યાર સુધીમાં અમારા આ પ્રયાસથી ૨૫૦થી વધુ ભાઈ-બહેનો લગ્નગ્રંથીથી જોડાયા છે.



**અબતક, રાજકોટ**

રાજકોટ આંગણે રાષ્ટ્રીય શાખા ખાતે શહેરમાં ચોથુ અને સમગ્ર દેશમાં ૯૩મું સિનિયર સિટીઝન પસંદગી મેળાનું સફળ આયોજન અનુબંધ ફાઉન્ડેશન દ્વારા યોજવામાં આવેલ હતું. જેમાં સમગ્ર ગુજરાતમાંથી ૩૫૦થી વધુ સિનિયરો જોડાયા હતા. આ કાર્યક્રમમાં ભોજન પ્રબંધ બોલબાલા ટ્રસ્ટ દ્વારા કરવામાં આવેલ હતું.

# સાહિત્ય સેતુ દ્વારા 'વિશ્વ માતૃભાષા' દિવસની ઉજવણીઃ ૪૦૦ વિદ્યાર્થીઓ જોડાયા

## વિનોબા ભાવે સ્કૂલ ખાતે કાવ્ય પઠન, કવિ પરિચય ગ્રંથ પૂજા, કિવિઝે સાથે સાહિત્ય સંવર્ધન પ્રતિજ્ઞાબદ્ધ થયા

**અબતક, અરૂણ દવે, રાજકોટ**

વિશ્વ માતૃભાષા દિવસ નિમિતે પી.એમ. શ્રી વિનોબા ભાવે શાળા નં.૯૩ ખાતે દિકરાનું ઘર વૃધ્ધાશ્રમ પ્રેરિત સાહિત્ય સેતુ દ્વારા સાહિત્ય સંવર્ધન બાબતે ભવ્ય કાર્યક્રમ યોજવામાં આવેલ હતો. આ કાર્યક્રમમાં ધો.૬ થી ૮ના ૨૫૦થી વધુ વિદ્યાર્થીઓ અને સ્ટાફગણ જોડાયા હતા.

કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ કાવ્ય પઠન, કવિ પરિચય, ગ્રંથપૂજા, સાહિત્ય વિષયક પ્રશ્નોત્તરી, કિવિઝ સાથે ગુજરાતી ભાષા સાહિત્ય સંવર્ધન માટે પ્રતિજ્ઞાબધ્ધ થયા હતા.



આ કાર્યક્રમમાં કવિ નટવર આહલપરા, નરેન્દ્રભાઈ વિઠલાણી, કવિયત્રી જશુબેન બકરાણીયા, વિણાબેન વેકરીયા, અજીતભાઈ દેસાઈ, ગીતાબેન વોરા, વિનોદભાઈ રાઠોડ, રમેશભાઈ કોપાણી, હસમુખભાઈ રામદેવ પુત્ર સહિતના મહાનુભાવો હાજર રહીને ગુજરાતી ભાષા અને સાહિત્ય વિશે વાત કરી હતી. પ્રારંભે સ્વાગત શાળાના આચાર્ય વનિતાબેન રાઠોડ અને સમગ્ર સંચાલન સાહિત્ય સેતુના અનુપમભાઈ દોશીએ કરેલ હતું. સાહિત્ય કિવિઝમાં વિજેતા છાત્રોને બુક દ્વારા સન્માનિત કરાયા હતા.

# નશામાં ધૂત બીઆરટીએસ બસના ચાલકે ટ્રિપલ અકસ્માત સર્જ્યો : બે લોકો ઘવાયા

## રૈયા ટેલિફોન એક્સચેન્જ નજીક મોદી સ્કૂલની તદ્દન સામે સમીસાંજે બસ બીઆરટીએસ ટ્રેકની રેલિંગ તોડી સ્વીફ્ટ અને બોલેરો પીકઅપને અડફેટે લેતા સતત ટ્રાફિકથી ધમધમતા મુખ્ય માર્ગ પર નાસભાગ : સીસીટીવી ફૂટેજ વાયરલ

### નશાખોર બસ ડ્રાયવર વિરુદ્ધ દારૂ ઢીંચી વાહન ચલાવવા અને જાહેર સંપત્તિને નુકસાન કરવા મામલે બે ગુના નોંધાયા







**અબતક, રાજકોટ**

શહેરના મુખ્ય માર્ગ પૈકી એક અને સતત ટ્રાફિકથી ધમધમતા ૧૫૦ ફૂટ રીંગ રોડ પર રૈયા ટેલીફોન એક્સચેન્જ પાસે મોદી સ્કુલ સામે ગઈકાલે સમીસાંજે નશાની હાલતમાં બીઆરટીએસ બસના ચાલકે માતેલા સાંઢની માફક ધસી આવી બીઆરટીએસ રૂટની રેલિંગ તોડી એક બાદ એક બે કારને હડફેટે લીધી હતી. અકસ્માતની ઘટનાના પગલે નાશભાગ મચી જવા પામી હતી, બાદ ભારે ટ્રાફિકજામ સર્જાયો હતો. અકસ્માત ટાણે ધડકાભેર અવાજ આવતા ગાંધીગ્રામ પોલીસ મથકનો સ્ટાફ પણ દોડી ગયો હતો અને ઈજાગ્રસ્ત થયેલા બે લોકોને સારવાર અર્થે ખસેડી કાર્યવાહી આરંભી હતી. અકસ્માતની હારમાળા સર્જનાર બસ ચાલકની પૂછતાછ કરતા તે નશાની હાલતમાં હોવાનું માલુમ પડ્યું હતું. પોલીસે નશાની હાલતમાં બેદરકારીપૂર્વક વાહન ચલાવનાર બીઆરટીએસ બસના ચાલક ધર્મેન્દ્ર સીગરખીયા સામે દારૂ પી વાહન ચલાવવા અને પબ્લિક પ્રોપર્ટીને નુકસાન પહોંચાડવા અંગેના બે અલગ અલગ ગુના નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

જાણવા મળતી વિગતો મુજબ, શહેરના ૧૫૦ ફૂટ રીંગ રોડ પર ગઈકાલ સમી સાંજના ટ્રિપલ અકસ્માતની ઘટના બની હતી. જેમાં ગાંધીગ્રામ પોલીસ પોલીસ સ્ટેશન નજીક મોદી સ્કૂલ સામે પુરપાટ ઝડપે ધસી આવેલી બીઆરટીએસ બસ નં. જીજે-૦૩-બીવાય-૦૮૪૭ બેકાબૂ બની હતી. બીઆરટીએસ રૂટની ૧૧ જેટલી રેલિંગ તોડી બીઆરટીએસ ટ્રેક પરથી બહાર રોંગ સાઈડમાં રસ્તા પર આવી ગઈ હતી. અંદાજિત ૩૦ ફૂટ જેટલી બીઆરટીએસ ટ્રેકની રેલિંગ તોડી બસે પ્રથમ સ્વીફ્ટ કાર નંબર જીજે-૨૩-સીડી-૪૬૯૨ અને ત્યારબાદ બોલેરો નંબર જીજે-૦૩- બીઝેડ-૫૮૧૧ ની હડફેટે લીધી હતી. અકસ્માતની આ ઘટના બાદ અહીં ભારે ટ્રાફિકજામ થઈ ગયો હતો. બનાવની જાણ થતા ગાંધીગ્રામ પોલીસ મથકનો સ્ટાફ પણ તાકીદે અહીં દોડી ગયો હતો અને ટ્રાફિક કલિયર કરાવી બીઆરટીએસ બસના ચાલકને પોલીસ સ્ટેશન લઈ જઈ પુછતાછ શરૂ કરી હતી.પોલીસની પૂછતાછમાં બસ ચાલકનું નામ ધર્મેન્દ્ર જયંતીભાઈ સીંગરખીયા (ઉ.વ.૩૧ રહે. નાગરાજ પાનની બાજુમાં, શીતળા માતાજીના મંદિર પાસે, પારડી, લોધીકા) હોવાનું માલુમ પડ્યું હતું. પોલીસે આ શખસની પૂછતાછ કરતા તે નશાની હાલતમાં હોવાનું જણાવતા તે અંગે મેડિકલ ચેકઅપ કર્યા બાદ આ શખસ નશાની હાલતમાં હોવાનું સ્પષ્ટ થયું હતું. બનાવ અંગે ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ નિલેશભાઈ ડોડીયાની ફરિયાદ પરથી બીઆરટીએસ બસના ચાલક ધર્મેન્દ્ર સીગરખીયા સામે પબ્લિક પ્રોપર્ટીને નુકસાન પહોંચાડવા અંગેનો ગુનો નોંધવામાં આવ્યો છે જ્યારે કોન્સ્ટેબલ પ્રશાંતભાઈ ગજેરાની ફરિયાદ પરથી ચાલક ધર્મેન્દ્ર સામે દારૂ પી બીઆરટીએસ બસ ચલાવવા અંગેનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

### ૧૦ માસ પૂર્વે કાળ બની ત્રાટકેલી સીટી બસએ ચાર જિંદગી કચડી નાખી'તી

ગઈકાલે જયા અકસ્માત સર્જાયો ત્યાંથી ફક્ત એક કિલોમીટરના અંતરે ઈન્દિરા સર્કલ ખાતે ગત વર્ષે એપ્રીલ માસમાં ટ્રાફિક સિગ્નલ ખુલતા જ સિટી બસના ચાલકે પૂરપાટ ઝડપે બસ હંકારી મૂકતા સીટી બસની હડફેટે આવી જતા ચાર ચાર વ્યક્તિઓના મોત થયા હતા. જે ઘટના બાદ બસના ચાલક શિશુપાલસિંહ સામે ગુનો નોંધવામાં આવ્યો હતો. આ ઘટનાથી શહેરભરમાં ભારે ચકચાર મચી જવા પામી હતી.

### બોલરો પીકઅપ વાહન 'આડશરૂપ' બનતા મોટી જાનહાની ટળી

રૈયા ટેલિફોન એક્સચેન્જ નજીક સર્જાયેલા અકસ્માતના સીસીટીવી ફૂટેજ પણ સોશિયલ મીડિયામાં વાયરલ થયાં હતા. જેમાં માતેલા સાંઢ માફક ધસી આવેલ બસ બીઆરટીએસ ટ્રેકની રેલિંગ તોડી સામેની સાઈડના રોડ પર પ્રથમ સ્વીફ્ટ કાર સાથે અથડાઈ હતી જેના લીધે કારનો બુકડો બોલી ગયો હતો. બાદ બસની ટક્કર બોલેરો પીકઅપ સાથે થઈ હતી પણ જાણે બોલેરો પીકઅપ આડશ બની આખેઆખો ઘા ઝીલી લીધો હોય તેમ બસ ત્યાં જ થોભી ગઈ હતી. બસ ત્યાં જ અટકી જતાં સામેથી આવતા અન્ય કોઈ વાહનને ઠોકરે લીધા ન હતા. ઉપરાંત ત્યાં સામે જ મોદી સ્કૂલ આવેલી હોય પણ બાળકોનો છૂટવાનો સમય ન હોવાથી સદનસીબએ મોટી જાનહાની ટળી હતી.

### ડ્રાઈવર અને એજન્સી સામે પગલા લેવાશે: મ્યુનિ. કમિશનર



બીઆરટીએસ રૂટ પર રૈયા ચોકડી સર્જાયેલા અકસ્માત અંગે મ્યુનિસીપલ કમિશનર તુષાર સુમેરાએ જણાવ્યું હતું કે,સિટી બસ અને બીઆરટીએસ માટે કડક એસીપી છે. નિયમિત

ચેકીંગ હાથ ધરવામાં આવે છે.જેમ ડ્રાઈવરોના લાયસન્સ પણ ચેક કરાયા છે. ગઈકાલની ઘટના ખુબ જ ગંભીર છે.ડ્રાંઈવર કે એજન્સી કોઈ પણ નિયમોને ભંગ કરે તે ક્યારેય ચલાવી લેવાશે નથી આકરા પગલાં લેવામાં આવશે.જવાબદારી નક્કી કરવામાં આવશે.આ અકસ્માતમાં કોની ભૂલ તે તપાસ કરવા સંબધિત અધિકારીઓને તાકીદ કરવામાં આવી છે.

# રેલનગરમાં 'મારે નથી જીવવું' કહી યુવાનનો આપઘાત

## આંખની દ્દષ્ટિ ઓછી થતાં માનસિક તણાવમાં યુવાને ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યૂ



**અબતક, રાજકોટ**

શહેરના રેલનગર વિસ્તારમાં આવેલ સાહીપાર્કમાં રહેતા ૩૦ વર્ષીય યુવાને આજે સવારે પોતાના ઘરે ગળાફાંસો ખાઈ લેતા પરિવારમાં અરેરાટી વ્યાપી ગઈ છે. છેલ્લા બે મહિનાથી આંખની દ્રષ્ટિ ઓછી થઈ જતાં માનસિક તણાવમાં રહેતા યુવાને આ અંતિમ પગલું ભર્યું હોવાનું પ્રાથમિક દ્રષ્ટિએ બહાર આવ્યું છે.મળતી વિગતો મુજબ, રેલનગર સાહીપાર્ક મકાન નંબર ૪૭માં રહેતા મયુરભાઈ શ્રીપ્રસાદ રાણા (ઉં.વ. ૩૦) ફૂડ ડિલિવરીનું કામ કરીને પરિવારનું ગુજરાન ચલાવતા હતા. જોકે, છેલ્લા બે મહિનાથી તેમને આંખે જોવામાં તકલીફ પડતી હોવાથી તેઓ કામ પર જઈ શકતા ન હતા. ગત શનિવારે તેઓ હોસ્પિટલમાં ચેકઅપ માટે પણ ગયા હતા ફરી આવતા શનિવારે પાછું બતાવવા આવાનું કીધું હતું. આજે સવારે ૧૦ વાગ્યે મયુરભાઈ ઘરે હતા ત્યારે તેમણે મિત્રો પાસે ફોન પર પૈસાની માંગણી કરી હતી. આ બાબતે પત્નીએ પૂછતા મયુરભાઈએ હતાશામાં જણાવ્યું હતું કે, ''હવે મારે નથી જીવવું, મારે મરી જવું છે.'' પત્નીએ તેમને ઠપકો આપી સમજાવ્યા હતા અને ત્યારબાદ તેઓ નહાવા ગયા હતા. પત્ની નહાવા ગયા બાદ મયુરભાઈએ રૂમનો દરવાજો અંદરથી બંધ કરી પંખા સાથે ચૂંદડી બાંધી ગળાફાંસો ખાઈ લીધો હતો. પત્ની નહાઈને બહાર આવ્યા બાદ રૂમનો દરવાજો ન ખુલતાદરવાજો તોડવામાં આવ્યો હતો, જ્યાં મયુરભાઈ લટકતી હાલતમાં મળી આવ્યા હતા. તેમને તાત્કાલિક સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, પરંતુ ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા.

પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું કે મૃતક મયુરભાઈ બે ભાઈ અને બે બહેનોમાં સૌથી નાના હતા. તેમને સંતાનમાં એક નાનો દીકરો છે. આ બનાવની જાણ થતા પોલીસે હોસ્પિટલ પહોંચી મૃતદેહને પીએમ અર્થે ખસેડી આગળની તપાસ હાથ ધરી છે. આંખની તકલીફ અને આર્થિક ભીંસને કારણે આ પગલું ભર્યું હોવાની ચર્ચાઓ વચ્ચે પોલીસે આપઘાતનું સચોટ કારણ જાણવા તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

**-:: જાહેર નોટીસ ::-**

જન્મ મરણ નોંધણી કેસ નંબર ૨૭/૨૦૨૬ તા. ૨૦/૦૨/૨૦૨૬

અરજદારઃ-કોળી કાળુભાઈ અમરશીભાઈ

રહે. ભવાનીનગર , લાંબીદેરી, હળવદ જિ. મોરબી

**વિરૂધ્ધ**

સામાવાળાઃ- જન્મ-મરણ નોંધણી અધિકારી અને

તલાટી - કમ - મંત્રીશ્રી જીવા મું. જીવા, તા. ધ્રાંગધ્રા

**વિષયઃ– જન્મ–મરણ નોંધણી અધિનિયમ ૧૯૬૯ ની કલમ ૧૩ (૩) અન્વયે જન્મ મરણ નોંધણી કરવા અન્વયે વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ કરવા બાબત**

આથી લાગતા વળગતા તમામ ઈસમોને આ જાહેર નોટીસ પ્રસિધ્ધ કરી જાણ કરવામાં આવે છે કે અત્રેની કોર્ટમાં ઉપરોક્ત અરજદાર શ્રી કોળી કાળુભાઈ અમરશીભાઈ એ તા. ૨૩/૦૧/૨૦૨૬ અરજીથી તેમના પોતાના ભાઈ નામે છગનભાઈ અમરશીભાઈ સાબરીયાનો જન્મ તા. ૦૧/૦૧/૧૯૮૨ ના રોજ મું. જીવા તા. ધ્રાંગધ્રા જી. સુરેન્દ્રનગર મુકામે થયેલ હોઈ જે બાબતની જન્મની નોંધણી જે તે સમયે નોંધવાની રહી ગયેલ હોઈ નોંધણી કરાવવા માટે અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે જે બાબતે જે કોઈ ઈસમોને વાંધો, હરકત કે હેલો હોઈ તેઓએ આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં અત્રેની કોર્ટમાં હાજર થઈ વાંધાઓ રજુ કરવા. જો તેમ કરવામાં નહી આવે તો સદર અરજી બાબતે આગળની યોગ્ય તે કાયદેસરની કાર્યવાહી અનુસરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા. ૨૦/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપી

કોર્ટનો સિકકો

(બી.એસ.પટેલ)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
ધ્રાંગધ્રા તાલુકો

# માધવ પાર્કમા ધો.૧૨માં ઓછી ટકાવારીથી નિરાશ યુવકનો આપઘાત

## પરીક્ષામાં ધાર્યું પરિણામ ન આવતા આશાસ્પદ યુવાને ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યુ

**અબતક રાજકોટ**

શહેરના માધવ પાર્ક મેઈન રોડ પર રહેતા ૨૧ વર્ષીય યુવાને ગઈકાલે પોતાના ઘરે ગળાફાંસો ખાઈ આપઘાત કરી લેતા ચકચાર મચી ગઈ છે. જેને તાત્કાલિક સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવતા તબીબે મૃત જાહેર કર્યો હતો.

પ્રાપ્ત વિગતો મુજબ શહેરના માધવ પાર્ક મેઈન રોડ પર રહેતા રિષી વિનોદભાઈ દોંગા( ઉં ૨૧)ગઈકાલે સાંજે પોતાના ઘરે હતો ત્યારે ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. જેને તાત્કાલિક સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ઈ.એમ.ટી. નેહાબેને યુવકને જોઈ તપાસી મૃત જાહેર કર્યો હતો. આ અંગે આજીડેમ પોલીસને જાણ કરવામાં આવતા એએસઆઈ જે.કે.કુરીયા અને તેમની ટીમે ઘટનાસ્થળે પહોંચી જરૂરી કાગળ કાર્યવાહી કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખસેડ્યો હતો.

પરિવાર સૂત્રો પાસેથી મળતી વિગત મુજબ, રિષી બે ભાઈઓમાં નાનો હતો. તેના માતા-પિતા ગામડામાં ખેતીકામ કરે છે, જ્યારે રિષી અહીં રાજકોટમાં તેના ભાઈ-ભાભી સાથે રહેતો હતો. બનાવના સમયે તેનો મોટો ભાઈ કામ પર ગયો હતો અને ભાભી નજીકમાં એક લગ્ન પ્રસંગમાં



ગયા હતા. ઘરે એકલા રહેલા રિષીએ આ અંતિમ પગલું ભરી લીધું હતું. બનાવને લઈ પરિવારમાં કલ્પાંત અને ગમગીની છવાઈ ગઈ છે. પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે, મૃતક રિષીને એકાદ વર્ષ પહેલા ધોરણ-૧૨ની પરીક્ષામાં ઓછા ટકા આવ્યા હતા. પરિણામ ધાર્યા મુજબનું ન આવતા તે છેલ્લા ઘણા સમયથી માનસિક રીતે નિરાશ રહેતો હતો. આ નિરાશાના કારણે જ તેણે જીવન ટૂંકાવ્યું હોવાનું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે. પોલીસે હાલ આ મામલે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

**-:: જાહેર નોટીસ ::-**

આથી હું નીચે સહી કરનાર શ્રી જીજાબેન કનુભાઈ સોલંકી ધર્મે હિંદુ ઉ.વ.આ. ૫૧, રહે. દેવીપુજક વાસ (પ્રગ્ટેસ્વર) પડધરી તા. પડધરી જી. રાજકોટ આ જાહેર નોટીસ આપીને જણાવવાનું કે, અમો ના પુત્ર શ્રી સોલંકી અશોક કનુભાઈનો જન્મ તા. ૨૫/૦૩/૨૦૦૦ ના રોજ રાજકોટ જીલ્લાના પડધરી તાલુકાના દેવીપુજક વાસ (પ્રગ્ટેસ્વર) પડધરી મુકામે થયેલ છે. કાયદાકીય અજ્ઞાનતા તથા શરતચુકના કારણે અમો અમોએ અમારા પુત્રી શ્રી સોલંકી અશોક કનુભાઈની જન્મ અંગેનો કોઈ નોંધ સરકારી રેકર્ડમાં આજ દિન સુધી કરવામાં આવેલ નથી. આથી અમોએ તા. ૦૯/૦૨/૨૦૨૬ ના રોજ જન્મની નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ ૧૩ (૩) મુજબ જન્મ નોંધણી કરી આપવા અંગે એકઝીક્યુટીવ મેજીસ્ટેટ સાહેબશ્રીની કચેરી પડધરી, પડધરી તાલુકા સેવા સદન તા. પડધરી જી. રાજકોટ સમક્ષ દાદ મળવા અરજદાર/એડવોકેટ શ્રી અનિલ આર બાંભવા મારફત અરજી કરેલ છે.

જેથી આ અંગે જણાવવાનું કે આ જન્મ નોંધ સબંધે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી દિવસ-૩૦ માં લેખીત આધાર પુરાવા સાથે એકઝીક્યુટીવ મેજીસ્ટેટ સાહેબશ્રીની કચેરી પડધરી, પડધરી તાલુકા સેવા સદન તા. પડધરી જી. રાજકોટ સમક્ષ રજુ કરવા, જેની સર્વે લાગતા વળગતાએ સ્પષ્ટ નોંધ લેવી.

સ્થળઃ- પડધરી
તાઃ- ૦૯/૦૨/૨૦૨૬

અનિલ આર. બાંભવા
એડવોકેટ
પડધરી (મો.નં. ૯૯૦૪૨ ૭૯૭૮૫)

## આંબેડકરનગરમાં તરૂણનો ગળેફાંસો ખાઈ આપઘાત

**અબતક રાજકોટ**

શહેરના આંબેડકર નગર વિસ્તારમાં રહેતા ૧૭ વર્ષીય તરુણે ગઈકાલે સાંજના સમયે પોતાના ઘરે ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવી લેતા ચકચાર મચી ગઈ છે. આશાસ્પદ પુત્રના આપઘાતથી પરિવારમાં ઘેરા શોકનું મોજું ફરી વળ્યું છે.પ્રાપ્ત વિગતો અનુસાર, શહેરના આંબેડકર નગર શેરી નંબર ૧૦માં રહેતા અભલ હરેશભાઈ વાળા (ઉં.વ. ૧૭) ગઈકાલે સાંજે ૬ થી ૭ વાગ્યાની આસપાસ પોતાના ઘરે હતા.


**પશ્ચિમ રેલવે રાજકોટ ⇌ મહેબૂબનગર વચ્ચે સાપ્તાહિક ખાસ ટ્રેનની ટ્રીપ્સ લંબાવાશે**

| ટ્રેન નં. | મૂળ સ્ટેશન અને ગંતવ્ય સ્થાન | સેવાના દિવસો | ક્યાં સુધી લંબાશે |
|---|---|---|---|
| ૦૯૫૭૫ | રાજકોટ – મહેબૂબનગર | સોમવાર | 30.03.૨૦૨૬ |
| ૦૯૫૭૬ | મહેબૂબનગર – રાજકોટ | મંગળવાર | 31.03.૨૦૨૬ |

વિરામો, થોભવાનો સમય અને રચના સંબંધિત વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

ટ્રેન નંબર ૦૯૫૭૫ની વિસ્તૃત મુસાફરી માટે બુકિંગ ૨૧.૦૨.૨૦૨૬ થી બધા PRS કાઉન્ટરો અને IRCTC વેબસાઈટ પર ખુલશે. ઉપરોક્ત ટ્રેન ખાસ ભાડા પર ખાસ ટ્રેન તરીકે દોડશે.

પશ્ચિમ રેલવે
wr.indianrailways.gov.in
અમને લાઈક કરો અને ફોલો કરોઃ
facebook.com/WesternRly
X.com/WesternRly
Instagram.com/WesternRly
https://www.youtube.com/@WesternRly
https://bit.ly/WesternRailwayOfficial

કૃપા કરીને તમામ આરક્ષિત ટિકિટો માટે મૂળ આઈડી પ્રૂફ સાથે રાખો


જા.નં.: તા.:

**મોરબી મહાનગરપાલિકા**

**ઓનલાઈન જાહેર નિવિદા**

આથી મોરબી મહાનગરપાલિકા, મોરબી જી.મોરબી ને વિવિધ યોજના હેઠળ નીચે મુજબની વિગતે કામગીરી કરાવવા માટે ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે.

| અ. નં. | કામની વિગત | ટેન્ડર ફી | ઇ.એમ.ડી.ની રકમ | કામની અંદાજીત રૂ. |
|---|---|---|---|---|
| ૧ | મોરબી મહાનગરપાલિકા હદ વિસ્તાર માં નંદીઘર પાસે ડોગ શેલ્ટર બનાવવાનું કામ | ૪૫૦૦/- | ૨,૯૮,૩૭૦/- | ૨.૯૮ કરોડ |
| ૨ | મોરબી મહાનગરપાલિકા હદ વિસ્તારમાં જુદા જુદા ભૂગર્ભ લાઈન નાખવાનું કામ ( ફેઝ - ૧ | ૧૫૦૦૦/- | ૯,૯૧,૪૩૩/- | ૯.૯૧ કરોડ |
| 3 | મોરબી મહાનગરપાલિકા હદ વિસ્તારમાં જુદા જુદા વિસ્તારમાં ભૂગર્ભ લીન નાખવાનું કામ (ફેઝ -૨ ) | ૧૫૦૦૦/- | ૮,૪૩,૫૪૪/- | ૮.૪૩ કરોડ |
| ૪ | KIOSK BOARD ON CENTRAL LIGHTING POLE AT DIFF. PLACE | 3000/- | ૬૫,૦૦૦/- | - |
| ૫ | "મોરબી મ્યુનિસિપલ કોર્પોરેશનની મર્યાદામાં ફ્રી રોમિંગ ડોગ પોપ્યુલેશનના મૂલ્યાંકન માટે સર્વે" | ૧૧૨૫/- | ૧૦,૦૦૦/- | - |
| ટેન્ડર ડાઉનલોડ તથા અપલોડ માટેની છેલ્લી તારીખ તથા સમય | | તા.૦૯/૦૩/૨૦૨૬ ના રોજ ૧૮:૦૦ કલાક સુધી | | |
| ફક્ત ઓરીજીનલ ટેન્ડર ફી, ઈ.એમ.ડી. અને નોન બ્લેકલીસ્ટનું એફીડેવીટ પહોચતા કરવાની તારીખ, સમય તથા સરનામુ | | તા.૧૬/૦૩/૨૦૨૬ ના ૧૮:૦૦ કલાક સુધી, નાયબ કમિશનરશ્રી(પ્રો.), મોરબી મહાનગરપાલિકા, જી.મોરબી | | |
| ટેકનીકલ બીડ ખોલવાની તારીખ(જો શક્ય હોય તો) | | તા.૧૭/૦૩/૨૦૨૬ ના રોજ ૧૨:૦૦ કલાકે | | |
| પ્રાઈઝ બીડ ખોલવાની તારીખ(જો શક્ય હોય તો) | | તા. ૧૭/૦૩/૨૦૨૬ ના રોજ ૦૧:૦૦ કલાકે | | |

ઉપરોક્ત કામ અંગેની તમામ જરૂરી માહિતી તેમજ શરતો અને કરારની વિગતો અને ટેન્ડર ડાઉનલોડ તથા અપલોડ માટે www. https://tender.nprocure.com/ વેબસાઇટ ઉપર તા.૨૧/૦૨/૨૦૨૬ના રોજથી જોવા વિનંતી. સદર કામ અંગેના તમામ હક્ક અધિકાર મહાનગરપાલિકાને અબાધિત રહેશે.

નાયબ કમિશનર (પ્રોજેક્ટ)
મોરબી મહાનગરપાલિકા

માહિતી -રાજ-૧૮૩૨-૨૫-૨૬

જા.નં.૭૦૫૨ તા.૧૮/૦૨/૨૦૨૬

**મોરબી મહાનગરપાલિકા**

**ઓનલાઈન જાહેર નિવિદા**

આથી મોરબી મહાનગરપાલિકા, મોરબી જી.મોરબી ને વિવિધ યોજના હેઠળ નીચે મુજબની વિગતે કામગીરી કરાવવા માટે ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે.

| અ. નં. | કામની વિગત | ટેન્ડર ફી | ઇ.એમ.ડી.ની રકમ | કામની અંદાજીત રૂ. |
|---|---|---|---|---|
| ૧ | Request for Proposal (RFP) for Selection of Bus Operator for Procurement, Operation and Maintenance of 30 numbers of MIDI CNG Buses on Net Cost Contract basis for MORBI City Bus Service Project for MORBI MUNCIPAL CORPORATION UNDER "SWARNIM JAYANTI MUKHYA MANTRI SHAHERI VIKAS YOJANA FOR THE SCHEME CHIEF MINISTER URBAN BUS SERVICE (CMUBS) IN THE MUNICIPAL CORPORATION OF GUJARAT" | ૭,૫૦૦/- | ૧,૨૫,૦૦૦/- | - |
| ટેન્ડર પ્રી-બીડ મીટીંગ માટેની તારીખ, સમય તથા સ્થળ | | તા.૦૨/૦૩/૨૦૨૬ ના રોજ, ૧૫:૦૦ કલાક, મુખ્ય કચેરી, મોરબી મહાનગરપાલિકા, ગાંધી ચોક, મોરબી. | | |
| ટેન્ડર ડાઉનલોડ તથા અપલોડ માટેની છેલ્લી તારીખ તથા સમય | | તા.૦૭/૦૩/૨૦૨૬ ના રોજ ૧૮:૦૦ કલાક સુધી | | |
| ફક્ત ઓરીજીનલ ટેન્ડર ફી, ઈ.એમ.ડી. અને નોન બ્લેકલીસ્ટનું એફીડેવીટ પહોચતા કરવાની તારીખ, સમય તથા સરનામુ | | તા.૧૬/૦૩/૨૦૨૬ ના ૧૮:૦૦ કલાક સુધી, સીટી ઈજનેર, મોરબી મહાનગરપાલિકા, જી.મોરબી | | |
| ટેકનીકલ બીડ ખોલવાની તારીખ(જો શક્ય હોય તો) | | તા.૧૭/૦૩/૨૦૨૬ ના રોજ ૧૨:૦૦ કલાકે | | |
| પ્રાઈઝ બીડ ખોલવાની તારીખ(જો શક્ય હોય તો) | | તા.૧૭/૦૩/૨૦૨૬ ના રોજ ૦૧:૦૦ કલાકે | | |

ઉપરોક્ત કામ અંગેની તમામ જરૂરી માહિતી તેમજ શરતો અને કરારની વિગતો અને ટેન્ડર ડાઉનલોડ તથા અપલોડ માટે www.nprocure.com વેબસાઇટ ઉપર તા.૨૧/૦૨/૨૦૨૫ના રોજથી જોવા વિનંતી. સદર કામ અંગેના તમામ હક્ક અધિકાર મહાનગરપાલિકાને અબાધિત રહેશે.

નાયબ કમિશનર(પ્રો.)
મોરબી મહાનગરપાલિકા

માહિતી -રાજ-૧૮૨૭-૨૫-૨૬

તંત્રી લેખ


# માઁ, માતૃભૂમિ અને માતૃભાષાનો કોઈ જોટો જડે તેમ નથી

માતૃભાષાના ગૌરવ ગાન સાથે અન્ય ભાષાઓ પ્રત્યેનો આદર એ જ આપણી સંસ્કૃતિની અભિવ્યક્તિ છે.વિકસિત ભારત માટે વિકસિત ગુજરાતના નિર્માણથી લીડ લેવા માતૃભાષા અને સંસ્કૃતિના જતન સંવર્ધનથી યોગદાન આપવું જોઈએ.

આપણી ગુજરાતી માતૃભાષા અથી શરૂ થઈને સૌથી ટોપ પર જ્ઞ એટલે કે, જ્ઞાન સુધી વિસ્તરી છે. હૃદયના ભાવ અને સંવેદનાઓને ભાષાથી પ્રગટ કરવાનો પ્રયાસ માતૃભાષાના આવા સમૃધ્ધ જ્ઞાન દ્વારા જ વ્યક્ત થઈ શકે છે. આપણી ભાષા અને સંસ્કૃતિને જીવંત રાખી આગામી પેઢી સુધી પહોંચાડવી એ સમયની જરૂરિયાત છે.

મા, માતૃભૂમિ અને માતૃભાષાનો કોઈ જોટો જડે તેમ નથી. માતૃભાષાનું ગૌરવ કરનારો કોઈ પણ વ્યક્તિ તેમના માટે ગૌરવરૂપ છે. સંસ્કૃતિ, ભાષા અને જ્ઞાન પરંપરાનું વિશેષ મહત્વ છે માતૃભાષા પ્રેમીઓ, સાહિત્યરસિકો, લેખકો, સર્જકો અને પ્રબુધ્ધ નાગરિકો ભાષાના રખોપાં કરી રહ્યા છે. બાળકને બાળપણમાં માતા પાસેથી જે ભાષા મળે તેને માતૃભાષા કહેવામાં આવે છે. વિશ્વમાં અનેક ભાષાઓ બોલાય છે.પરંતુ દરેક વ્યક્તિના જીવનમાં માતૃભાષાનું ખૂબ જ અનેરૂ મહત્વ રહેલું છે. માતૃભાષાનું દરેક વ્યક્તિ પર ઋણ રહેલું હોય છે હાલ પશ્ચિમ સંસ્કૃતિના કારણે અંગ્રેજી ભાષાનું વર્ચસ્વ સતત વધી રહ્યું છે. ત્યારે દરેક વ્યક્તિએ માતૃભાષાનું અરુણ ચૂકવવાની માટે પોતે કી ભાષાનું રખોપા કરવા ખૂબ જ જરૂરી છે.

# વલસાડ અને અન્યત્ર અકસ્માતમાં મૃત્યુ પામેલાના પરિવારને સંવેદના વ્યક્ત કરતા પૂ.મોરારિબાપુ



**અબતક, રાજકોટ**

વલસાડ નજીક કપરાડા તાલુકાના કુંભઘાટ પર એક કરુણ અકસ્માત સર્જાયો હતો જેમાં ૭ લોકોનાં કરુણ મોત નિપજયા હતા. ઈકો કાર અને ટ્રક વચ્ચે અકસ્માત સર્જાયો હતો અને તે ઘટનામાં મળતી માહિતી મુજબ ૭ લોકોનાં મોત થયા હતા. પૂજ્ય મોરારીબાપુએ આ ઘટનામાં માર્યા ગયેલાઓને શ્રધ્ધાંજલિ પાઠવી છે અને તેમના પરિવારજનોને પ્રત્યેકને રૂપિયા પંદર હજાર લેખે કુલ મળીને રુપિયા ૧,૦૫૦૦૦ ની સહાયતા રાશિ અર્પણ કરી છે જે નવસારી સ્થિત રામકથાના શ્રોતા દ્વારા પહોંચાડવામાં આવશે.

અકસ્માતની બીજી ઘટના મહેસાણા જિલ્લાના ઉંઝા હાઈવે પર બની છે જેમાં રાજસ્થાનનો પરિવાર વિંખાઈ ગયો હતો જેમાં એક જ પરિવારના ચાર સભ્યોના મોત નિપજયા છે. તેમના પરિવારજનોને દિલસોજી પાઠવી પૂજ્ય મોરારીબાપુએ રુપિયા ૧૫,૦૦૦ લેખે સહાયતા રાશિ અર્પણ કરી છે.

ત્રીજી ઘટનામાં કોડીનાર પંથકમાં આદપોકર ગામે કૂંડમાં ડૂબી જતાં માતા અને તેમના બે સંતાનોનાં મોત નિપજયા છે. તેમના પરિવારજનોને દિલસોજી પાઠવી પૂજ્ય મોરારીબાપુએ રુપિયા ૪૫,૦૦૦ ની સહાયતા રાશિ અર્પણ કરી છે. તમામ મૃતકોના નિર્વાણ માટે પૂ.બાપુએ પ્રાર્થના કરી છે.

# ઔદીચ્ય ગુજરાતી સાડા ચારસોના મહિલા મંડળ દ્વારા આરોગ્ય કેમ્પ યોજાયો



**અબતક, રાજકોટ**

ઔદીચ્ય ગુજરાતી સાડા ચારસોના મહીલા મંડળ દ્વારા આયોજીત આરોગ્ય કેમ્પમાં મોટી સંખ્યામાં બહેનોએ લાભ લીધો હતો. જેમાં હર્ષાબેન પંડ્યા તેમજ ચેતનાબેન આચાર્ય નાડી પરીક્ષણ, ચિરંતનભાઈ આચાર્ય, વાસ્તુ શાસ્ત્ર ગૌતમભાઈ ઓઝાના સેન્ટર સ્કેપ સ્કીલ ગુરૂકુળમાં આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં કાંસ્ય થેરાપી, વાસ્તુ દોષ ટીપ્સ, નાડી પરીક્ષણ, વાઈબ્રેટિંગ મશીન દ્વારા થેરાપી, તેમજ નાસ્તો, કોલડ્રિંક સાથે કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં હેતલબેન જાની, કુંદનબેન ત્રિવેદી, સોનલબેન શુકલ, ચંદનબેન શુક્લ, જયશ્રીબેન રાવલ, દક્ષાબેન શુક્લના માર્ગદર્શન મોટી સંખ્યામાં બહેનોએ લાભ લીધો હતો.

# યુવા એડવોકેટ દીપ વ્યાસનો જન્મદિવસ



યુવા એડવોકેટ અને બ્રહ્મ સમાજના અગ્રણી કાર્યકર દીપ પ્રવીણચંદ્ર વ્યાસનો આજે જન્મદિવસ છે. રાજકોટમાં એડવોકેટ તરીકે પરિવારની ચોથી પેઢીના દીપ વ્યાસ ક્રિમિનલ, સિવિલ તેમજ ફેમિલી કોર્ટના કેસોમાં બહોળો અનુભવ ધરાવે છે. તે નાનપણથી જ સંઘ અને રાષ્ટ્રવાદી વિચારધારા ધરાવે છે. હાલમાં તેઓ રાષ્ટ્રીય પરશુરામ સેના સંઘના રાજકોટ શહેર પ્રમુખ છે. આજે તેના જન્મદિવસ નિમિત્તે સગા સ્નેહીઓ વકીલ મિત્રો દ્વારા તેમના મોબાઈલ નંબર ૮૦૦૦૮ ૨૪૪૧૦ ઉપર ઢગલાબંધ શુભેચ્છાઓ મળી રહી છે.

# ગુજરાતનું બજેટ સર્વ વર્ગ સમર્પીત ગણાવી ભાજપ ઉપપ્રમુખ મનોજ રાઠોડનો આવકાર

## લોક કલ્યાણકારી બજેટ આપવા બદલ સરકારનો આભાર વ્યકત કરાયો



**અબતક, રાજકોટ**

ગુજરાત સરકારશ્રીને કરેલ વિકાસલક્ષી બજેટમાં અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિ સમાજના વિદ્યાર્થીઓના હિતને કેન્દ્ર સ્થાને રાખી મહત્વપૂર્ણ નિર્ણયો જાહેર કર્યા છે. રાજકોટ જીલ્લા ભાજપ ઉપપ્રમુખ મનોજભાઈ રાઠોડ, જીલ્લા ભાજપ કોષાધ્યક્ષ મહેશભાઈ વાણીયા, જીલ્લા અ.જા. મોરચા પ્રમુખ નરોત્તમભાઈ પરમાર, મહામંત્રી જયભાઈ સાગઠીયા બાલુભાઈ વિંઝુડા સહીતના આગેવાનોએ આવકાર્યુ છે.

મનોજભાઈ રાઠોડએ જણાવ્યું કે, પ્રધાન મંત્રી, મુખ્યમંત્રી સમયના કાર્યકાળથી એક જ મંત્ર રહ્યો છે. સહુ નો સાથ સહુનો વિકાસ છેવાડાના માનવીને મુખ્ય પ્રવાહમાં લાવવા તેમના અથાક પ્રયત્નોને આજે મુખ્યમંત્રી ભુપેન્દભાઈ પટેલના નેતૃત્વમાં ઉપમુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવી, નાણામંત્રી કનુભાઈ દેસાઈસામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ તેમજ શિક્ષણ વિભાગના કેબિનેટ મંત્રી ડો. પ્રદુમનભાઈ વાજાના સશકત નેતૃત્વ હેઠળ લેવામાં આવેલ. આ નિર્ણયથી હજારો મધ્યમવર્ગીય પરિવારોને સીધો લાભ મળશે.

# વડાપ્રધાન 'મન કી બાત' આવતીકાલે સવારે સાંભળવા મળશે: ડો.માધવ દવે

## શહેરના ૧૮ વોર્ડમાં આવતાં ૯૮૪ બુથ હેઠળ મન કી બાતના ઈન્ચાર્જ દ્વારા 'મન કી બાત' કાર્યક્રમ માટે ગોઠવાય વ્યવસ્થા



**અબતક, રાજકોટ**

શહેર ભાજપ પ્રમુખ ડો.માધવ દવે, મહામંત્રી અશ્વિન મોલીયા, વિરેન્દ્રસિંહ ઝાલાની એક સંયુકત અખબારી યાદીમાં જણાવાયું છે કે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા દર માસના અંતિમ રવીવારે 'મન કી બાત' કાર્યક્રમ યોજવામાં આવે છે. આ માસનો 'મન કી બાત' નો કાર્યક્રમ આવતીકાલે તા. ૨૨-૦૨-૨૦૨૬ને રવીવારે સવારે ૧૧.૦૦ કલાકે યોજવામાં આવશે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ આ કાર્યક્રમનુંડી.ડી. ચેનલ ઉપર જીવંત પ્રસારણ કરવામાં આવે છે. રાજકોટ મહાનગરના તમામ વોર્ડમાં હોદેદારો જોડાઈને કાર્યક્રમને નિહાળશે. આ શહેરમાં આવતા ૯૮૪ બુથમાં 'મન કી બાત'કાર્યક્રમ નિહાળવામાં આવશે, તો આ કાર્યક્રમમાં શહેર ભાજપની તમામ શ્રેણીના કાર્યકર્તાઓને જોડાવવા શહેર ભાજપ પ્રમુખ ડો.માધવ દવે,મહામંત્રી અશ્વિન મોલીયા, વિરેન્દ્રસિંહ ઝાલાએ જાહેર અનુરોધ કર્યો છે. વ્યવસ્થા 'મન કી બાત' ના ઈન્ચાર્જ શહેર ભાજપ ઉપપ્રમુખ મહેશ રાઠોડ, ઉપપ્રમુખ રાજદિપસિંહ જાડેજા, મંત્રી ભરતભાઈ શીંગાળા, પરાગ મહેતા, દશરથ વાળા, યોગેશ ભુવા રસિકભાઈ કાવઠીયા તેમજ શહેર ભાજપ કાર્યાલય ખાતેથી કાર્યાલય મંત્રી હિતેષ ઢોલરીયા શૈલેષ દવે વ્યવસ્થા સંભાળી રહયા છે.

# ભાજપના પુર્વ કોર્પોરેટર-માલધારી અગ્રણી પોપટ ટોળીયાનો જન્મદિવસ



સામાકાંઠા વિસ્તારના ભાજપના અગ્રણી અને જુના વોર્ડ નં.૭ના પુર્વ કોર્પોરેટર તેમજ માલધારી સમાજના આગેવાન એવા પોપટભાઈ ટોળીયાનો આજે જન્મદિવસ છે ત્યારે પોતાના મંગલમય જીવનના ૫૭ વર્ષ પૂર્ણ કરી ૫૮માં વર્ષમાં પ્રવેશી રહ્યા છે ત્યારે ઠેર-ઠેરથી શુભેચ્છા મળી રહી છે. પોપટભાઈ ટોળીયા યુવા વયેથી જ ભારતીય જનતા પાર્ટીની વિચારધારા સાથે જોડાઈ પાર્ટીમાં સક્રિય રીતે રહી અને વિવિધ જવાબદારીઓ નિષ્ઠાપુર્વક સંભાળેલ છે. આમ, રાજકીય ક્ષેત્રની સાથો સાથ સામાજિક ક્ષેત્રે પણ તેઓ માલધારી યુવા પરિષદના પ્રમુખ તરીકે, ગોપનંદન ગ્રુપના માર્ગદર્શક તરીકે અને માલધારી સમાજમાં શિક્ષણનો વ્યાપ વધે અને સમાજમાંથી કુરિવાજો દૂર થાય અને માલધારી સમાજમાં પણ સમાજનું પણ એક નવું બંધારણ બને તે માટે સૌરાષ્ટ્રના ગામડાઓમાં સતત પ્રવાસ કરી સમાજને જાગૃત કરી રહ્યા છે. મળતાવડો સ્વભાવ અને હસમુખા એવા પોપટભાઈ ટોળીયા બહોળો મિત્ર-વર્તુળ ધરાવતા હોવાથી આજે તેમના જન્મદિવસ નિમિતે મોબાઈલ નં.૯૮૨૪૫ ૧૯૧૦૧ ઉપર ઠેર-ઠેરથી શુભેચ્છા મળી રહી છે.

# મહાસતીજીની ૭૬મી દિક્ષા જયંતિ તથા મધુર વ્યાખ્યાની યોજાયા


## પુણ્યશ્રાવક ની સપ્તરંગી, અમૃત ભોજન ત્રિરંગી સામયિક જાપ વિવિધ પ્રભાવના સન્માન યોજાયો

**અબતક, રાજકોટ**

રંજનબાઈ પદમાબાઈ મહસતીજીની ૬૦મી સ્વર કિન્નરી સોનલબાઈ મહાસતીજીની ૪૫મી સ્વાધ્યાય પ્રેમી મિનળબાઈ મહાસતીજીની ૩૪મી દિક્ષા જયંતિની આજે ભવ્યાતિભવ્ય વૈરાગ્ય પ્રેરક ધર્મ ધ્યાનથી ધમધમતો સમારોહ સંપન્ન જેમાં દરેકને પુણ્ય શ્રાવકની ત્રિરંગી સામયિક વ્હાઈટ ડ્રેસ કોડ સાથે સાધ્વીજીના ડ્રેસની કોમ્પીટીશન સાથે સપ્તરંગી જાપ સંયમના સંગીતની સુરાવલી ત્યારબાદ બપોરે બધાને પુજય મોટા મહાસતીજીના પરમ ભકતો તરફથી અમૃત ભોજન જાપમાં બેસનાર દરેકને રૂ. ૧૫૦/- પ્રભાવના આપવામાં આવેલ હતી. મોટા મહાસતીજી મહાન ચારિત્ર્યના કામે, મહાન લબ્ધીધારી સાધ્વીજી હતો. ચારિત્રમાં ચુસ્ત અને મહાવ્રતમાં મસ્ત અને આગમમાં અનુરકત હતા. જેમાં મોટા મહાસતીજી રોજની ૧૧૦૦૦ આગમની ગાથાનું સ્વાધ્યાય તેમજ રોજની ૧૫૧ માળા કરવાથી તેમનું જીવન સતત જાપ મય જેમનો શ્વાસ સતત સવધ્યાયમય હતો. જેમનું અંતર આગમમય ચિત્ત ચારિત્ર્યમય હતું. એવા મહા પ્રભાવશાળી પ્રચંડ પુણ્યશાળી આત્માની સંયમ જીવનની અનુમોદના અર્થે, દરેક સાધકે આજે ૧૧ માળા નવકાર મંત્રની મૌન સહિત કરવાની આહલેક જગાવીતી આ પ્રસંગે કાલે તા. ૨૦ ના સ્વધર્મી બંધુઓને અન્નદાન, ઔષધદાન, અનુકપાદન વગેરે માનવ સેવાના અનેક કાર્યો કરવામાં આવશે.

બા.બ્ર.પૂ. રંજનબાઈ મહાસતીજી તથા પદમાબાઈ મહાસતીજી ની ને આજે ૫૯ વર્ષ સંયમના પૂર્ણ કરી ૬૦માં વર્ષમાં પ્રવેશ બન્ને સાધક બેલડીનું જીવન સરળતા, નિખાલસતા, નિરાભિમાનતા સેવા વયાવચ્ચનો મુખ્ય ગણ રહેલો છે. સર્વ જીવોનું ભલું કરવું, હિત વિચારવું એ એમના જીવનનો મુખ્ય સંદેશ છે. કે એક ક્ષણનો પણ પ્રમાદ કર્યા વગર સતત બન્ને સાધક બેલડી આગમને સ્વાધ્યાય તથા નિરંતર જાપની સ્મરણતા કરી રહેલાં છે. નેચરમાં ખિલસતા, જીવનમાં મિઠાશ અને મધુરતા રહેલી છે. બધા જ સાથે મીઠાશ અને હળવાશ ભર્યો વહેવાર છે. આજે ૬એ મહાસતીજીની દિક્ષા જયંતિની ભવ્યાતિભવ્ય દબદબાભરી ઉજવણી સમારોહ સંપન્ન આ સાથે નાના ઈન્દુબાઈ મહાસતીજીની ૬૬મી દિક્ષા જયંતિની પણ સાથે ઉજવણી કરાઈ હતી. તેમનું જીવન પણ સમતા સિંધુ હતું. આજે સવારથી નાલંદા તિર્થધામ ગાજી અને ગુંજી રહ્યુંહતુ. હેલે ચડયું હતું. માનવોની કતાર લાગી હતી. મોટા સ્વામીની સમાધિના દર્શન માટે સવારના ૬ વાગ્યાથી ભાવિકોની ભીડ અને દર્શનાર્થીઓની પડા પડી ઉત્સાહ અને ઉમગ રેલાયો હતો. આવો, પધારો માના ધાર્મે દર્શન વાણીનો લાભ લેશો આ પ્રસંગે સંઘના પદાધિકારીઓ દાતાઓ, શ્રેષ્ઠીવર્યો સોનલ સેવા મંડળ સખી ગ્રુપ સાહેલી મંડળ સહારા ગ્રુપ બધાએ ખાસ હાજરી આપી શુભેચ્છા પાઠવી હતી.

# વિકસિત ગુજરાતને વધુ સુદ્રઢ બનાવતું પ્રજાહિતલક્ષી બજેટ: જીલ્લા ભાજપ યુવા મોરચો



**અબતક, રાજકોટ**

ગુજરાત રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી, નાણામંત્રી કનુભાઈ દેસાઈ દ્વારા વિઝન વિકસિત ગુજરાતનું, મિશન જનકલ્યાણની પ્રતિબધ્ધતા દર્શાવતા બજેટને રાજકોટ જીલ્લા ભાજપ યુવા મોરચાના પ્રમુખ દેવભાઈ કોરડીયા, જીલ્લા યુવા મોરચા મહામંત્રી કિશનભાઈ ઠુંમર, સુરજભાઈ ડેર દ્વારા આવકારવામાં આવ્યુ છે. રાજકોટ જીલ્લા ભાજપ યુવા મોરચાના પ્રમુખ દેવ કોરડીયા તથા મહામંત્રી કિશન ઠુંમર અને સુરજ ડેરની સંયુકત યાદીમાં જણાવ્યું હતુ કે,૨૦૨૬-૨૭ના વર્ષના ગુજરાતના બજેટને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માર્ગદર્શનમાં વિઝન વિકસિત ગુજરાતનું, મિશન જનકલ્યાણની પ્રતિબધ્ધતા દર્શાવતું બજેટ છે.

# નવ નાત વણિક સમાજના ફાઉન્ડર પ્રમુખ પ્રશાંત શાહનો જન્મદિવસ



જય વણિક સાથ આણંદ થાય છેકે ૨૨ ફેબ્રુ. ૨૦૨૬ ના રોજ નવ નાત વણિક સમાજ ફાઉન્ડર પ્રમુખ પ્રશાંતભાઈ શાહનો જન્મ દિવસ જેમને વણિક સમાજ ને એકઠો કરવામાં ભગીરથ કાર્ય કરેલ અને ૫ દેશ ૬ રાજ્યો ગુજરાત ૧૮ જિલ્લા તાલુકા ૧૭ માં મુખ્ય.. મહિલા.. યુવા શાખા માં આશરે ૧૫૦૦૦૦ ફ્રી માં વણિક બંધુ જોડાયેલા છે જેમને તેમના સાથી કમિટી સાથે મળી જીવદયા.. સમાજસેવા.. સમાજ એકતા ના કાર્ય કર્યા અને જેમાં મીડિયા જગત નો સિંહ ફાળો છે સાથે ૧૦/૧૨/૨૦૨૩ દાદા જીરાવાલા પાર્શ્વનાથજી દેરાસર્થી આશીર્વાદ લય આજ ફક્ત ૮૫૦ દિવસ માજ આ મુકામે સંગઠન પોહચાડેલ જેમનું સર્વ વણિક ભાઈઓ બહેનો ને ગર્વ છે.

# 'અબતક' પરિવારના પરેશ મૂછડીયાનો જન્મદિવસ



'અબતક' પરિવારના પરેશ મૂછડીયાનો આજે જન્મદિવસ છે. છેલ્લા ૧૨ વર્ષથી મશીન રૂમમાં શ્રેષ્ઠ ફરજ બજાવનાર પરેશભાઈનો મળતાવાળો અને લાગણીશીલ સ્વભાવએ જ એની ઓળખાણ બની રહી છે. આજ તેના જન્મદિવસે તેના મો.નં.૯૭૭૩૧ ૬૮૮૮૩ પર સ્નેહીજનો, મિત્ર-વર્તુળ દ્વારા શુભેચ્છાઓનો વરસાદ વરસી રહ્યો છે. પરેશભાઈના જન્મ દિવસે 'અબતક' પરિવાર શુભકામના પાઠવે છે.

# મોટામવા ગ્રુપ દ્વારા દ્વારકાનાં પદયાત્રાઓ માટે સેવા કેમ્પ

**અબતક, રાજકોટ**

મોટામવા ગ્રુપ દ્વારા દર વર્ષની પરંપરા મુજબ આ વર્ષે પણ દ્વારકા જતા પદયાત્રીઓ માટે સેવા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. છેલ્લા ૨૪ વર્ષથી સતત આ સેવા કાર્ય કરવામાં આવી રહ્યું છે, જે મોટા મવા ગ્રુપની સામાજિક અને ધાર્મિક પ્રતિબધ્ધતાનું પ્રતિક છે.

આ સેવા કેમ્પમાં પદયાત્રીઓ માટે ચા, પાણી અને નારીયેલ પાણી સહિતની સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે, જેથી લાંબી યાત્રા દરમિયાન ભકતોને આરામ અને તાજગી મળી રહે.

મોટામવા ગ્રુપ હંમેશાં ભકતજનોની સેવા માટે સમર્પિત રહ્યું છે અને આ વર્ષે પણ શ્રદ્ધાપૂર્વક સેવા કાર્ય હાથ ધરવામાં આવ્યું છે. ગ્રુપના સભ્યો અને સેવાભાવી મિત્રો દ્વારા યાત્રાળુઓને સહાય અને સહકાર પૂરો પાડવામાં આવી રહ્યો છે.

આ સેવા કાર્યમાં સહભાગી બની દ્વારકાધીશના આશીર્વાદ પ્રાપ્ત કરવા તમામ ધર્મપ્રેમી ભકતોને મોટા મવા ગ્રુપ તરફથી વિનંતી કરવામાં આવે છે.

# જનકલ્યાણ ટ્રસ્ટના જાગૃતિ અભિયાનમાં ૮૧૩મું ચક્ષુદાન

**અબતક, રાજકોટ**



નૌતમલાલ દામોદરભાઈ પતિરાનું અવસાન થતા તેમના પરિવારની ઈચ્છા અનુસાર તથા જનકલ્યાણ ટ્રસ્ટની પ્રેરણાથી ચક્ષુદાન કરાવેલ છે. તે ખુબ જ અનુકરણીય ઉદાહરણ પુરુ પાડયું છે. જનકલ્યાણ ટ્રસ્ટની પ્રેરણાથી અંગદાન, ચક્ષુદાન, સ્કીન ડોનેશન, દેહદાન જાગૃતિ અભિયાનમાં કુલ ૮૧૩ ચક્ષુદાન તથા ૬૩મું દેહદાન થયેલ છે. ફેબ્રુઆરી ૨૦૨૬માં આ છઠ્ઠું ચક્ષુદાન થયેલ છે.

સમગ્ર ગુજરાતમાં ચક્ષુદાન સ્કીન ડોનેશન, દેહદાન ની વધુ માહીતી માટે જનકલ્યાણ ટ્રસ્ટના ચેરમેન ઉમેશભાઈ મહેતા મો. નં. ૯૪૨૮૫ ૦૬૦૧૧ પર સંપર્ક કરવા જણાવ્યું છે.

ગોપીનાથજી ગૌ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ ઉપક્રમે

# ભુપગઢ પ્રાથમિક શાળામાં કાલે યોજાશે આયુર્વેદિક સર્વ રોગ નિદાન-રકતદાન કેમ્પ

## આર્યુવેદીક પદ્ધતિથી હઠીલા રોગોનુ સચોટ નિદાન-સારવારની અપાશે સેવા

**અબતક, રાજકોટ**

આજના સમયમાં બદલાતી જીવનશૈલીને કારણે લોકોમાં શારીરિક અને માનસિક વ્યાધિઓનું પ્રમાણ વધી રહ્યું છે. સેવા અને સ્વાસ્થ્યના ઉમદા હેતુ સાથે રાજકોટના ભુપગઢ ખાતે આગામી રવિવારે તા.૨૨ ફેબ્રુ.એ એક ભવ્ય આયુર્વેદિક સર્વરોગ નિદાન અને બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પ ગોપીનાથજી ગૌ સેવા ચેરિટેબલ ટ્રસ્ટ-ભુપગઢ, અને જ્ઞાનજ્યોત એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત બી.જી.ગરૈયા આયુર્વેદ હોસ્પિટલ-કાળીપાટના સંયુક્ત ઉપક્રમે યોજાશે. આ કાર્યક્રમ ૨૨-૦૨-૨૦૨૬ ના રોજ સવારે ૧૦:૦૦ થી બપોરે ૧:૦૦ વાગ્યા સુધી ભુપગઢ પ્રાથમિક શાળા ખાતે રાખવામાં આવ્યો છે.

આ શિબિરમાં નિષ્ણાંત તબીબો પોતાની સેવાઓ આપશે. જેમાં જનરલ મેડિસિન, સ્ત્રીરોગ નિષ્ણાંત, બાળરોગ નિષ્ણાંત, કાન-નાક-ગળાના ડોકટરો તેમજ અનુભવી સર્જન ડોકટરો હાજર રહીને દર્દીઓની તપાસ કરશે. આ તમામ સેવાઓ માટે તદ્દન વિનામૂલ્યે રાખવામાં આવી છે. કેમ્પમાં પક્ષાઘાત, ઘૂંટણ અને સાંધાના દુખાવા જેવી ગંભીર સમસ્યાઓ માટે આયુર્વેદિક પદ્ધતિથી માર્ગદર્શન અપાશે. આ ઉપરાંત દમ, શ્વાસ, કબજિયાત, એસીડીટી, કફના રોગો અને હાઈ બ્લડપ્રેશર જેવી તકલીફોથી પીડાતા દર્દીઓ માટે પણ નિષ્ણાંતો દ્વારા ખાસ નિદાન કરવામાં આવશે.

ચામડીના રોગો, હરસ, મસા, ભગંદર અને વર્ષો જૂના હઠીલા રોગોની સારવારમાં આયુર્વેદ અત્યંત અસરકારક સાબિત થાય છે. આ કેમ્પમાં આ પ્રકારના તમામ રોગો માટેના નિષ્ણાંત ડોકટરો ઉપલબ્ધ રહેશે. માનસિક બીમારીઓ અને અનિદ્રા જેવી સમસ્યાઓ માટે પણ પરામર્શ આપવામાં આવશે. આરોગ્ય તપાસની સાથે સમાજ પ્રત્યેની જવાબદારી નિભાવવા માટે બ્લડ ડોનેશન કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું છે. સ્વસ્થ યુવાનોને રક્તદાન કરીને પુણ્યનું ભાથું બાંધવા આયોજકો દ્વારા અપીલ કરવામાં આવી છે.

આ આયોજનને સફળ બનાવવા માટે સંજયભાઈ (૯૯૭૮૯ ૫૩૫૩૦), ભુપતભાઈ (૯૯૭૯૫ ૮૪૭૯૫), નરેશભાઈ (૯૯૨૫૪ ૯૨૦૫૨) અને કિરીટભાઈ (૭૬૦૦૫ ૫૭૬૨૨) સહિતની ટીમ જહેમત ઉઠાવી રહી છે. વધુ માહિતી માટે રાજેશભાઈ, જયરાજસિંહ, રૂપેશભાઈ, ભરતભાઈ રાજેન્દ્રભાઈનો સંપર્ક કરી શકાય છે. આ કેમ્પ સંપૂર્ણપણે નિઃશુલ્ક હોવાથી ગરીબ અને મધ્યમ વર્ગના લોકો માટે આશીર્વાદરૂપ સાબિત થશે.

આજે વિશ્વ માતૃભાષા દિવસ

# મને મારી ગુજરાતી ભાષાનો ગર્વ: નર્મદ

## ભાષાનું જ્ઞાન, જ્ઞાનનું દ્વાર છે

**અબતક, રાજકોટ**

દર વર્ષે ૨૧ ફેબ્રુઆરીએ આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ ઉજવવામાં આવે છે. વિશ્વમાં ભાષા, સાંસ્કૃતિક વિવિધતા અને બહુભાષિતાને પ્રોત્સાહન આપવા તેમજ લોકોને પોતાની માતૃભાષા પ્રત્યે જાગૃત કરવાના હેતુથી ૨૧ ફેબ્રુઆરી, ૧૯૯૯નાં દિવસને યુનેસ્કોએ વિશ્વ માતૃભાષા દિવસ જાહેર કર્યો હતો. યુએનનાં જણાવ્યા અનુસાર વિશ્વભરમાં બોલાતી ભાષાઓની સંખ્યા આશરે ૬૦૦૦થી વધુ છે. વિશ્વમાં સૌથી વધુ બોલાતી ભાષામાં જાપાની, અંગ્રેજી, રુશી, બંગાલી, પુર્તગાલી, અરબી, પંજાબી, મેંડારિન, હિન્દી અને સ્પેનિશ છે. સામાન્ય રીતે માતૃભાષા એટલે બાળકને માતા તરફથી મળેલી ભાષા. પરિવારમાં બોલાતી ભાષા એટલે માતૃભાષા. જે ભાષાનો શબ્દ બાળકે સૌપ્રથમ સાંભળ્યો, કાલુ-કાલુ બોલવાનો પ્રયત્ન કર્યો હોય અને બાદમાં તે ભાષાનું શબ્દભંડોળ સમૃધ્ધ થવાથી તેના પર પ્રભુત્વ આવ્યું હોય તે માતૃભાષા. જે ભાષામાં વિચારવાનું, લાગણીઓ અનુભવવાનું, તેમજ લાગણીઓ અને વિચારો પ્રદર્શિત કરવાનું બાળક શીખ્યું હોય તે ભાષા એટલે માતૃભાષા.

પરંતુ એ આપણો વારસો છે એટલે સાવ લુપ્ત તો ન જ થવો જોઈએ. સંસ્કૃત ભાષા વાંચતા અને સમજતા તો આવડવી જ જોઈએ અને બાળકોને જેમ નાનપણથી જ અંગ્રેજી ભષાનું વણગણ લાગાડવામાં આવે છે તેમ સંસ્કૃત ભાષા પણ શીખવવી જોઈએ. દરરોજ સંસ્કૃતનાં શ્લોકોનું ઉચ્ચારણ કરવાથી ઉચ્ચારણ શુધ્ધ થાય છે. તમામ ભાષાઓનું સન્માન કરવું જોઈએ અને પોતાની માતૃભાષાને ટકાવી રાખવા એને કંઠસ્થ કરવી જોઈએ. **-મિત્તલ ખેતાણી (મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)**

# મકાનની સાથોસાથ કબાટ સાફ કરી રોકડ-ઘરેણાં ચોરી જનાર રાજસ્થાની તસ્કર ઝબ્બે

## લગ્નના બે દી' પૂર્વે કણકોટના યુવકે મકાનની સફાઈ કરવા ઓનલાઈન જાહેરાતમાંથી નંબર મેળવી માણસો બોલાવ્યા'તા





**અબતક, રાજકોટ**

કાલાવડ રોડ પર ઈસ્કોન મંદીર પાછળ રહેતાં યુવાને પોતાના લગ્નના બે દિવસ પહેલા ઘરની સફાઈ કરવા માટે ઈન્સ્ટાગ્રામમાં આવેલ એડ જોઈ 'સાવરીયા હોમ ક્લીનીંગ' ને બુકીંગ આપ્યા બાદ તેના ઘરની સાથે રોકડ અને દાગીના મળી કુલ રૂ.૧.૬૬ લાખની મતાની પણ સફાઈ થઈ જતાં યુનિવર્સીટી પોલીસે ગુનો નોંધી ગણતરીની કલાકોમાં જ રાજસ્થાની તસ્કરને દબોચી તમામ મુદ્દામાલ રિકવર કર્યો હતો.

બનાવની વિગતો પર નજર કરવામાં આવે તો કાલાવડ રોડ પર ઈસ્કોન મંદિરની પાછળ રૂડા-૩, પ્લોટ નં.૭ માં રહેતાં રાજનભાઈ રાજેન્દ્રકુમાર સોલંકી (ઉ.વ.૩૧) એ નોંધાવેલ ફરીયાદમાં જણાવ્યું હતું કે, તેના લગ્ન હોય જેથી ઈન્સ્ટાગ્રામ એડમાથી 'સાવરીયા હોમ ક્લીનીંગ' એડમાંથી મોબાઈલ નંબર મેળવી બુકિંગ કરાવેલ હતું. બાદ તા.૧૭ ના સવારે દશેક વાગ્યાની આસપાસ ઘરે બુકીંગ કરાવ્યા મુજબ સફાઈ વાળા બે લેડીસ અને એક જેન્ટ્સ આવેલ હતા. યુવાને તેમને ઘરની અંદર જે કાંઈ સાફ સફાઈ કરવાની હતી, તે કહેલ અને ઘરમાં આવેલ તમામ ફર્નીચરના કબાટમાં સાફ સફાઈ કરવાની નથી, તે કબાટ ને અડતા નહી તેમ જણાવતા સાફ સફાઈ શરૂ થઈ હતી. બાદ રાત્રીના નવેક વાગ્યાની આસપાસ સફાઈ પૂર્ણ થઈ જતાં તત્રણેય નીકળી ગયેલ હતા. બીજા દિવસે કબાટ ચેક કરતા તેમાં રાખેલ બેગમાંથી સોનાનુ મંગલ સુત્ર, બુટી નંગ બે રૂ. ૧,૧૧,૧૨૧, બે સોનાની વીંટી રૂ.૫૫ હજાર મળી કુલ રૂ. ૧.૬૬ લાખના ઘરેણાં અને રોકડ નહિ મળી આવતા યુવકે ચોરી અંગે યુનિવર્સીટી પોલિસ મથકમાં ફરીયાદ નોંધાવી હતી. ચોરીની ઘટનાને પગલે યુનિવર્સિટી પોલીસ મથકના પીઆઈ એચ એન પટેલના માર્ગદર્શન હેઠળ ડી સ્ટાફ પીએસઆઈ વી જી ડોડીયાની ટીમે હ્યુમન રિસોર્સ મારફતે તપાસ શરૂ કરી હતી. દરમિયાન હેડ કોન્સ્ટેબલ ગોપાલસિંહ જાડેજા, કોન્સ્ટેબલ દિવ્યરાજસિંહ સુખદેવસિંહ અને પ્રવીણભાઈ જતાપરાને ખાનગી રાહે હકીકત મળી હતી કે, ઈસ્કોન મંદિરની પાછળ આવેલ મકાનમાંથી સોનાના ઘરેણા તથા રોકડ રૂપિયાની ચોરીને અંજામ આપનાર ન્યુ ૧૫૦ ફૂટ રીંગ રોડ પર સનાતન બિલ્ડીંગ સાઈટની સામે ઓરબીટ સર્કલ તરફ જતા રોડ પર ચોરીના ઘરેણા સાથે ઉભો છે. જેથી તાત્કાલિક યુનિવર્સિટી પોલિસની ટીમ બાતમીવાળા સ્થળે દોડી ગઈ હતી અને ત્યાં હાજર મળી આવેલ કિરણકુમાર માંગીલાલ કીર (ઉવ ૧૯ હાલ રહે. વિજય પ્લોટ શેરી નં.-૩, મંગળા રોડ, રાજકોટ મૂળ રહે. ઉદયપુર, રાજસ્થાન) ની ધરપકડ કરી સોનાના ઘરેણા તેમજ ૬૦૦ રૂપિયાની રોકડ મળી કુલ રૂ.૧,૬૬,૭૨૧ નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

ઝડપાયેલ શખ્સે કબુલાત આપી હતી કે, સફાઈ દરમિયાન મકાન માલિકે ફર્નિચરનો કબાટ નહીં ખોલવા જણાવ્યું હતું. જેથી આ કબાટમાં કીમતી ચીજ-વસ્તુઓ હોવાની શંકાએ તસ્કરે કબાટ ખોલતા અહીં બેગમાં રાખેલ સોનાના ઘરેણા અને રોકડ મળતા તેણે ચોરીને અંજામ આપી દીધો હતો. ઉલ્લેખનીય છે કે, સફાઈ માટે તસ્કર સાથે આવેલી બે સગીરાઓની કોઈ શંકાસ્પદ ભૂમિકા જણાઈ આવી ન હતી.

**કબાટ ખોલતા જ રૂ. ૧.૬૬ લાખની મતા જોઈ બે સગીરા સાથે ક્લીનીંગ કરવા આવેલો કિરણની દાનત બગડી'તી : યુનિવર્સિટી પોલિસે તસ્કરને દબોચી તમામ મુદ્દામાલ રિકવર કર્યો**

# રૂ.૮૮.૫૦ લાખના સાયબર ક્રાઈમના આરોપીના શરતી જામીન મંજૂર

## દિલ્હી ક્રાઈમ બ્રાન્ચના અધિકારીની ઓળખ આપી ૪૫ દિવસ સુધી ડિજિટલ એરેસ્ટ કર્યું

**અબતક, રાજકોટ**

દિલ્હી પોલીસની ક્રાઈમ બ્રાન્ચના અધિકારી તરીકેની ખોટી ઓળખ આપી ડિજિટલ એરેસ્ટ કરી રૂમ.૮૮.૫૦ લાખના સાઈબર ક્રાઈમના ગુન્હામાં પકડાયેલ શરતી જામીન પર છૂટકારો સેશન્સ અદાલતે ફરમાવ્યો છે.

આ અંગેની હકીકત મુજબ, આ કામના ફરીયાદી દિનેશભાઈ પટેલે, રાજકોટ સાઈબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી, તેમાં પોતે તા.૨૪/ ૮/ ૨૦૨૫ના રોજ પોતાના ઘરે હતાં ત્યારે સવારે ૮ વાગ્યાના અરસામાં ટેલિફોન ડિપાર્ટમેન્ટમાંથી બોલું છું, તમને દસ મિનિટ પછી દિલ્હી ક્રાઈમ બ્રાન્ચમાંથી સુનિલકુમાર ગૌતમનો ફોન આવશે. તેમની સાથે વાત કરી લેજો. તેમ કહી ફોન કટ કરી દીધેલ. ત્યાર બાદ દસ મિનિટ પછી અજાણ્યા વોટસઅપ નંબરથી આવેલ અને પોતે દિલ્હી ક્રાઈમ બ્રાન્ચમાંથી બોલતા હોવાનું જણાવેલ અને જણાવેલ કે સંદિપકુમાર નામના વ્યકિત વિરૂધ્ધ મની લોન્ડરિંગ ગુન્હો દાખલ થયેલ છે, તેમાંથી તમને ૧૦% હિસ્સો આપેલનું સુપ્રીમ કોર્ટમાં નિવેદનમાં આપેલ છે, તેમાં સંદિપકુમારના ઘરે રેડ પાડતા તેમની પાસેથી આઠ મિલિયનની રોકડ રકમ ૧૮૦ જુદી જુદી બેન્કની પાસબુક, ડેબીટ કાર્ડ, ક્રેડીટ કાર્ડ, ચેકબુકો તેમજ મોટા જથ્થામાં ડ્રગ્સ કબજે કરેલ છે અને તેના હિસ્સેદાર તમે પણ છો અને આ કેસમાં તમારે આખી જિંદગી જેલમાં રહેવું પડશે.આમ, કહી ફરીયાદીને ૪૫ દિવસ સુધી ડિજિટલ એરેસ્ટ રાખી તેની પાસેથી અલગ અલગ બેંકના અલગ અલગ ખાતામાં ટોટલ રૂા.૮૮.૫૦ લાખની સાઈબર ફ્રોડ કરેલ હોવાની ફરીયાદ આપેલ હતી. આ ગુન્હામાં પોલીસે કેતન વિરેન્દ્ર જોષી (રહે. સરસ્વતી કોલોની, સંજોગ ગાર્ડનની બાજુમાં, ગામ : બદનાવર, જિ.ધાર, મધ્યપ્રદેશ)ને તા. ૬/ ૨/ ૨૦૨૬ના રોજ ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરેલ. ત્યારબાદ ટ્રાયલ કોર્ટમાં જામીન અરજી નામંજૂર થતાં આરોપીએ પોતાના એડવોકેટ અમિત એન. જનાણી મારફત સેશન્સ અદાલતમાં જામીન અરજી કરી હતી. જેમાં વકીલે દલીલમાં જણાવેલ કે હાલના કામે આખી એફ.આર.આઈ.માં હાલના આરોપીનું ક્યાંય નામ નથી, ફરીયાદી સાથે અલગ અલગ વોટસઅપ કોલમાં એકપણ નંબર હાલના આરોપીનો નથી. જે અલગ અલગ એકાઉન્ટમાં પૈસા ટ્રાન્સફર કરેલ છે, તેમાંથી એકપણ એકાઉન્ટ હાલના આરોપીના નામનું ન હોય. હાલના આરોપી સામે સદર ગુન્હામાં ક્યાંય પણ પ્રાઈમાફેસી ગુન્હો બનતો ન હોવાની દલીલો કરાઈ હતી, જેને ધ્યાને લઈ સેશન્સ અદાલતે આરોપીને રૂા. ૧૫ હજારના શરતી જામીન ઉપર મુકત કરવા હુકમ ફરમાવ્યો છે. આ કામમાં આરોપી વતી યુવા વકીલ અમિત જનાણી, આસિ. અકરમ સુમરા, તેજલ ગઢવી તેમજ ખુશી પટેલ રોકાયા હતા.

# કનેસરા ગામે મહાદેવ મંદિરના પૂજારી પર હુમલો કરનાર દિપડો પાંજરે પુરાયો

## વન વિભાગે મહામહેનતે દીપડાને એનિમલ કેર સેન્ટર ખાતે ખસેડ્યો,દીપડાને રેબિટ ની અસર હોવાની આશંકા

**અબતક, રાજકોટ**

જસદણ તાલુકાના કનેસરા ગામમાં આજે સવારે વન્ય પ્રાણી એ હુમલો કરતા ગ્રામજનોમાં ફફડાટ ફેલાઈ ગયો છે. ગામમાં આવેલા જડિયા મહાદેવ મંદિરના પૂજારી પર વન્ય પ્રાણીએ ઓચિંતા હુમલો કરતા તેઓને ગંભીર ઈજાઓ પહોંચી છે, હાલ તેઓ સરકારી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.વન વિભાગે મહામહેનતે દિપડો પાંજરે પૂર્યો અને રેબિટની અસર હોવાની વન તંત્ર દ્વારા આ શંકા વ્યક્ત કરી છે.પ્રાપ્ત વિગતો અનુસાર, કનેસરા ગામમાં રહેતા અને છેલ્લા ૧૦ વર્ષથી જડિયા મહાદેવ મંદિરમાં સેવા કરતા સવજીભાઈ દેવાભાઈ લીંબડીયા (ઉં.વ. ૫૦) આજે સવારે ૧૦ વાગ્યાની આસપાસ મંદિરથી સ્નાન કરવા માટે પોતાના ઘરે જઈ રહ્યા હતા. આ દરમિયાન રસ્તામાં છુપાઈને બેઠેલા કોઈ વન્ય પ્રાણીએ તેમના પર અચાનક હુમલો કરી દીધો હતો. સવજીભાઈ પર હુમલો થતા જ તેમણે બૂમાબૂમ કરી હતી. સદનસીબે નજીકમાં હાજર ગ્રામજનો તરત જ દોડી આવ્યા હતા અને પૂજારીનો બચાવ કર્યો હતો. લોકોના ટોળાને જોઈ વન્ય પ્રાણી ત્યાંથી ભાગી છૂટ્યો હતો. વન્યપ્રાણીના હુમલામાં સવજીભાઈને શરીરે ઈજાઓ પહોંચતા તેમને તાત્કાલિક સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે. આ ઘટનાની જાણ થતા જ વન વિભાગને જાણ કરવામાં આવી છે. વન વિભાગ નો સ્ટાફ દોડી ગયો હતો હુમલો કરનાર પ્રાણી દિપડો પાંજરે પુરી વન વિભાગે મહામહેનતે દીપડાને એનિમલ કેર સેન્ટર ખાતે ખસેડ્યો,દીપડાને રેબિટ ની અસર હોવાની આ શંકા તંત્ર દ્વારા કરવામાં આવી છે.

# ગોંડલની ભગવતી જવેલર્સના સંચાલકો ગ્રાહકોના રૂ.૧૩ લાખ મેળવી છનનન

## ઘરેણા બનાવવાના નામે ગોંડલના પ્રૌઢના રૂ.૫.30 લાખ, અન્ય એક ગ્રાહકના ૫.૪0 લાખ અને ખોખળદળના ગ્રાહકના ૨.30 લાખ લઈ પેઢીને તાળા મારી પિતા-પુત્ર ભૂગર્ભમાં ઉતરી ગયા: ગુનો નોંધાયો

**અબતક, રાજકોટ**

ગોંડલમાં ભગવતી જવેલર્સના સંચાલક પિતા-પુત્ર ઘરેણાં બનાવવાના નામે ગ્રાહકો પાસેથી રૂ. ૧૩ લાખ મેળવી પેઢીને તાળું મારી ભૂગર્ભમાં ઉતરી જતાં ગુનો નોંધાયો હતો. જેમાં ગોંડલના પ્રૌઢના રૂ.૫.૩૦ લાખ, અન્ય એક ગ્રાહકના ૫.૪૦ લાખ અને ખોખળદળના ગ્રાહકના ૨.૩૦ લાખ મેળવી સોની વેપારી પોબારા ભણી જતા પોલીસે તપાસ આદરી છે.

બનાવ અંગે ગોંડલના કડવાણીનગર રામ મંદીર પાસે રહેતાં જીતેશભાઈ જેન્તીભાઈ પરમાર (ઉ.વ.૫૪) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે ગોંડલમાં મોટી બજારમાં આવેલ ભગવતી જવેલર્સના વિજય મનુ રાણપરા તેમજ તેમનો પુત્ર આનંદ રાણપરા (રહે. બંને ગોંડલ) નું નામ આપતાં ગોંડલ પોલીસે છેતરપીંડીની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ આદરી હતી.

વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, તેઓ કડીયાકામ કરી પરીવારનુ ગુજરાન ચલાવે છે. ગઈ તા.૨૫/૦૯/૨૦૨૫ ના તેમના દિકરા રૂષીતભાઈના લગ્ન હતાં અને જે લગ્નમાં દિકરાની વહુ માટે સોનાના દાગીના કરાવવાના હોય જેથી તેઓ પત્ની સાથે ગોંડલમા આવેલ ભગવતી જવેલર્સમાં સોનુ પાસ કરવા માટે ગયેલ હતા. ત્યા આ ભગવતી જવેલર્સના માલીક વિજય રાણપરા તથા તેમનો દિકરા આનંદ બન્ને ત્યા દુકાનમાં બેસતા હોય અને ફરીયાદીએ સોનુ પાસ કરેલ હતું. તેમા એક સોનાની હાંસડી તથા બે મંગલ સુત્ર એમ કુલ ૭.૫ તોલા દાગીના નક્કી કરેલ તેના રૂ.૫.૩૦ લાખ થતા હતા.

# રીબડા નજીક હિટ એન્ડ રનઃ ટ્રકે બાઈકને અડફેટે લેતા યુવાનનું મોત

## મજૂરી કામે જતી વખતે પીપળીયા પાસે સર્જાયેલા અકસ્માતમાં શ્રમિકનું મોત

**અબતક, રાજકોટ**

ગોંડલ તાલુકાના પીપળીયા અને રીબડા વચ્ચે આવેલા પુલ પર ગઈકાલે બપોરે અકસ્માત સર્જાયો હતો. પૂરપાટ ઝડપે આવતા ટ્રક ચાલકે મોટરસાયકલને અડફેટે લેતા મધ્યપ્રદેશના ૨૦ વર્ષીય શ્રમિક યુવાનનું ગંભીર ઈજાઓ થવાને કારણે મોત નીપજ્યું છે.પ્રાપ્ત વિગતો મુજબ મૂળ મધ્યપ્રદેશના વતની અને હાલ ગોંડલની ઉંબાળા ચોકડી પાસે રહી મજૂરી કામ કરતા ગોવિંદભાઈ તુલુભાઈ શિંગાડ (ઉં.વ. ૨૦) ગઈકાલે બપોરના સમયે પોતાનું મોટરસાયકલ લઈને મજૂરી કામ અર્થે જઈ રહ્યા હતા. આ દરમિયાન પીપળીયા અને રીબડા વચ્ચેના પુલ પર પહોંચતા જ અજાણ્યા ટ્રક ચાલકે તેમના બાઈકને ટક્કર મારી હતી. અકસ્માતમાં ગોવિંદભાઈને શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી. ઘટનાના પગલે આસપાસના લોકો એકઠા થઈ ગયા હતા અને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે તેમને રાજકોટની સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા.

બનાવની જાણ થતા જ ગોંડલ પોલીસે હોસ્પિટલ પહોંચી જરૂરી કાર્યવાહી કરી હતી. મૃતક યુવાન મજૂરી કામ કરી પોતાનું ગુજરાન ચલાવતો હતો, ત્યારે તેના આકસ્મિક અવસાનથી પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. પોલીસે આ મામલે અકસ્માતનો ગુનો નોંધી, ફરાર ટ્રક ચાલકને ઝડપી પાડવા વધુ તપાસ હાથ ધરી છે.

# યુવકો પર જીવલેણ હુમલો કરવાના ગુનામાં છ શખ્સો જામીન મુક્ત

## ઘોડી ખેલવવા બાબતે ટપારતા થયેલી બોલાચાલીનો ખાર રાખી ત્રણ યુવકને તલવાર ઝીંકી

**અબતક, રાજકોટ**

રાજકોટ જિલ્લાના રાણીપર ગામે ઘોડી ખેલવવા જેવીબાબતે થયેલી બોલા ચાલી નો ખાર રાખી યુવકો પર જીવલેણ હુમલો કરવાના ગુનામાં જેલ હવાલે રહેલા આરોપીઓની જામીન અરજી અદાલતે મંજૂર કરી છે. વધુ વિગત મુજબ રાજકોટ જિલ્લાના રાણીંગપર ગામે વિપુલભાઈ જેમાભાઈ મકવાણા તેનો ભાઈ અને ભત્રીજા દાળમાં દાદા ના મંદિરે બેઠા હતા ત્યારે વિશુ રોજાસરા પ્રદીપ વિશુ રોજાસરા શૈલેષ વીશુ રોજાસરા રાજુ ખોડા રોજાસરા રાણા રામજી રોજાસરા અને વલ્લભ સોમા રોજાસરા બે ધોડી અને વછેરી ખેલવવા જેવી બાબતે થયેલી બોલાચાલી નો ખાર રાખી માર માર્યા અંગેની ભાડલા પોલીસ મથકમાં ફરિયાદ કરવામાં આવી હતી. પોલીસે તમામની ધરપકડ કરી તપાસ પૂર્ણ થતા જેલ હવાલે કરવામાં આવ્યા હતા. બાદ જેલ હવાલે રહેલા ઉપરોક્ત તમામ શખ્સોએ રાજકોટ સેશન્સ કોર્ટમાં જામીન પર છૂટવા અરજી કરી હતી. જામીન અરજીની સુનાવણી કોર્ટ સમક્ષ ચાલવા પર આવતા જેમાં બંને પક્ષોની રજૂઆત બાદ ભચાઉ પક્ષના એડવોકેટ દ્વારા કરવામાં આવેલી લેખિત મૌખિક દલીલમાં બનાવ ખોટી રીતે ઉભો કરવામાં આવેલો છે, ફરીયાદી તથા સાહેદોની ઈન્જરી સામાન્ય પ્રકારની હોય, હત્યાના પ્રયાસ અંગેની ગંભીર ઈજા થયેલ ન હોય વિગેરે મતલબની દલીલ કરવામાં આવેલ. સેશન્સ અદાલત ધ્વારા તમામ હકીકતો અને સંજોગોને ધ્યાને લઈ અને આરોપીના વકીલ ધ્વારા કરવામાં આવેલી રજુઆતો તેમજ અન્ય સુપ્રિમ કોર્ટ તથા હાઈકોર્ટના ચુકાદાઓને ધ્યાને લઈ વિસુ રોજાસરા, પ્રદિપ વિસુ રોજાસરા, શૈલેષ વિસુ રોજાસરા, રાજુ ખોડાભાઈ રોજાસરા, રાણા રામજી રોજાસરા તથા વલ્લભ સોમા રોજાસરાને જામીન મુક્ત કરવામાં આવેલા છે.આરોપી તરફે રાજકોટના જાણીતા ધારાશાસ્ત્રી રાજેશ કે. મહેતા, ધવલ પી. મહેતા, ગૌરવ પી. મહેતા, સી. વી. અઘેરા, સુરેન્દ્રસિંહ એન. જાડેજા, એમ. એન. ચુડાસમા તથા એચ. આર. મહેતા રોકાયેલા હતા.

# ફાળદંગમાં પરિણીતાના પૂર્વ પ્રેમીનો પતિ-સાસુ પર પાઈપ વડે હુમલો

## પરિણીતાએ ઘરેથી ભાગી જવાની ના પાડી દેતાં ધમકાવી ઠપકો આપવા ગયેલા પરિજનોને માર માર્યો

**અબતક, રાજકોટ**

ફાળદંગ ગામે રહેતા શખસે ગામમાં જ રહેતી પરિણીતાના ઘરે જઈ તેને ભાગી જવાનું કહી ધમકી આપી હતી. બાદમાં આ બાબતે ઠપકો આપવા પરિણીતાનો પરિવાર અહીં અવતા આ શખસ તેના માતા-પિતાએ મળી પરિણીતાના પતિ અને પિતાને પાઈપ વડે મારમાર્યો હતો.

ગઢકા રોડ પર ફાળદંગ ગામે રહેતી દયાબેન કાનજીભાઈ ગોહેલ (ઉ.વ.૨૮) નામની પરિણીતાએ કુવાડવા રોડ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે ફાળદંગ ગામે રહેતા અશ્વિન હકાભાઈ રાવળદેવ તેની માતા વનિતાબેન અને તેના પિતા હકાભાઈ રાવળદેવના નામ આપ્યા છે.

દયાબેને ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગઈ તારીખ ૨૦/૨/૨૦૨૬ ના સાંજના સાતેક વાગ્યે આસપાસ તે ઘરે કામ કરતી હતી ત્યારે ઘરની ડેલી ખુલ્લી હોય દરમિયાન ગામમાં રહેતો અશ્વિન બાઈક લઈને ડેલી સામે ઊભો રહીને કહેતો હતો કે, ચાલ આપણે બંને અગાઉ ભાગી ગયા હતા એવી રીતે ફરી ભાગી જઈએ. જેથી પરીણિતાએ ના પાડતા અશ્વિને કહ્યું હતું કે, તું મારી સાથે નહીં આવે તો તારા પતિ કાનાને તથા તારા છોકરાઓને જાનથી મારી નાખીશ તેવી ધમકી આપી તે જતો રહ્યો હતો.

પરિણીતાએ આ બાબતે પતિને વાત કરી હતી બાદમાં રાત્રિના દસેક વાગ્યે આસપાસ પરિણીતા તથા તેના પતિ કાનાભાઈ સાસુ ભાનુબેન જેઠ ભરતભાઈ બધા અશ્વિન રાવળદેવના ઘરે તેના માતા-પિતાને ઠપકો આપવા માટે ગયા હતા. આ બાબતે વાતચીત ચાલતી હતી દરમિયાન અશ્વિન તેના ઘરમાંથી લોખંડનો પાઈપ લઈને આવ્યો હતો અને ફરિયાદીના પતિ કાનાભાઈને હાથમાં થતા પગના ભાગે પાઈપના ઘા ફટકારી દીધા હતા તેમજ પરિણીતાના સાસુ ભાનુબેનને હકાભાઈએ લોખંડનો પાઈપ ફટકાર્યો હતો તથા લાકડાના ધોકા વડે મારમાર્યો હતો. બાદમાં પરિણીતા તેના પતિ અને સાસુ સહિતનાઓ ઘરે આવી ગયા હતા.

દરમિયાન અશ્વિને કહ્યું હતું કે, આજે તો તમે બચી ગયા છો હવે પછી અમારા ઘરે આવશો તો તમને બધાને જાનથી મારી નાખીશ આ હુમલામાં પરિણીતાના પતિ કાનાભાઈ અને તેના સાસુ ભાનુબેનને ઈજા પહોંચી હોય બંનેને સારવાર માટે સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. ત્યારબાદ આ અંગે પરિણીતાએ કુવાડવા રોડ પોલીસ સ્ટેશનમાં આ ફરિયાદ નોંધાવી હતી.

# આરએમસી ક્વાર્ટરમાં પ્રૌઢે આર્થિક ભીંસથી કંટાળી ઝેરી દવા પીધી

## ફૂડ પ્રોડક્ટનું માર્કેટિંગ સાથે સંકળાયેલા અતુલ શાહે કર્યો આપઘાતનો પ્રયાસ

**અબતક, રાજકોટ**

શહેરના ગુરુપ્રસાદ આરએમસી ક્વાર્ટરમાં રહેતા ૫૮ વર્ષીય પ્રૌઢે આર્થિક સંકડામણને કારણે ઝેરી દવા ગટગટાવી લેતા ચકચાર મચી જવા પામી છે. હાલ તેમને સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.

મળતી માહિતી મુજબ, ગુરુપ્રસાદ આરએમસી ક્વાર્ટરમાં રહેતા અતુલભાઈ કાંતિલાલ શાહ (ઉં.વ. ૫૮) ગઈકાલે રાત્રે આશરે આઠેક વાગ્યાની આસપાસ પોતાના ઘરે હતા, ત્યારે તેમણે કોઈ ઝેરી દવા પી લીધી હતી. ઘટનાની જાણ થતા જ પરિવારજનો દ્વારા તેમને તાત્કાલિક સિવિલ હોસ્પિટલ પહોંચાડવામાં આવ્યા હતા. પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે અતુલભાઈ ફૂડ આઈટમના માર્કેટિંગના વ્યવસાય સાથે સંકળાયેલા છે. છેલ્લા કેટલાક સમયથી તેઓ આર્થિક ભીંસ અનુભવી રહ્યા હતા, જેના કારણે માનસિક તણાવમાં આવી જઈ તેમણે આ અંતિમ પગલું ભર્યું હોવાનું મનાઈ રહ્યું છે. અતુલભાઈ ચાર ભાઈ અને બે બહેનોમાં સૌથી મોટા છે. તેમને સંતાનમાં એક દીકરો અને એક દીકરી છે. હાલ હોસ્પિટલ ચોકીના સ્ટાફે આ અંગે નોંધ કરી આગળની તપાસ હાથ ધરી છે.

# સોહમનગરના મકવાણા બંધુ પર પૈસાની લેતીદેતીમાં છરી વડે હુમલો

## સેલ્ફ ડ્રાયવિંગમા કમિશનનું કામ કરતા યુવકને ભગવતીપરામાં બોલાવી બે લાખની ઉઘરાણી કરી અભિષેક બોરીચા આણી ટોળકી તૂટી પડી

**અબતક, રાજકોટ**

સોહમનગરમાં રહેતાં અને સેલ્ફ ડ્રાયવિંગમા કમિશનનું કામ કરતા યુવાનને મિત્ર અભિષેક ઉર્ફે અભિ બોરીચાને અગાઉના વ્યવહારના રૂ. બે લાખ આપવાનાં હતા તે મામલે ભગવતીપરામાં બંને ભાઈઓને બોલાવી સ્કોર્પિયોમાં આવેલ આરોપી તૂટી પડ્યા હતાં અને જ્ઞાતિ પ્રત્યે હડધૂત કર્યા હતાં. જે અંગે બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં એટ્રોસિટી એક્ટ સહિતની કલમ હેઠળ ગુનો નોંધાયો છે.

બનાવ અંગે સોહમનગર પાછળ શિવધારા સોસાયટીમાં રહેતાં રાહુલભાઈ મુકેશભાઈ મકવાણા (ઉ.વ.૨૫) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે અભિષેક ઉર્ફે અભી બોરીચા (રહે. ગુંદાવાડી) અને કાળા કલરની સ્કોર્પિયો કાર નં. જીજે-૩૬-એપી-૫૫૫૭ માં આવેલ અજાણ્યા ત્રણ શખ્સોના નામ આપ્યા છે. ફરીયાદીએ જણાવ્યું હતું કે, તે છૂટક મજુરીકામ કરે છે. પરિવારમાં મોટાભાઈ જયેશભાઈ, માતા ભાવનાબેન અને એક બહેન સ્વેતાબેન રહે છે. મોટાભાઈ જયેશભાઈ અગાઉ સેલ્ફ ડ્રાયવિંગમા કમિશનનું કામ કરતા હતા અને મોટાભાઈના મિત્ર અભિષેક ઉર્ફે અભિ બોરીચા જેને બેડી ચોકડી પાસે ચા માવાની કેબીન છે અને તેઓ પણ કિમિશનનું કામ કરે છે અને આ અભિષેકને મોટા ભાઈએ અગાઉના વ્યવહારના રૂપિયા બે લાખ આપવાનાં હતા.

છેલ્લા બે ત્રણ દિવસથી આ અભિષેક મોટા ભાઈ પાસે ફોનમાં ગાળો બોલી રૂપીયા માંગી ધમકીઓ આપતો હોય જેથી ભાઈ ગભરાઈ ગયેલ અને આ અભિષેક ઘરે આવી ઝઘડો કરશે તેવું વિચારી જુના ઘરે ગણેશનગર ખાતે રહેવા જતો રહેલ હતો. ગઈકાલે સવારથી આ અભિષેકના ભાઈને ફોન કરી ગાળો બોલતા હોય જેથી સવારના સાડા અગીયારેક વાગ્યાનાં સુમારે મોટાભાઈનો ફોન આવેલ કે, અભિષેકના ફોન ભોવ આવે છે, મને ગાળો આપે છે, એટલે આપણે તેને પૈસા આપી દેવા છે, તે ભગવતીપરામાં બોલાવે છે, તો તું મને ગણેશનગરથી લઈ જા.

જેથી ફરીયાદી તેના ભાઈને બાઈકમાં લઈ ગણેશનગરમા તેડવા ગયેલ અને અભિના ભાગના રૂ.૧ લાખ લઈ બંને ભાઈ ભગવતીપરા કોપરગ્રીન સોસાયટીની સામે થોડે દૂર આવેલ પુલ ઉપર બપોરનાં એકાદ વાગ્યે પહોંચેલ તો ત્યાં આ અભિષેક બોરિચા અને તેની સાથે અજાણ્યા બીજા ત્રણ જણા એક કાળા કલરની સ્કોર્પીયોમાં બેસીને આવેલ અને અભિ કારમાંથી નીચે ઉતરી ભાઈને ગાળો આપી ઉશ્કેરાઈ જઈ બંને ભાઈને જ્ઞાતિ પ્રત્યે હડધુત કરી છરી કાઢી ભાઈ ઉપર આડેધડ ઘા મારવા લાગેલ તે વખતે યુવાન ભાઈને બચાવવા વચ્ચે પડતા તેને પણ હાથના બાવડા ઉપર અને પેટના ભાગે છરીનો ઘા ઝીંકી દીધેલ હતો.તેમજ તેની સાથેના બીજા અજાણ્યા ત્રણ શખ્સોએ પણ બંને ભાઈને ઢીકા પાટુનો માર મારવા લાગેલ હતાં. યુવાનને હાથમાં છરી વાગેલી હોય લોહી નીકળવા લાગતા બુમા બુમ કરતાં આરોપી ત્યાંથી નાસી ગયેલ હતાં. બાદમાં બંને ભાઈઓ સારવારમાં સિવિલ હોસ્પીટલે દોડી ગયાં હતાં.

# આઈટીઆઈ જવા નીકળેલો સગીર ભેદી રીતે ગુમ

## ડોક્યુમેન્ટ લઈ અજાણ્યા યુવક સાથે ૧૭ વર્ષીય સગીર ઘરેથી નીકળી જતાં અપહરણનો ગુનો નોંધાયો

**અબતક, રાજકોટ**

આજીડેમ ચોકડી પાસે રહેતા યુવકનો સગીરવયનો ભાઈ સવારે આઈટીઆઈ જવાનું કહીને ઘરેથી નીકળ્યા બાદ બપોર થયા છતાં ઘરે ન આવતા આસપાસના વિસ્તારમાં અને સગા સંબંધીના ઘરે તપાસ કરતા જાણવા મળ્યું હતું કે, નાનો ભાઈ અજાણ્યા યુવક સાથે ચાલ્યો ગયો હોવાનું આજકાલની જણાવ્યું હતું. આજ દિવસ સુધી યુવકના ભાઈની કોઈ ભાળ ન મળતા આજીડેમ પોલીસ સ્ટેશનમાં અપહરણની ફરિયાદ નોંધાવી હતી.

આજીડેમ ચોકડી પાસે રહેતા યુવકે આજીડેમ પોલીસ સ્ટેશનમાં પોતાનો નાનો ભાઈ ગુમ થયાની ફરિયાદ નોંધાવી જણાવ્યું હતું કે, તે ચાર ભાઈ છે. તેનો સૌથી નાનો ભાઈ ૧૭ વર્ષનો છે જે અભ્યાસ કરે છે. ગત તા. ૧૯/૨ ના રોજ બપોરે યુવક અને તેનો બીજા નંબરનો નાનો ભાઈ જેનું જામનગર પોલીસ ગ્રાઉન્ડ હોય જે પૂરું કરીને ઘરે આવ્યા હતા. યુવકના માતા પિતા પ્રસંગ હોવાથી બિહાર ગયા હતા. યુવક અને તેનો ભાઈ જામનગરથી આવ્યા બાદ ઘરે સુઈ ગયા હતા. બપોરના એક વાગ્યા આસપાસ ત્રીજા નંબરના નાના ભાઈએ આવીને ઊઠાડીને કહ્યું કે, ''મોટો ભાઈ સવારે નવ વાગ્યા આસપાસ આઈટીઆઈ જવા નીકળ્યો હતો.તેનું આઈટીઆઈ ૧૧ વાગ્યે પૂરું થઈ જાય છે છતાં હજુ ઘરે આવ્યો નથી'' નાના ભાઈની વાત સાંભળ્યા યુવક આઈટીઆઈ ખાતે તપાસ કરવા ગયો હતો પરંતુ ત્યાં તેનો ભાઈ મળ્યો ન હતો. યુવકે ઘટના બાબતે તેનાં માતા પિતાને જણાવ્યું હતું. તપાસ કરતા જાણવા મળ્યું હતું કે, તે તમામ ડોક્યુમેન્ટ અને થોડા રૂપિયા લઈ ગયો હતો. જે અંગે પોલીસને જાણ કરતા પોલીસે અપહરણનો ગુનો નોંધી સગીરની શોધખોળ શરૂ કરી છે.

# તાલાલાના જાવંત્રી ગામે જમીનના વિવાદમાં ફાયરીંગ કરી મકાન સળગાવ્યું: વૃધ્ધા ગંભીર

## કોર્ટમાં હાર બાદ ફરી વિઘા જમીનનો કબ્જો લેવા ત્રણ ભાઈ સહિત સાત શખ્સોએ આચર્યુ કૃત્ય

## મોડી રાત્રે ફિલ્મી દ્રશ્યો સર્જાયો: પોલીસ કાફલો દોડી ગયો: કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ચુસ્ત બંદોબસ્ત


**અબતક, અતુલ કોટેચા, વેરાવળ**

ગીર સોમનાથ જિલ્લાના તલાલા તાલુકાના લીમ ધ્રાનેશ ગામે ખેતીની જમીનના કબ્જાના મામલે મોડી રાત્રે ઘટનાએ હિંસક સ્વરુપ ધારણ કર્યુ છે. જેમાં જાવંત્રી ગીર ગામના ત્રણ ભાઈ સહિત સાત શખ્સોએ ફાયરીંગ કરી પેટ્રોલ ભરેલા કાચના બોટલો મકાન પર ફેંકી આગ લગાડી હતી જેમાં વૃધ્ધા ગંભીર રીતે દાઝી જતાં સારવાર અર્થે હોસ્પિટલે ખસેડવામાં આવ્યા છે.

આ બનાવની જાણ પોલીસને થતા દોડી ગઈ હતી સ્થિતિ પર કાબુ મેળવ્યો હતો. અને ગુનો નોંધી નાશી શખ્સોની શોધખોળ હાથ ધરી છે.

પોલીસમાંથી પ્રાપ્ત વિગત મુજબ તાલાલાના જાવંત્રી ગામે રહેતા કાસમભાઈ રમઝાનભાઈ બાદરાણી, ગામના જ જામદહુસેન કાસમ મોરી, રફીક કાસમ મોરી, અકરમ કાસમ મોરીઅને ચાર થી પાંચ શખ્સોએ જમીનના વિવાદમાં ફાયરીંગ કરી મકાનમાં આગ ચાપ્યા અંગેની તાલાલા પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવી છે. પોલીસની પ્રાથમિક તપાસમાં ફરીયાદી કાસમભાઈ બાદરાણીની લીમધ્ર ગામે સર્વે નં. ૧૧૪ ની ૫૪ા વિઘા જમીન પર મમદ હુસેન કાસમ મોરીના પરિવાર દ્વારા કબ્જો કર્યો હતો. જે કેસનો કોર્ટનો તા. ૧૯ ફેબ્રુઆરીના રોજ ચુકાદો ફરીયાદી કાસમભાઈની તરફેણમાં આવતા બેલીફ અને પોલીસની હાજરીમાં જમીનનો કબ્જો સોંપ્યો હતો.





ફરીયાદી કાસમભાઈ પરિવારના સભ્યો સાથે ખેતીની જમીનમાં આવેલા મકાને રહેવા ગયા હતા જેમાં બાદ આરોપીઓ ફરી જમીનનો કબ્જો મેળવવા અને કોર્ટના ચુકાદાથી રોષે ભરાયેલા સામે પક્ષના સભ્યોએ મોડી રાત્રે હુમલો કર્યો હતો. આઠથી દસ લોકોએ મકાનમાં રહેલા પરિવારના સભ્યો પર ફાયરિંગ કર્યુ હતું અને ત્યારબાદ મકાનને આગ લગાડી હતી.આગ લગાડવામાં આવી ત્યારે ઘરમાં જમવા બેસેલા આઠમાંથી સાત લોકો દોડીને બહાર નીકળી ગયા હતા. જોકે, એક વૃદ્ધા બહાર નીકળી ન શકતા આગમાં દાઝી ગયા હતા. આગની ઘટના જોઈ ગામના અન્ય લોકો દોડી આવ્યા હતા અને પાણીનો મારો ચલાવી આગ ઓલવવાનો પ્રયાસ કર્યો હતો.

આ ગંભીર ઘટના અંગે તાલાલા પોલીસને જાણ થતા પોલીસ કાફલો બે ગાડીમાં જાવંત્રી ગામે દોડી ગયો હતો. પોલીસે આ મામલે પી.આઈ. પી.વી. ધનેશા સહિતના સ્ટાફે દ્વારા તપાસનો ધમધમાટ આદર્યો છે.

# ૩૨ લાખની ઠગાઈના ગુનામાં ડીઝલ ઓટો કોર્પોરેશનવાળા ચારના આગોતરા જામીન મંજૂર

## લોભામણી સ્કીમોમાં રોકાણ કરાવી વળતર નહીં આપી કાર એસેસરીઝના ધંધાર્થી સાથે છેતરપિંડી કરી

**અબતક, રાજકોટ**

લોભામણી સ્કીમોમાં રોકાણ કરાવી આપેલી ખાતરી મુજબ વળતર નહીં આપી કાર એસેસરીઝ ધંધાર્થી સાથે ૩૨ લાખની છેતરપિંડી વિશ્વાસઘાતની ફરિયાદમાં ડીઝલ ઓટો કોર્પોરેશન વાળા ચાર આરોપીઓએ કરેલી આગોતરા જામીન અરજી સેશન્સ કોર્ટ દ્વારા મંજૂર કરવામાં આવી છે.આ અંગેની હકીકત મુજબ, રાજકોટ શહેરમાં ટાગોર રોડ ઉપર પુનીત કાર એસેસરીઝના નામે ઓટો મોબાઈલનું કામ કરતા અને પુનીત ટ્રેડલિંકના નામે પેઢી ધરાવતા નિમેષ જગજીવન રૂઘાણીએ રૂા. ૩૨ લાખની ઠગાઈની ફરિયાદમાં જણાવ્યા મુજબ, ડીઝલ ઓટો કોર્પોરેશનવાળા મહેન્દ્રભાઈ વૃંદાવનદાસ મહેતા, હિતેષ મહેન્દ્રભાઈ મહેતા, નમન હીતેષભાઈ મહેતા, કલ્પક (ચંપક) હસમુખભાઈ દોશી વગેરેએ પોતાના અંગત મિત્રો તથા સંબંધીઓ માટે સારા વળતર અંગેની સ્કીમો તૈયાર કરેલ છે.ફરીયાદીએ અલગ અલગ બે સ્કીમોમાં કુલ રૂા. ૩૨ લાખનું રોકડેથી રોકાણ કરાવી ફરીયાદીને ચેકથી ત્રણ હપ્તે કુલ રૂા.૩.૫૦ લાખ પરત આપી વિશ્વાસ કેળવી બાકી રહેતા રૂા.૨૮.૫૦ લાખ આરોપીએ મેળવી લઈ ફરીયાદીને મુળ રકમ તથા વળતર પરત નહી કર્યા અંગેની એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. જેથી ચારે આરોપીઓએ સંભવીત ધરપકડ સામે આગોતરા જામીન મેળવવા સેશન્સ કોર્ટમાં અલગ અલગ બે જામીન અરજીઓ કરી હતી. અરજીમાં બચાવમાં જણાવ્યું હતું કે ફરીયાદપક્ષ ચોખ્ખા હાથે આવેલ નથી, ફરીયાદી તથા અન્ય ઈન્વેસ્ટરો જે રકમ આપ્યાની વાત કરે છે તે બે નંબરના રોકડ વ્યવહારો છે, તમામ પક્ષેની રજુઆતો, રેકર્ડ પરનો પુરાવો, ઈન્વેસ્ટીગેશનના કાગળો તથા અરજદારો સામેના તપાસના કાગળોમાં રહેલો રોલ લક્ષે લેતા અને અરજદારોના વકીલની રજુઆતમાં તથ્ય જણાતા આરોપીઓના કસ્ટોડીયલ ઈન્ટ્રોગેશનની આવશ્યકતા જણાતી નથી તેમ ઠરાવી સેશન્સ કોર્ટે ચારે આરોપીઓની આગોતરા જામીન અરજી મંજૂર કરી છે. આ કામમાં આરોપીઓ વતી એડવોકેટ સુરેશ ફળદુ, ભુવનેશ શાહી, કૃણાલ શાહી, ચેતન ચોવટીયા, યુવરાજ વેકરીયા, જસ્મીન દુધાગરા, ભાવીન ખુંટ, જય પીઠવા, સાહીલ કંટારીયા, મદદમાં નીરવ દોંગા, આર્યન કોરાટ, જયમલ મકવાણા, રાહીલ ફળદુ રોકાયા હતા.

# રૂ.૩.૧૦ લાખના ચેક રિટર્ન કેસમાં ચેતન પારેખને એક વર્ષની જેલ

## ફરીયાદીને વળતર ન ચુકવે તો વધુ ૬ માસની કેદની સજાનો હુકમ

**અબતક, રાજકોટ**

મિત્રતાના નાતે ₹ ૩.૧૦ લાખ ઉછીના લઈ પરત ચૂકવવા માટે આપેલો ચેક રિટર્ન થવાના કેસમાં અદાલતે આરોપીને એક વર્ષની સજા અને ચેકની રકમ વળતર તરીકે ન ચુકવે તો વધુ છ માસની સજાનો હુકમ કર્યો છે.

આ કેસની હકિકત મુજબ, હરીશચંદ્ર રમેશચંદ્ર ઝવેરી પાસેથી ચેતન નટવરલાલ પારેખે બંને મિત્ર હોવાના નાતે અંગત જરૂરીયાત માટે નાણાંની જરૂરીયાત ઉભી થતાં રૂપિયા ૩.૧૦ લાખ એક માસ બાદ પરત કરી આપશે તેવું વચન આપીને લીધા હતા. ચેતન પારેખે આપેલા સમય મુજબ રમેશચંદ્ર ઝવેરીએ રકમની માંગણી કરતા ચેતન પારેખે તા.૧૫/ ૬/ ૨૦૨૩ના રોજનો રૂા.૩.૧૦ લાખનો ચેક આપેલ, જે ચેક લખનારના ખાતામાં ''ફંડ ઈનસફીસીયન્ટ''ના શેરા સાથે પરત ફરેલ. જેથી ફરીયાદીએ આરોપીને એડવોકેટ મારફત લીગલ નોટિસ ફટકાર્યા બાદ કોર્ટમાં ફરીયાદ દાખલ કરેલ. ત્યાર બાદ આ કેસ ચાલવા ઉપર આવતા તેમજ ફરીયાદી દ્વારા આપવામાં આવેલ પુરાવાઓ તથા ફરીયાદીના એડવોકેટ ગૌતમ ગાંધી દ્વારા કરવામાં આવેલ દલીલો તેમજ સુપ્રીમ કોર્ટ તથા વિવિધ ઉચ્ચ અદાલતોના ચુકાદાઓ રજુ કરવામાં આવેલ જે એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ એ.જે. સંઘવીએ માન્ય રાખી આરોપી ચેતન પારેખને ૧ વર્ષથી સાદી કેદની સજા તથા ફરીયાદીને વળતર પેટે રૂા. ૩.૧૦ ન ચુકવે તો વધુ ૬ માસની કેદની સજાનો હુકમ કરવામાં આવ્યો છે. આ કામમાં ફરીયાદી વતી એડવોકેટ રાકેશભાઈ દોશી, ગૌતમ ગાંધી, વૈભવ કુંડલીયા, તથા આસિસ્ટન્ટ તરીકે વાસુ વાડોદરીયા, વ્રજેશ મકવાણા રોકાયા હતા.

# ધંધામાં રોકાણ બહાને રૂ.૩૧.૮૮ લાખની ઠગાઈના ગુનામાં આરોપી રિમાન્ડ પર

## પેપર, સ્ક્રેપ અને થર્મોકોલ રો-મટીરીયલ ઈમ્પોર્ટ કરવામા ઊંચા વળતરની લાલચ આપી કૌશલ ભોજાણીએ વેપારીને ચૂનો ચોપડ્યો

**અબતક, રાજકોટ**

વિદેશથી આયાતના ધંધામાં ભાગીદાર બનાવવા લલચાવી રોકાણના બહાને વેપારી સાથે રૂા. ૩૧.૮૮ લાખની ઠગાઈ આચર્યાની ફરિયાદ મામલે પકડાયેલા આરોપીને કોર્ટે ત્રણ દિવસની રીમાન્ડ પર સોંપવાનો હુકમ કર્યો હતો.

આ અંગેની હકીકત મુજબ શહેરના રૈયા ટેલિફોન એક્ષચેન્જ ગુણાતીતનગર મેઈન રોડ રહેતા કૌશલ યોગેશભાઈ ભોજાણી પાસેથી સાધુ વાસવાણી રોડ,સિલ્વર એપાર્ટમેન્ટ મા રહેતો સાવન રમેશભાઈ ધમસાણીયાએ પોતે પેપરના કાગળો, લોખંડનો સ્ક્રેપ અને થર્મોકોલ રો-મટીરીયલ જેવી વસ્તુઓ વિદેશથી ઈમ્પોર્ટ કરવાનું કામ કરે છે તેવી ઓળખ આપી હતી અને ધંધામાં રોકાણ કરવાથી મોટું વળતર મળશે તેવી લાલચ આપી કૌશલ યોગેશભાઈ ભોજાણીને વિશ્વાસમાં લીધા હતા અને ભાગીદારી કરી હતી. કૌશલભાઈ ભોજાણીએ કુલ રૂા.૯૩,૨૧,૫૦૦ સાવન રમેશભાઈ ધમસાણીયા અને તેની પત્નિના ખાતામાં રોકાણ કર્યુ હતુ.

શરૂઆતમાં વિશ્વાસ લઈ નફા પેટે રૂા. ૬૧,૩૩,૦૦૪/- પરત આપ્યા હતા. પરંતુ પછીથી સાવનભાઈ રમેશભાઈ ધમસાણીયાએ બાકી રહેતા રૂા. ૩૧,૮૮,૪૯૬/- પરત આપવા બાબતે કોઈ જવાબ આપવા ન હતા અને રકમ પણ ચુકવતા ન હતા. જેથી કૌશલ યોગેશભાઈ ભોજાણીની સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી થયાનું માલુમ પડતા, ગાંધીગ્રામ-૨ પોલીસ સ્ટેશનમાં સાવન રમેશભાઈ ધમસાણીયા તેમના પત્નિ દર્શનાબેન સાવનભાઈ ધમસાણીયા વિરૂધ્ધ છેતરપિંડી તથા વિશ્વાસઘાત અને દગા પ્રપંચ કરી રકમ ઓળવી ગયાની ફરીયાદ કરેલ હતી. આ ફરીયાદના કામે ગાંધીગ્રામ-૨ પોલીસ અધિકારીએ ફરીયાદ નોંધી આરોપીની ધરપકડ કરેલ હતી અને આરોપીને કોર્ટમાં રજુ કરી વધુ તપાસ અર્થે આરોપીની જરૂરીયાત હોય રિમાન્ડની માંગણી કરેલ હતી. જે કામે કોર્ટે સરકારી વકીલ રશ્મીનભાઈ ગોસાઈ તથા તપાસનીશ પોલીસ અધિકારીની માંગણી અને રજુઆતો સાંભળી કોર્ટે આરોપીને તપાસના કામે દિવસ-૩ ના રિમાન્ડ પર સોંપવાનો હુકમ ફરમાવ્યો છે.

(પહેલા પાનાનું ચાલુ)

### અમેરિકા...

અને વેચે છે ઓછી. આ ૧૦% ટેરિફથી આયાત મોંઘી થશે, જેનાથી અમેરિકાની વ્યાપાર ખાધમાં સુધારો થશે.

સુપ્રીમ કોર્ટે ટ્રમ્પના અગાઉના ટેક્સને ગેરકાયદેસર ગણાવ્યા. આનો અર્થ એ થયો કે સરકારે કંપનીઓ પાસેથી જે ટેક્સ લીધો હતો, તે હવે પાછો આપવો પડે. એક અંદાજ મુજબ આ રકમ ૧૭૫ બિલિયન ડોલર જેટલી મોટી છે. જો આટલા બધા પૈસા પાછા આપવા પડે, તો અમેરિકાની સરકાર મુશ્કેલીમાં મુકાઈ જાય. સરકારના અધિકારીઓએ પણ સ્વીકાર્યું છે કે આ નવા ૧૦ ટકા ટેક્સથી ૨૦૨૬માં એટલી જ કમાણી થશે જેટલી જૂના ટેક્સથી થવાની હતી. એટલે કે, સુપ્રીમ કોર્ટના ચુકાદાથી જે ૧૭૫ બિલિયન ડોલરનું જોખમ ઊભું થયું હતું, તેની સામે આ નવો ટેક્સ રક્ષણ આપશે.

### સોનાની લે-વેચ...

કોન્ટ્રાક્ટની એક્સપાયરી જે તે કોન્ટ્રાક્ટ મહિનાના છેલ્લા કેલેન્ડર દિવસે થશે. જો મહિનાના છેલ્લા દિવસે શનિવાર, રવિવાર કે જાહેર રજા હશે, તો તેના બરાબર પહેલાંના કામકાજના દિવસને એક્સપાયરી ડેટ તરીકે ગણવામાં આવશે. આ કોન્ટ્રાક્ટ માટે ફાઈનલ સેટલમેન્ટ કિંમત નક્કી કરવાની પદ્ધતિ પણ પારદર્શક રખાઈ છે. સેટલમેન્ટ કિંમત ૯૯૫ શુદ્ધતાના સોનાના (૧૦ ગ્રામ) અમદાવાદના સ્પોટ ભાવ પર આધારિત હશે, જેને ૯૯૯ શુદ્ધતાના ભાવમાં રૂપાંતરિત કરીને ગણવામાં આવશે. આ કિંમત એક્સપાયરીના દિવસે સાંજે ૫:૦૦ વાગ્યાની આસપાસ પોલ (નક્કી) કરવામાં આવશે.

ગુજરાતના રોકાણકારો માટે સારી વાત એ છે કે ડિલિવરી માટેનું મુખ્ય કેન્દ્ર અમદાવાદ ખાતેની ક્લિયરિંગ હાઉસ સુવિધા રહેશે. ડિલિવરી પે-ઈન ઈ+૧ ધોરણે (એટલે કે એક્સપાયરી પછીના દિવસે) સવારે ૧૧:૦૦ વાગ્યા સુધીમાં થશે. એક્સપાયરીના દિવસ સહિત છેલ્લા ત્રણ કામકાજના દિવસોનો સ્ટેગર્ડ ડિલિવરી પિરિયડ રહેશે, જે દરમિયાન માર્જિનના નિયમો કડક રહેશે.

આ કોન્ટ્રાક્ટ સંપૂર્ણપણે 'ફરજિયાત ડિલિવરી આધારિત' રહેશે. એટલે કે જો એક્સપાયરી સુધી પોઝિશન સ્ક્વેર ઓફ નહીં કરવામાં આવે તો રોકાણકારે સોનાની ફિઝિકલ ડિલિવરી લેવી કે આપવી પડશે. ડિલિવરી યુનિટ તરીકે ૯૯૯ શુદ્ધતાનું ૧૦ ગ્રામ સોનું માન્ય રહેશે. આ સોનું સીરિયલ નંબર વાળું અને એલબીએમએ -માન્યતા પ્રાપ્ત અથવા એનએસઈ દ્વારા માન્ય સપ્લાયર્સ દ્વારા પ્રમાણિત ક્વોલિટી સર્ટિફિકેટ સાથેનું હોવું ફરજિયાત છે.

### ટોલપ્લાઝા...

નિયમો મુજબ, જો કોઈ વાહન માન્ય ફાસ્ટટેગ વગર ટોલ પ્લાઝામાં પ્રવેશે છે અને રોકડમાં ચુકવણી કરે છે, તો તેની પાસેથી નિર્ધારિત ટોલ કરતાં બમણો (૨ ગણો) ચાર્જ વસૂલવામાં આવે છે. જ્યારે યુપીઆઈ દ્વારા ચુકવણી કરવા પર ૧.૨૫ ગણો ચાર્જ લેવામાં આવે છે. આ પગલાંનો મુખ્ય ઉદ્દેશ્ય લોકોને રોકડ વ્યવહારથી દૂર કરી ડિજિટલાઈઝેશન તરફ વાળવાનો છે.

### હુમલો...

ઉલ્લંઘન કરી રહ્યા હતા.

આ હુમલાઓમાં ત્રણ બાળકો સહિત અનેક નાગરિકો ઘાયલ થયા છે. લેબનોનના રાજ્ય મીડિયા અને હોસ્પિટલ સ્ત્રોતો અનુસાર મૃત્યુઆંક ૧૦ છે, જ્યારે કેટલાક અહેવાલોમાં તે ૧૨ સુધી પહોંચ્યો છે.

(ત્રીજા પાનાનું ચાલું)

### જંગલેશ્વર...

કરવા સમયમર્યાદા આપવામાં આવી, એસ્ટેટ, ટાઉન પ્લાનિંગ, એન્જિનિયરિંગ, લાઈટ, પાણી પુરવઠા તથા પોલીસ વિભાગ સાથે સંકલન, જરૂરી મશીનરી, માનવબળ અને વાહનોની વ્યવસ્થા, આ સમગ્ર પ્રક્રિયા પારદર્શક અને કાયદેસર રીતે અમલમાં મુકાઈ રહી છે.

આ કામગીરીથી નદીના કુદરતી વહેણમાં અવરોધ દૂર થશે, વરસાદી મોસમમાં પાણી ભરાવાની સમસ્યા ઘટશે, ટી.પી. રોડ પર ટ્રાફિક વ્યવસ્થા સુધરશે, ભવિષ્યના વિકાસ પ્રોજેક્ટ માટે માર્ગ મોકળો થશે, નદી કાંઠા વિસ્તારને સુવ્યવસ્થિત રૂપ આપવામાં સહાય મળશે.રાજકોટ મહાનગરપાલિકા શહેરના સર્વાંગી વિકાસ માટે પ્રતિબદ્ધ છે. નાગરિકોને વિનંતી છે કે ગેરકાયદેસર દબાણો સ્વૈચ્છિક રીતે દૂર કરી શહેર વિકાસમાં સહભાગી બને અને કાયદો-વ્યવસ્થા જાળવવામાં સહકાર આપે.

### બંદોબસ્ત...

હથિયારો છુપાવી તો નથી રાખ્યા તે બાબતે ડ્રોન મારફતે બાજ નજર પણ રાખવામાં આવશે. કોઈ પણ જગ્યાએ ટીખળના સાધનો હશે તો તુરંત પોલીસ ફોર્સ પહોંચીને સખત કાર્યવાહી કરશે.

ઉપરાંત સંવેદનશીલ ગણાતા જંગલેશ્વર વિસ્તારમાં મેગા ડીમોલેશન દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે શહેર પોલીસના તમામ સ્ટાફની રજાઓ રદ્દ કરી દેવાઈ છે અને સાથોસાથ અન્ય જિલ્લામાંથી પણ પોલીસ બોલાવાઈ છે.

બીજી તરફ ડીસીપી ક્રાઈમ દ્વારા મિટિંગનો દોર યથાવત રાખવામાં આવ્યો છે. મળતી વિગત મુજબ, ક્રાઈમ બ્રાન્ચ, એસઓજીની અલગ અલગ ટીમો પણ એલર્ટ મોડમાં આવી છે અને ટીયરગેસ, લોંગ રેન્જ, શોર્ટ રેન્જ વેપન, પીસ્ટલ સહિતના હથિયારો સાથે સજ્જ થઈ મેદાનમાં રહેશે. કોઈપણ પરિસ્થિતિને પહોંચી વળવા તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે.

જંગલેશ્વરમાં સોમવારે સવાર પડતાં જ કોર્પોરેશનનું બુલડોઝર ચાલવા લાગશે અને મેગા ડીમોલેશનની શરૂઆત થઈ જશે. તે ડીમોલેશન અંતર્ગત શહેર પોલીસનો મોટો પોલીસ કાફલો આ સંવેદનશીલ ડીમોલેશન પર ચાંપતી નજર રાખશે. જો કોઈ વ્યક્તિ

અવરોધ ઉભો કરશે તો તુરંત જ તેમની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. હાલ પોલીસે તમામ તૈયારીઓ પુરી કરી ભકિતનગર પોલીસ મથકમાં પડાવ નાંખી કાર્યવાહી પર નજર રાખવામાં આવી રહી છે.

(ચોથા પાનાનું ચાલુ)

### મહારાજસંઘ...

રહ્યા છેમ તાજેતરમાં ગિરનાર સિદ્ધક્ષેત્રમાંથી વિહાર કરીને ગુરુદેવે રાજકોટ સીમામાં પ્રવેશ કર્યો છે. હવે રાજકોટ શહેરમાં પણ તેમનો પદયાત્રા દ્વારા જ ભવ્ય અને ઐતિહાસિક મંગલ પ્રવેશ યોજાશે. શહેરના વિવિધ વિસ્તારોમાં સ્વાગત દ્વાર, ધાર્મિક કાર્યક્રમો અને ભકિતભાવપૂર્વક આવકારની તૈયારીઓ ચાલી રહી છેમ

આ પાવન અવસર દિગંબર સાધુ ચર્યા ની મહાન પરંપરાનો પ્રત્યક્ષ દર્શન છે – ત્યાગ, તપ, સંયમ અને અહિંસાનું જીવંત સ્વરૂપ.

તમામ શ્રદ્ધાળુજનોએ આ પાવન અવસર પર ઉપસ્થિત રહી ગુરુદેવના સાન્નિધ્યનો લાભ લેવો.

(૧૨માં પાનાનું ચાલું)

### સુપર-૮...

સ્ટેડિયમ ખાતે રમાનારી આ મેચ સાંજે ૭.૦૦ કલાકે શરૂ થશે.કિવિ ટીમનો પ્રારંભ અને તેના મિડલ ઓર્ડરના બેટર કેવો દેખાવ કરે છે અને બીજી તરફ ઉસ્માન તારીક સહિતના પાકિસ્તાની સ્પિનર કેવી બોલિંગ કરે છે તેની ઉપર મેચના પરિણામનો આધાર રહેશે. ન્યૂઝીલેન્ડના બેટર્સ આ વર્લ્ડ કપમાં હજી સુધી અપેક્ષા મુજબની રમત દાખવી શક્યા નથી. તેના બંને ઓપનર ટિમ સેફર્ટ અને ફિન એલને મળીને હજી સુધી બે અડધી સદી ફટકારી છે. જોકે તે સિવાય ગ્લેન ફિલિપ્સ, રચિન રવીન્દ્ર, માર્ક ચેપમેન અને ડેરેલ મિચેલ પણ સાતત્ય મેળવવા માટે સંઘર્ષ કરી રહ્યા છે. આ તમામે શનિવારે એક સાથે મળીને પાકિસ્તાનનો મુકાબલો કરવાનો રહેશે. ફિલિપ્સ અને રવીન્દ્રએ અત્યાર સુધીમાં એક એક અડધી સદી ફટકારેલી છે. પરંતુ તેને બાદ કરતાં તેઓ ખાસ કરી શક્યા નથી. આ મેચ સાથે તેમના તમામ ખેલાડીએ મહત્વપૂર્ણ યોગદાન આપવું પડશે કેમ કે હવેનો તબક્કો અત્યંત મહત્વનો છે અને તેમાં ૩૦થી ૪૦ રનનું યોગદાન પણ પરિણામ બદલવાની સાથે સાથે ટુર્નામેન્ટમાં ટીમની સ્થિતિ બદલી શકે છે.

(છેલ્લા પાનાનું ચાલુ)

### ભાજપના સાંસદો...

વિકાસની રાજનીતિ શરૂ થઈ.

નીતિન નવીને કહ્યું કે, ઊંચાઈ પર પહોંચવું જેટલું કઠિન છે, એટલું જ કઠિન એ સ્થાનને જાળવી રાખવાનું છે. ભારતીય જનતા પાર્ટીના મજબૂત નેતૃત્વ, સ્પષ્ટ નીતિ અને વિકાસની રાજનીતિ થી જનતામાં ભાજપા પ્રત્યેનું સમર્થન છે. તેઓએ સંવાદ સેતુના માધ્યમથી સાંસદ અને ધારાસભ્યોને જનસંપર્ક વધુ મજબૂત, પ્રભાવી અને અસરકારક બનાવવા તેમજ નવાચાર પર ભાર મૂકી કેન્દ્ર અને રાજ્ય સરકારની અનેકવિધ જનકલ્યાણકારી યોજનાઓનો મતવિસ્તારમાં વ્યાપ વધારવા તથા સોશીયલ મીડિયાના પ્રભાવી ઉપયોગ અંગે માર્ગદર્શન આપ્યું હતું. તેઓએ માઈક્રો મેનેજમેંટ થકી સુનિયોજીત વ્યવસ્થા અંગે પણ ભાર મૂક્યો હતો.

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળની દરેક યોજનાના કેન્દ્રમાં ગરીબ અને મધ્યમવર્ગ હોય છે. રાજ્યના સાંસદ અને ધારાસભ્યો કાર્યકર્તાઓના સહકાર થકી સક્રિયતાથી સરકારની યોજનાઓનો ગ્રાઉન્ડ લેવલે પહોંચાડવાનું કાર્ય કરી રહ્યા છે.

આ પ્રસંગે ભાજપા પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્માએ જણાવ્યું હતું કે, રાષ્ટ્રીય અધ્યક્ષની જવાબદારી મળ્યા બાદ નીતિન નવીનની ગુજરાતની આ પ્રથમ મુલાકાત માત્ર એક ઔપચારિક પ્રવાસ નથી, પરંતુ તે બિહારની વૈચારિક ગહનતા અને ગુજરાતની પ્રગતિશીલ વિકાસ દ્રષ્ટિનો અદભૂત સમન્વય છે. ગુજરાતે સાબિત કર્યું છે કે મજબૂત સંગઠન અને દ્રઢ સંકલ્પના જોરે સિદ્ધિઓ હાંસલ કરી શકાય છે, જ્યારે બિહારે ધીરજ અને પ્રતિબદ્ધતા દ્વારા પરિવર્તનનો માર્ગ બતાવ્યો છે. જયારે આ બંને રાજયોની વિચારધારા એક મળે છે, ત્યારે રાષ્ટ્રીય ઊર્જાનું નિર્માણ થાય છે.

### બિઝનેસ સાથે કોમ્પ્રોમાઈઝ...

પહોંચાડવાનું કાર્ય છે. જનધન ખાતાઓ માં દિલ્હીથી નીકળેલો રૂપિયો સીધો ગરીબના ખાતામાં જમા થાય તે સુનિશ્ચિત થયું છે. કેન્દ્રનું બજેટ કર્તવ્ય ભવનથી કર્તવ્ય પથ પર ચાલતું પ્રથમ બજેટ ગણાવી તેમણે તેને ૨૦૪૭ના વિકસિત ભારત માટેનો રોડમેપ તેમજ વૈશ્વિક આર્થિક અસ્થિરતા વચ્ચે ભારતનો ૭% વૃદ્ધિદર અને નિયંત્રિત મોંઘવારીને શિસ્તબદ્ધ નાણાકીય વ્યવસ્થાપનનું પરિણામ ગણાવ્યું. એમએસએમઈ, સ્ટાર્ટઅપ, સેમિકન્ડકટર, ડિફેન્સ અને ઈન્ફ્રાસ્ટ્રકચર ક્ષેત્રે વધારેલા મૂડીરોકાણથી ઉદ્યોગોને બળ મળશે.

નીતિન નવીનએ જણાવ્યું હતું કે, મોબાઈલ ઉત્પાદન સહિત મેન્યુફેકચરિંગમાં ભારત આત્મનિર્ભર બન્યું છે, બેન્કિંગ ક્ષેત્રમાં એનપીએ ૧%થી નીચે લાવવામાં સફળતા મળી છે અને ડિફેન્સ બજેટમાં ૧૫%નો વધારો દેશને વધુ સશક્ત બનાવશે. સુરત કોરિડોર અને ગિફ્ટ સિટી માટેના ટેક્સ હોલિડેઈથી ગુજરાતના ઔદ્યોગિક વિકાસને વેગ મળશે. ગુજરાત ૨૦૩૫ સુધી વિકસિત રાજ્ય બનવાના વિઝન સાથે ઈન્ફ્રાસ્ટ્રકચર, ઈનોવેશન અને સંસ્થાગત મજબૂતી પર કામ કરી રહ્યું છે અને સેમિકન્ડકટર ક્ષેત્રે અગ્રેસર બનશે.

### ધોલેરા...

નેશનલ સોવરેનિટી વિથ એમ્ફસીસ ઓન ધ રાઈટ ટુ ડેટા (ડેટાના અધિકાર પર ભાર મૂકતું રાષ્ટ્રીય સાર્વભૌમત્વ); એક્સેસીબલ એન્ડ ઈન્કલુઝિવ ટેક્નોલોજી (સુલભ અને સમાવિષ્ટ ટેકનોલોજી); અને વી- વેલિડ એન્ડ લેજિટિમેટ સિસ્ટમ (માન્ય અને કાયદેસર પ્રણાલીઓ). વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એઆઈને વાયરલેસ કોમ્યુનિકેશનનું એક ઐતિહાસિક પરિવર્તન તરીકે ગણાવ્યું છે. સાચી ક્ષમતા ફક્ત મશીનોને બુદ્ધિશાળી બનાવવાને બદલે માનવ ક્ષમતાઓના વિસ્તરણમાં રહેલી છે તેવો મત તેમણે દર્શાવ્યો છે.

વડાપ્રધાનના આ વિઝનને અનુસરતાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાતની એઆઈ પ્રત્યેની પ્રતિબદ્ધતાને મજબૂત બનાવીને રાજ્યના આ વર્ષના બજેટમાં એઆઈ અને ડિજિટલ ગવર્નન્સ પહેલ માટે રૂ.૮૫૦ કરોડથી વધુની ફાળવણી કરવામાં આવી છે.

ગુજરાત સરકારના વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગ અને એલએન્ડટી વ્યોમા વચ્ચેના આ એમ.ઓ.યુ. ગુજરાતમાં વિશ્વ કક્ષાના એઆઈ-રેડી ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના નિર્માણ તરફ એક મહત્વપૂર્ણ પગલું છે. એટલું જ નહિં, ભારતની એઆઈ ક્રાંતિમાં મોખરે રહેવા તેમજ નવીનતા, ટકાઉપણું અને સમાવિષ્ટ વિકાસને આગળ ધપાવવામાં ગુજરાતને વધુ સક્ષ્મ બનાવતું કદમ છે.

### ગુજરાતીના માથે...

સમયબદ્ધ ભરતી કરે.

ગુજરાત ઉદ્યોગ, વેપાર અને સાહસ માટે ઓળખાય છે. પરંતુ આજનું શાસન ગુજરાતની ઓળખને દેવાના બોજ હેઠળ દબાવી રહ્યું છે. ગુજરાતના લોકો હવે પ્રશ્ન પૂછશે જાહેર નાણાંનો હિસાબ ક્યાં છે?, માટે જવાબદાર કોણ? આ સમય છે ખોખલા નારાઓ નહીં, પણ હિસાબ આપવાનો. આ સમય છે જાહેરાતો નહીં, પણ જવાબદારીનો.

# દુ:ખદ અવસાન

## સદ્ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના

**રાજકોટ:** ઔદિચ્ય ગુજરાતી સાડા ચારસો મુળ જસદણ હાલ રાજકોટ નિવાસી હરેશભાઈ છેલશંકરભાઈ ત્રિવેદીના પત્ની સ્વ. દેવીન્દ્રાબેન હરેશભાઈ ત્રિવેદી તે કુંદનબેન બી. જોષી, રાજેશભાઈ, હેમંતભાઈ ભાભી, અભિષેક, અર્જુનના માતા, પરેશભાઈ, મુકેશ, શૈલેના બહેન, પ્રિતેશ, આનંદ, ઓમકાર, ત્રિલોકના કાકીનું તા. ૧૮ ને બુધવારના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું તા. ૨૧ ને શનિવારના રોજ સાંજે ૪ થી ૬ દરમિયાન ધારેશ્વર મંદિર, ભકિતનગર સર્કલ રાજકોટ ખાતે રાખેલ છે.

**ગોંડલ:** જેતપુર નિવાસી હાલ ગોંડલ સ્વ વ્રજલાલ ફુલચંદ ગાંધી નાં પુત્ર ધીરેન્દ્રભાઈ વ્રજલાલ ગાંધી (ઉ.વ.૭૭) ભાવનાબેન ના પતિ, સ્વ.અનંતરાયભાઈ (બાલાભાઈ), સ્વ.પ્રતાપભાઈ, સ્વ.નવીનચંદ્ર, નાનાભાઈ, ચિરાગભાઈ, ભાવીકાબેન ચોકસી નાં પિતા, પ્રીન્સના દાદા ધ્રુવી, દેવ ના નાના, અનોપચંદ પરસોતમ ઉચાટ ના જમાંઈ, દીનેશભાઈ, રોહીતભાઈ, કીરીટભાઈ, કિરણભાઈના બનેવીનું નું તા.૧૮/ ના અવસાન પામેલ છે.જેમનું ઉઠમણું તા.૨૩/૦૨/૨૦૨૬ ને સોમવારે સવારે ૧૦-૦૦ કલાકે દાદા ગુરૂ ડુંગરસીજી મહારજ ના ઉપાશ્રયે નાની બજાર ગોંડલ ખાતે રાખેલ છે.પ્રાર્થના સભા:- ૧૦.૩૦ કલાકે બેનાણી ની વાડી વચલી શેરી ખાતે રાખેલ છે

**રાજકોટ:** બ્રાહ્મણ મુળ કોયલી (ખાનપર) હાલ રાજકોટ નિવાસી રાજેન્દ્રભાઈ વાસુદેવભાઈ પંડયાના પુત્ર સ્વ.નિશાંત (ઉ.વ.૩૮) તે નમ્રતા હાર્દિકકુમાર ત્રિવેદી (બેંગ્લોર)ના ભાઈ, હરીશભાઈ, શૈલેશભાઈ, પ્રદીપભાઈ, ધિમંતભાઈ, હંસાબેન આર. ત્રિવેદી (બેગ્લોર), દક્ષાબેન એ ત્રિવેદી (રાજકોટ)ના ભત્રીજા, વસંતભાઈ, જયેશભાઈ પ્રેમશંકરભાઈ ભટ્ટ (રાજકોટ) ના ભાણેજનું તા. ૧૭ ને મંગળવારના રોજ અવસાન થયેલ છે. સદગતનું મોસાળ પક્ષનું બેસણું તા. ૨૩ ને સોમવારે સાંજે ૪.૩૦ થી ૬ દરમિયાન સાઈનાથ મહાદેવ મંદિર:, સાંઈબાબા સોસાયટી અન્ડર બ્રિજ પાસે રેલનગર રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટ:** મચ્છુ કઠિયા સઈ સુથાર દરજી શિવરાજગઢ વાળા હાલ રાજકોટ સ્વ. ગુલાબબેન શાંતિલાલ સોલંકી (ઉ.વ.૯૦) તે સ્વ. શાંતિલાલ ભગવાનજીભાઈ સોલંકીના પત્ની, વલ્લભભાઈ, દિલિપભાઈ, રાજેશભાઈ, સ્વ. દમયંતીબેન, કુંદનબેન, ઉષાબેનના માતા, નીલાબેન, દીનાબેન, હેતલબેનના સાસુ, સ્વ. હરિભાઈ દેવરાજભાઈ ધામેચાના દીકરી (ગોંડલ)નું સ્વ. તા. ૨૦ ને શુક્રવાર ના રોજ અવસાન પામ્યા છે. સદ્ગત નું બેસણું તા ૨૩ ના રોજ સાંજે ૪ થી ૫ કલાકે, કમળગંગા ની વાડી, વિજયપ્લોટ - ૨૨/૨૪ રાજકોટ ખાતે રાખેલ છે

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# સોની વેપારી એસોસિએશન દ્વારા મોરબી હત્યા કેસનો ઉગ્ર વિરોધ

## સનાળા રોડ પર જતીન આદેશરાની હત્યા મુદ્દે બંધ પાળી રામધૂન સાથે ન્યાયની માંગ





**અબતક, રાજકોટ**

મોરબીના સનાળા રોડ પર યુવાન જતીન આદેશરાની હત્યાની ઘટનાને લઈને શહેરમાં આક્રોશ વ્યાપ્યો છે. આ બનાવના વિરોધમાં રાજકોટ સોની વેપારી એસોસિએશન દ્વારા બંધ પાળી રામધૂન બોલાવી વિરોધ વ્યક્ત કરવામાં આવ્યો હતો.

એસોસિએશનના પ્રતિનિધિ નૈનિશ પાટડિયાએ વાતચીતમાં જણાવ્યું હતું કે સોની સમાજનો આશાસ્પદ અને નિર્દોષ યુવાન માત્ર રસ્તા પર જતાં સામસામે જોવા જેવી નાની બાબતે તીક્ષ્ણ હથિયારથી હુમલો કરી મોતને ઘાટ ઉતારવામાં આવ્યો, જે અત્યંત દુઃખદ અને આઘાતજનક ઘટના છે.

તેમણે રાજ્યના ગૃહમંત્રી, પોલીસ વિભાગ અને સરકારને અપીલ કરી કે કેસને ફાસ્ટ ટ્રેક કોર્ટમાં ચલાવી દોષિતોને કડક અને દાખલારૂપી સજા આપવામાં આવે. સમાજ તરફથી ગુનેગારો સામે કડક પગલાં લેવા તેમજ કાયદાનું ભાન કરાવવાની માંગ ઉઠાવવામાં આવી.

આ પ્રસંગે મોટી સંખ્યામાં વેપારીઓ અને સમાજજનો ઉપસ્થિત રહ્યા હતા અને ન્યાય ન મળે તો ગાંધીજીના માર્ગે આંદોલન કરવાની ચીમકી પણ આપવામાં આવી હતી.

# કાશ્મીરમાં સીઆરપીએફનું વાહન નહેરમાં ખાબક્યુ: ૭ જવાન ઘાયલ

## ડ્રાઈવરે વાહન પરનો કાબુ ગુમાવ્યો હતો જેના કારણે કાર નહેરમાં પડી ગઈ

**અબતક, રાજકોટ**

શ્રીનગરમાં સીઆરપીએફ જવાનો ભરેલી કાર નહેરમાં ખાબકી હતી. સૌરાના દાગપોરા વિસ્તારમાં સીઆરપીએફ બંકર વાહન રસ્તા પરથી લપસીને નહેરમાં પડી ગયું હતું. આ ઘટનામાં ઓછામાં ઓછા નવ સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ જવાનો ઘાયલ થયા છે. અહમદનગરના દાગપોરા રોડ પર આ અકસ્માત થયો . ડ્રાઈવરે વાહન પરનો કાબુ ગુમાવ્યો હતો જેના કારણે કાર નહેરમાં પડી ગઈ હતી. એક અધિકારીએ જણાવ્યું હતું કે, શરૂઆતની વિગતો સૂચવે છે કે શ્રીનગરના અહમદ નગર વિસ્તારમાં આ ઘટના બની હતી જ્યારે ડ્રાઈવરે બુલેટ પ્રૂફ બંકર વાહનનું સંતુલન ગુમાવ્યું હતું. વાહન રસ્તા પરથી સરકી ગયું અને પાણીની નહેરમાં પડી ગયું.

ઘટનાને પગલે ત્યાંથી પસાર થતા લોકો ઘટનાસ્થળે દોડી ગયા અને ફસાયેલા સૈનિકોને બહાર કાઢવા માટે બચાવ કામગીરી હાથ ધરી. ૨૧મી બટાલિયનના સૈનિકોને સારવાર માટે નજીકના સૌરા સ્થિત શેર-એ-ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સમાં ખસેડવામાં આવ્યા હતા. હોસ્પિટલના એક વરિષ્ઠ ડોક્ટરે જણાવ્યું હતું કે સૈનિકોને નાની ઈજાઓ થઈ છે અને તેમની સ્થિતિ સ્થિર જાહેર કરવામાં આવી છે.

ઘાયલ કર્મચારીઓની ઓળખ નાગિન્દર સિંહ (૩૬), અજિત કુમાર રામ (૩૬), રાજ કિશોર રાય (૪૦), અમિત કુમાર યાદવ (૩૮), રાજધન રામ (૫૫), માનકર કુમાર (૪૦) અને નીરજ કુમાર (૪૫) તરીકે થઈ છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે તબીબી ટીમો તેમની સ્થિતિ પર નજીકથી નજર રાખી રહી છે.

### ઝવેરચંદ મેઘાણીની પુણ્યસ્મૃતિમાં

# બગસરા અને લાખાપાદર શાળાઓનું નામકરણ કરીને ત્યાં ‘મેઘાણી-સ્મૃતિ’ની સ્થાપના કરાશે

## ‘રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી સર્કિટ’ અંતર્ગત આ બન્ને શાળાઓમાં મેઘાણી-પ્રતિમા, સાહિત્ય કોર્નર તકતીની સ્થાપના થશે

**અબતક, રાજકોટ**



મહાત્મા ગાંધીએ જેમને રાષ્ટ્રીય શાયરના ગૌરવપૂર્ણ બિરૂદથી નવાજેલા તેવા સાહિત્યકાર, લોકસાહિત્યના સંશોધક, પત્રકાર અને સ્વાતંત્ર્ય-સેનાની ઝવેરચંદ મેઘાણીની બાલ્યાવસ્થાની લીલાભૂમિ અમરેલી જિલ્લો રહ્યો છે. ઝવેરચંદ મેઘાણીએ અમરેલી જિલ્લાના લાખાપાદર (૧૯૦૬), બગસરા (૧૯૦૭-૧૯૦૯) અને અમરેલી (૧૯૧૦-૧૯૧૨) સ્થિત ઐતિહાસિક શાળાઓમાં અભ્યાસ કર્યો હતો. ગીર-નાકા પરના લાખાપાદર નામના પોલીસ આઉટ-પોસ્ટ અને પોલીસકર્મીઓમાં તે વેળાએ કાળાં પાણીની સજા તરીકે ઓળખાતા થાણામાં બ્રિટિશ કાઠિયાવાડ એજન્સી પોલીસમાં ફોજદાર તરીકે ફરજ બજાવતા પિતા કાળીદાસ મેઘાણીની બદલી ૧૯૦૬માં થઈ હતી. બીજી અંગ્રેજીમાં ભણતા ૧૧ વર્ષના ઝવેરચંદ મેઘાણી સહુપ્રથમ વખત માતા-પિતાથી દૂર થઈને ૧૯૦૭માં મિડલ સ્કૂલમાં અભ્યાસ અર્થે વડવાઓના વતન બગસરા ગયા હતા.

આથી ઝવેરચંદ મેઘાણીની પુણ્યસ્મૃતિમાં અમરેલી જિલ્લા પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત બગસરા સ્થિત પી.એમ.શ્રી રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી પ્રાથમિક શાળા નંબર ૦૧ તથા લાખાપાદર સ્થિત રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી પ્રાથમિક શાળા તરીકે નામકરણ કરીને ત્યાં મેઘાણી-સ્મૃતિની સ્થાપના કરવામાં આવશે.

# સિલ્વર યુવા ગ્રુપ દ્વારા સમુહ લગ્નોત્સવમાં પાંચ યુગલો લગ્નગ્રંથીએ જોડાશે

## દીકરીઓ ૭૫થી વધુ વસ્તુ કરિયાવરમાં ભેટ અપાશે: ‘અબતક’ની શુભેચ્છા મુલાકાતમાં સિલ્વર યુવા ગ્રુપના સભ્યોએ આપી માહિતી



**અબતક, રાજકોટ**

છેલ્લા પાંચ વર્ષથી સમાજ સેવાને વરેલુ સિલ્વર યુવા ગૃપ હરહંમેશ માટે સમાજ ઉપયોગી કાર્ય કરતુ આવે છે. તેમની અનેક વિવિધ પ્રવૃતિઓ અને સેવાકીય સંકલ્પો જેવા કે સિલ્વર ગૃપ કા રાજા ગણપતી મહોત્સવ, રક્તદાન શિબિર, બાળકોને ચોપડા વિતરણ, પાણીનું પરબ, વૃક્ષારોપણ જેવી અનેકવિધ પ્રવૃતિ દ્વારા સેવાકીય પ્રવૃતિની જ્યોત ઝળહળતી કરી છે.

‘અબતક’ની શુભેચ્છા મુલાકાતમાં વિમલ ડાંગરે જણાવ્યું હતું.

તા.૨૨/૦૨ ૨૦૨૬ ફાગણ સુદ-૫ને રવિવારના રોજ સિલ્વર યુવા ગૃપ દ્વારા નવલનગર-૩, મહાકાળી મંદિર પાછળ, પેટ્રોલ પંપ સામે, મવડી મેઈન રોડ, રાજકોટ ખાતે પ્રથમવાર સર્વ જ્ઞાતીય સમૂહ લગ્નનું જાજરમાન આયોજન કરવામા આવેલ છે. જેમાં પાંચ નવદંપતીઓ પ્રભુતામાં પગલા પાડશે અને આયોજકો તથા દાતાઓ તરફથી સોના-ચાંદીના ઘરેણા સહીત અનેક ઘરવખરીની વસ્તુઓ સહીતનો લાખેણો કરીયાવર આપવામાં આવશે તેમજ નવદંપતીઓને આર્શીવાદ આપવા માટે અનેક મોંઘેરા મહેમાનો પધારશે. આ તકે સિલ્વર યુવા ગ્રુપના પ્રમુખ વિમલ એસ.ડાંગર એડવોકેટ તથા સમુહલગ્ન કન્વીનર શની મૈયડ દ્વારા અનુરોધ કરવામાં આવે છે.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે વિમલ એસ.ડાંગર એડવોકેટ, શની મૈયડ, રીકુભાઈ મૈયડ, વિક્રમભાઈ વાંક, ભાવેશ ચુડાસમા, સુનીલ સુરાણી, મયુરધ્વજસિંહ બારડ, જગદીશભાઈ અકબરી, સાવન સોંડાગર, વિપુલ ડાંગર, હરદેવ ચાવડા, રવિ કોઠીવાર, લાલો મૈયડ, મયુર મિયાત્રા, વિપુલ ખીમાણીયા, જયેશ સરવૈયા, પ્રદિપ કોઠીવાર, ભરત સોલંકી, મેહુલ ચુડાસમા, શૈલેષ ખીમાણીયા, પ્રયાગ ત્રિવેદી, કમલેશ રાઠોડ, કેતન વાડોદરીયા, શૈલેષ ચુડાસમા, કેતન વી.મંડ વિગેરેએ જહેમત ઉઠાવી રહ્યા છે.

# વિદ્યાર્થીઓએ કોલેજ કાળથી જ જીવનનું લક્ષ્ય નિધારીત કરી લેવું જોઈએ: પ્રકાશ પટેલ

## સાકળચંદ પટેલ યુનિ. દ્વારા યોજાયો વાર્ષિકોત્સવ

**અબતક, રાજકોટ**



વિસનગર સાંકળચંદ પટેલ યુનિવર્સિટી પ્રાથમિકથી લઈ મેડીકલ-પેરામેડીકલ, આયુર્વેદિક, હોમિયોપેથિક, ટેકનિકલ, ફાર્મસી, મેનેજમેન્ટ, સાયન્સ, કોમર્સ વગેરે ક્ષેત્રે ઉચ્ચ શિક્ષણ પૂરું પાડતી યુનિવર્સિટી તરીકે ગુજરાત તેમજ દેશની નામાંકિત યુનિવર્સિટીઓમા સ્થાન પ્રાપ્ત કરેલ છે. યુનિવર્સિટી દ્વારા વર્ષ ૨૦૧૭થી નૂતન ઉડાન વાર્ષિકોત્સવની ઉજવણી કરવામાં આવે છે. જેના ભાગરૂપે ચાલુ વર્ષે તારીખ ૧૬ થી ૨૦ ફેબ્રુઆરીના રોજ નૂતન ઉડાન-૨૦૨૬ નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ દિવસે યુનિવર્સિટીની સંલગ્ન કોલેજોના ૨૦૦૦થી વધારે વિદ્યાર્થીઓ દ્વારા રંગોળી, મહેંદી, શોર્ટ ફિલ્મ મેકિંગ, ફેશન શો, વકતૃત્વ સ્પર્ધા, સલાડ ડેકોરેશન, ડિબેટ, એક પાત્રીય અભિનય, મીમીક્રી, ગૃપ ડાન્સ જેવી ૩૦થી વધુ સાંસ્કૃતિક પ્રતિયોગિતાઓમા ખુબજ મોટી સંખ્યામાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

કાર્યક્રમના અંતિમ દિવસે ૨૦ ફેબ્રુઆરીના રોજ સ્ટેજ પર્ફોર્મન્સમાં યુનિવર્સિટીની સંલગ્ન કોલેજોના વિદ્યાર્થીઓએ ૪૦થી વધુ ઈવેન્ટ્સમાં પોતાની આગવી કળાનું અદ્ભુત પ્રદર્શન કર્યુ હતું. યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ પ્રકાશભાઈ પટેલ, નૂતન સર્વ વિદ્યાલય કેળવણી મંડળનાં વાઈસ ચેરમેન ચંદુભાઈ પટેલ, પ્રોવોસ્ટ ડો. પી. એમ. ઉદાણી, રજીસ્ટ્રાર ડો. પરિમલ ત્રિવેદી, હેલ્થ પ્રોગ્રામ ડાયરેક્ટર ડો. જે. આર. પટેલ, આઈ.ક્યુ.એ.સી. ડાયરેક્ટર ડો. ચેતન ચૌધરી અને ડેન્ટલ કોલેજના ડિન ડો. વિલાસ પટેલ ના વરદ હસ્તે ચાલુ શૈક્ષણિક વર્ષ દરમિયાન રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય કક્ષાએ શિક્ષણ, રિસર્ચ અને સ્પર્ધાત્મક ક્ષેત્રે વિશિષ્ટ સિદ્ધિઓ પ્રાપ્ત કરીને યુનિવર્સિટીને પ્રતિષ્ઠા અપાવનાર તમામ સ્ટાફ અને વિદ્યાર્થીઓને પદક એનાયત કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. પ્રેસિડેન્ટ પ્રકાશભાઈ પટેલે જણાવ્યું હતું કે, વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે શિક્ષણની સાથે સાથે વિવિધ સ્પર્ધાત્મક પ્રવૃતિઓનું આયોજન યુનિવર્સિટી દ્વારા કરવામાં આવતું

# ભીમ આર્મી ભારત એકતા મિશન દ્વારા રાજકોટ શહેર જિલ્લામાં નવા હોદ્દેદારોની કરાઈ વરણી

## અબતકની મુલાકાતમાં ભીમ આર્મી સંગઠન અંગે આગેવાનોએ આપી વિગતો



**અબતક, રાજકોટ**

લોકતાંત્રિક ક્ષેત્રે પછાત અને વંચિત લોકોના હક હિત માટે ભીમ આર્મી ભારત એકતા મિશન દ્વારા રાજકોટમાં સંગઠનને વધુ મજબૂત બનાવવા શહેર અને જિલ્લાના સંગઠન માં નવી નિમણૂકો કરવામાં આવી છે અબતકની મુલાકાતે આવેલા મોલેશ મકવાણા, દિવ્યેશ પરમાર, મહેશ બથવાર, પંડિત મકવાણા, ભાવેશ વાઘેલા , ભાવિક રાઠોડ કૈલાશ સિંહ રાઠોડ, જતીન બાબરીયા, ધાર્મિક પરમાર, મહેશ મકવાણા, ભાવેશભાઈ, રાજેશભાઈ, વિજયભાઈ ગોહિલ, વિપુલભાઈ એ નવી નિમણૂક અંગે માહિતી આપી હતી કે ભીમઆર્મી ભારત એકતા મિશનના રાષ્ટ્રીય અધ્યક્ષ ચંદ્રશેખર આઝાદ અને ગુજરાત પ્રદેશ પ્રમુખ કમલેશભાઈ ની સુચના થી રાજકોટમાં સંગઠનને વધુ મજબૂત બનાવવા શહેર અધ્યક્ષ મૌલેશભાઈ મકવાણા દ્વારા અલગ અલગ ક્ષેત્રના કાર્યકરોને મહત્વની જવાબદારી આપવામાં આવી છે. ભીમ આર્મીમાં રાજકોટ માં ઉપાધ્યક્ષ તરીકે ભાવેશ વાઘેલા, અલ્પેશ મારુ, મહેશ મકવાણા, ભીખાભાઈ મકવાણા , મહામંત્રીઓ તરીકે મહેશભાઈ બથવાર ,વિજયભાઈ ગોહેલ, રાજેશભાઈ મહાલીયા, ભાવેશભાઈ લુણસિયા, વિશાલભાઈ ચાવડા, વિપુલભાઈ બોરીચા, મંત્રી તરીકે ભાવિનભાઈવાઘેલા, મહેન્દ્રભાઈ ગોહિલ, ચંદ્રેશભાઈ સોલંકી, અનમોલભાઈ વાઘેલા, નયનભાઈ ચુડાસમા ,ઋતિકભાઈ દાફડા, અમિતભાઈ મકવાણા, કૈલાશભાઈ ભોજાણી, ભાવેશભાઈ બગડા, મહેશભાઈ દાફડા ,ધ્રુવીલભાઈ વાઘેલા અને કોષાધ્યક્ષ તરીકે દિવ્યેશભાઈ પરમાર ની નિમણૂક કરી છે આ તમામ કાર્યકરોને શહેર પંથકના પછાત અને વંચિત લોકો માટે સહાયરૂપ થવા અનુરોધ કરી પીડીતો ને ન્યાય અપાવવા આહવાન કર્યું છે.

# રાજકોટ - મહેબૂબનગર સ્પેશિયલ ટ્રેનના ફેરા લંબાવવાયા

**અબતક,રાજકોટ**

પશ્ચિમ રેલવે દ્વારા હોળીના તહેવાર નિમિત્તે મુસાફરોની સુવિધા માટે રાજકોટ - મહેબૂબનગર સ્પેશિયલ ટ્રેનના ફેરા લંબાવવામાં આવ્યા છે. જેની વિગતો નીચે મુજબ છે:

રાજકોટ - મહેબૂબનગર (સાપ્તાહિક) સ્પેશિયલ (૧૦ ટ્રિપ), રાજકોટ - મહેબૂબનગર સ્પેશિયલ (દર સોમવારે): આ ટ્રેનના ફેરા ૨ માર્ચ થી ૩૦ માર્ચ, ૨૦૨૬ સુધી લંબાવવામાં આવ્યા છે. મહેબૂબનગર - રાજકોટ સ્પેશિયલ (દર મંગળવારે): આ ટ્રેનના ફેરા ૩ માર્ચ થી ૩૧ માર્ચ, ૨૦૨૬ સુધી લંબાવવામાં આવ્યા છે. લંબાવવામાં આવેલા ફેરાનું બુકિંગ ૨૧ ફેબ્રુઆરી, ૨૦૨૬ થી તમામ PRS કાઉન્ટરો અને IRCTC ની વેબસાઈટ પર શરૂ થશે. ટ્રેનોના સ્ટોપેજ, કોચનું માળખું અને સમય વિશેની વિગતવાર માહિતી માટે મુસાફરો www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

# સૌરાષ્ટ્ર વેપાર ઉદ્યોગ મહામંડળની રજુઆતનો સ્વીકાર

**અબતક, રાજકોટ**

ટ્રમ્પ ટેરિફ વોર અને વૈશ્વિક મંદી અને યુદ્ધ ના કારણે દેશનું એક્સપોર્ટ અનેક સમશ્યા નો સામનો કરી રહ્યું છે ત્યારે સૌરાષ્ટ્ર વેપાર ઉદ્યોગ મહામંડળ દ્વારા ગુજરાતના મુખ્યમંત્રી ને ગુજરાત એક્સપોર્ટ પ્રોમોશન કાઉન્સિલ ની રચના કરી એક્સપોર્ટને વેગ આપવા માટે રજુઆત કરવામાં આવી. ગુજરાત ના નાણામંત્રી કનુભાઈ દેસાઈ દ્વારા રજુ કરવામાં આવેલ બજેટમાં એક્સપોર્ટ પ્રોમોશન કાઉન્સિલ ની રચનાની જાહેરાત કરવામાં આવેલી છે.

ચાઈનાની સામે વૈશ્વિક સ્પર્ધામાં ટકી રહેવા માટે ખુબજ આક્રમકઃ, દીર્ઘદ્રષ્ટિ વાળા અને નક્કર પગલાંની આવશ્યકતા છે.

આજે ચાઈના વિશ્વના ક્યાં દેશના ક્યાં પ્રાંત માં લોકોને શું જોઈએછે તેના ઉપર સર્વે, રિસર્ચ કરીને પ્રોડક્ટ ડેવેલપ કરીને પહોંચાડે છે. એક વ્યાપક નેટવર્ક ઉભું કરીને વિશ્વના ગામેગામ અને દુકાને દુકાને ચાઈનાની પ્રોડક્ટ વેચાઈ રહી છે. કરોડો લોકો ચાઈના માલ લેવા જાય છે. શું ભારત સરકાર દ્વારા આવી આક્રમકઃ રણનીતિ ના અપનાવી શકાય? દેશના તમામ વ્યાપાર ઉદ્યોગ સંગઠનો ફક્ત એક્સપોર્ટના સેમિનાર કરીને સંતોષ માનશે તો ચાઈનાની સામે ટક્કર લઈ શકાશે?

આ વિચાર સાથે સૌરાષ્ટ્ર વેપાર ઉદ્યોગ મહામંડળની રચનાને પગલે ગુજરાત એરપોર્ટ પ્રમોશન કાઉન્સીલર ની રચનાની જાહેરાતને પરાગભાઈ તેજુરાએ આવકારી છે.

# કોળી મોરવાડિયા રાઠોડ વંશના કુળદેવી રંગૂનમાંની કાલે ધામધૂમથી ઉજવાશે ૨૩૬મી પૂણ્યતિથિ

**અબતક, રાજકોટ**



રાજકોટ સહીત સૌરાષ્ટ્ર અને રાજયભરમાં વસતા કોળી મોરવાડીયા રાઠોડ વંશના કુળદેવી રંગૂનમાં નીર૩૬મી પુણ્યતિથિએ લાખાપરમાં ધામધૂમથી ધર્મોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે.

અબ તકની મુલાકાતે આવેલા શ્રી રંગૂન માતાજી મોરવાડિયા રાઠોડ ચેરીટેબલ ટ્રસ્ટના આગેવાનો પુંજાભાઈ ,પરબતભાઈ, શીવાભાઈ, લાખાભાઈ, અને વિઠ્ઠલભાઈએ કાર્યક્રમની વિગતો આપતા જણાવ્યું હતું કે રાજકોટ ભાવનગર હાઈવે પર રાજ સમઢીયાળા અને લાખાપર ની વચ્ચે આજીડેમ ચોકડી થી ૧૭ કિલોમીટર અંતરે લાખાપર નજીક આવેલ રંગૂન માના મંદિરે આવતીકાલે ૨૨/૨ રવિવારે માતાજીની ૨૩૬મી પુણ્યતિથિ મહોત્સવ ની ઉજવણી કરવામાં આવશે, આ મહોત્સવ માં ટીકર ના મોરવાડી યા રાઠોડ પરિવારના બારોટ દિનેશભાઈ બારોટ માતાજીની સ્તુતિ કરશે. તારીખ ૨૨ ફેબ્રુઆરી રવિવારે સવારે ૧૧ વાગે મહાપ્રસાદ અને દર્શન ,રાસ ગરબા ,ડાક ભુવા ના કાર્યક્રમ નો લાભ લેવા ભાવિકોને અનુરોધ કરવામાં આવ્યો છે.

આ ધર્મોત્સવ માં મહામંડલેશ્વર ઋષિ ભારતી બાપુ, કાળાસર મહંત વાલજી ભગત, કેબિનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળીયા, રાજ્યકક્ષાના મંત્રી પરષોત્તમભાઈ સોલંકી, ધારાસભ્ય શામજીભાઈ ચૌહાણ, માર્કેટિંગ યાર્ડના માજી ચેરમેન હરદેવસિંહ જાડેજા, રાજુભાઈ અજાણી, વિજયભાઈ ચાવડા, વાઘજીભાઈ મેવાસીયા,વલ્લભભાઈ મકવાણા, સામાભાઈ ભાલીયા, શહેર ભાજપના વિક્રમભાઈ સોરાણી, લાખાપરના ઉપસરપંચ દીપકભાઈ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહેશે આ કાર્યક્રમને સફળ બનાવવા વિઠ્ઠલભાઈ મોરવાડિયા, લાખાભાઈ, શીવાભાઈ ,પુંજાભાઈ, પરબતભાઈ, બાબુભાઈ, અરવિંદભાઈ, મનજીભાઈ, પ્રવીણભાઈ ગોવિંદભાઈ, રાયધનભાઈ, ગોરધનભાઈ, જહેમતઉઠાવી રહ્યાછે.

## અબતકની મુલાકાતમાં રંગૂન માતાજી મોરવાડિયા રાઠોડ ચેરીટેબલ ટ્રસ્ટના આગેવાનોએ મહોત્સવની આપી વિગતો

# ગોંડલ રાજકોટ ડિસ્ટ્રિકટ ડેઈલી પેસેન્જર એસોસિએશન દ્વારા આવેદનપત્ર અપાયુ

**અબતક, રાજકોટ**



ગોંડલ-રાજકોટ ડિસ્ટ્રિકટ ડેઈલી પેસેન્જર એસોસિએશન દ્વારા કેશોદથી રાજકોટ અપ-ડાઉન કરતા દૈનિક મુસાફરોને પડતી મુશ્કેલીઓ અંગે ભક્તિનગર રેલવે સ્ટેશન ખાતે સ્ટેશન માસ્ટર રમેશ પ્રસાદને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું.

એસોસિએશનના પ્રમુખ પ્રતિપાલસિંહ અજીતસિંહ ઝાલાએ જણાવ્યું હતું કે લોકલ ટ્રેનમાં દરરોજ સરેરાશ ૭૦૦૦ જેટલા મુસાફરો અવરજવર કરે છે, જેના કારણે ટ્રેનમાં ભારે ભીડ રહે છે અને મુસાફરોને ઉભા રહીને મુસાફરી કરવાની ફરજ પડે છે. મુખ્ય માંગણીઓમાં ટ્રેનમાં વધારાના કોચ જોડવા, વધુ એક અલગ લોકલ ટ્રેન શરૂ કરવા અને વારંવાર અપાતા ક્રોસિંગના કારણે થતા વિલંબમાં ઘટાડો કરવા મુદ્દાઓનો સમાવેશ થાય છે.

મુસાફરોની સુવિધા અને સલામતીને ધ્યાનમાં રાખીને તાત્કાલિક યોગ્ય પગલાં લેવાં આવશ્યક હોવાનું એસોસિએશન દ્વારા જણાવાયું હતું.

## કેશોદ-રાજકોટ લોકલ ટ્રેનમાં કોચ વધારવા અને નવી ટ્રેન શરૂ કરવાની માંગ સાથે ભક્તિનગર રેલવે સ્ટેશન ખાતે રજૂઆત

# સેવકની વ્યાખ્યામાં આવતા સાંસદ-ધારાસભ્યોને બધા લાભ મળે છે પણ હોમગાર્ડ જવાનો ''રાંક''

## એકને ખોળ અને એકને ગોળની નીતિનો વિરોધ કરતા ગજેન્દ્રસિંહ ઝાલા

**અબતક, રાજકોટ**

નેતાઓ પણ સેવકની વ્યાખ્યામાં આવે છે,હોમગાર્ડ પણ માનદ સેવા કરે છે.હોમગાર્ડ જવાનોને લાભો આપવામાં આવતા નથી તો ધારાસભ્યો અને સંસદ સભ્યોને કેમ આપવામાં આવે છે તેવો સવાલ આરટીએ એક્ટિવિસ્ટ, ગજેન્દ્રસિંહ ઝાલાએ કર્યો છે.

રાજ્યમાં જ્યારે જ્યારે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ કથળી છે ત્યારે દળના જવાનોએ રાજ્યમાં અને રાજ્ય બહાર યશસ્વી અને પ્રશંસનીય ફરજો બજાવી છે. જે ગુજરાતના રેકોર્ડ પર પણ મૌજુદ છે. છઠ્ઠી ડિસેમ્બર ૧૯૪૭ ના રોજ રાજ્યમાં ગુજરાત હોમગાર્ડઝની સ્થાપના કરવામાં આવી હતી આજે રાજ્યમાં ૫૦,૦૦૦ હોમગાર્ડ દળના જવાનો પોલીસ દળ સાથે ખંભે ખંભા મિલાવી પોલીસ સમકક્ષ મહત્વની તમામ કામગીરીઓ બજાવે છે. પોલીસ દળે જ્યારે યુનિયન બનાવી હડતાલ કરી હતી તત્કાલીન સમયે પણ હોમગાર્ડ દળના જવાનોએ હડતાલથી અળગા રહી પોલીસ દળની તમામ કામગીરી બજાવી હતી જે ગુજરાત સરકારના રેકોર્ડ પર પણ મોજુદ છે. કુદરતી કે માનવસર્જિત આપત્તિઓ વખતે દળના જવાનોએ પોતાના જાનની પરવા કર્યા વગર ફરજો બજાવી છે. મુખ્યમંત્રી, કેબિનેટ મંત્રીઓ એ પણ હોમગાર્ડ દળના જવાનોની સેવાઓને વખતો વખત બિરદાવેલી છે. તાજેતરમાં ગુજરાત હાઈકોર્ટ એક મહત્વના ચુકાદા મારફતે રાજ્યના હોમગાર્ડમાં ફરજ બજાવતા હોમગાર્ડ જવાનોને પોલીસ કર્મચારી તેમજ પગાર સહિતના લાભો આપવા દાદ માગતી ઢગલાબંધ રીટ અરજીઓ ધરાર ફગાવી દીધી હતી જસ્ટિસ મૌલિક જે. શેલતે હોમગાર્ડ જવાનો ને પોલીસ કર્મચારીઓના જેવો પગાર અને લાભો આપવા સાફ ઈન્કાર કરી દીધો છે. અને જણાવ્યું હતું કે હોમગાર્ડ જવાનો સ્વૈચ્છિક સંગઠન અને માનવ સેવા તરીકે સેવાઓ આપે છે. હોમગાર્ડ જવાનોને એક્ટ ૧૯૪૭ ની કલમ ૩ હેઠળ નિમણૂક આપવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે હોમગાર્ડ દડને મળતા લાભો એ શિસ્ત અને સેવાના નામે ભો માં ભંડારી દેવાયા છે. સ્વૈચ્છિક સંગઠન હોવા છતાં સરકારની ચૂંટણી કે તોફાનોમાં જ્યારે જરૂર જણાય ત્યારે હોમગાર્ડ ન આવે તો હોમગાર્ડ દળના જવાનોને સરકાર દ્વારા ત્રણ મહિનાની જેલ અને ₹૧,૦૦૦ દંડની ધમકીઓ પણ અપાય છે. એટલે સરકારને જ્યારે જરૂર હોય ત્યારે ઉપયોગ કરી લે બાદમાં ટીસ્યુ પેપર ની જેમ ફેંકી દેવાના. હોમગાર્ડ જવાનોને લાભો આપવામાં ન આવે તો પછી ધારાસભ્યો અને સંસદ સભ્યોને પોતાના તોતિંગ પગાર ભથ્થા અન્ય લાભો અને પેન્શન શા માટે ? નેતાઓ પણ સેવકની વ્યાખ્યામાં આવે છે જ્યારે હોમગાર્ડ પણ સેવા કરી રહ્યા છે. ધારાસભ્યો, સંસદ સભ્યો બહુ જ થોડા દિવસો પણ જો ચૂંટાયા હોય તો તેઓને જીવનભર પેન્શન મળવા પાત્ર છે પરંતુ હોમગાર્ડ દળના જવાનો પોતાની યુવાની થી લઈને પ્રૌઢાવસ્થા સુધી વર્ષો (૫૮ નિવૃત્તિ સમય) સુધી સરકારમાં માનદ સેવાઓ આપવા છતાં એક ફદીયુ પણ પેન્શન મળતું નથી.

# ગોવર્ધન ગૌશાળા ખાતે કાલે ફુલ ફાગ-રસિયા મહોત્સવનું ભવ્ય આયોજન



**અબતક, રાજકોટ**

શ્રીજી ખીરક ગૌસેવા ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત શ્રી ગોર્વધન ગૌશાળા ખાતે ફૂલ ફાગ-રસિયા ગાન ઉત્સવનું દિવ્ય આયોજન કરવામાં આવ્યું છે. ગૌશાળામાં હાલમાં આશરે ૮૦૦ ગૌમાતાનું પાલન-પોષણ કરવામાં આવી રહ્યું છે અને ગૌસેવાના પવિત્ર કાર્ય સાથે ભક્તિમય કાર્યક્રમોનું આયોજન પણ કરવામાં આવે છે.

આ પ્રસંગે રૂચિરબાવાના પાવન સાનિધ્યમાં હોરી ધમાર રસિયા ગાનનું વિશેષ આયોજન કરાયું છે. 'કુલફાગ રસિયા'ના આ ભક્તિમય ઉત્સવમાં ભક્તો માટે આધ્યાત્મિક આનંદનો અવસર સર્જાશે.

## રૂચિરબાવાના સાનિધ્યમાં હોરી ધમાર રસિયા અને નૃત્ય રાસ સાથે ભક્તિમય આનંદ

શ્રી ભુપેન્દ્રભાઈ ધાબેલિયાના પ્રેરણાથી પુષ્ટિમાર્ગીય પાઠશાળા દ્વારા નૃત્ય રાસનું પણ આયોજન કરવામાં આવ્યું છે, જે કાર્યક્રમને વધુ રંગત આપશે.

કાર્યક્રમ સાંજે ૫:૦૦ વાગ્યાથી શરૂ થશે અને રાત્રે ૮:૦૦ વાગ્યે પ્રસાદનું વિતરણ કરવામાં આવશે. કાર્યક્રમનું સ્થળ શ્રી ગોર્વધન ગૌશાળા, ન્યારી ડેમ જવાના રસ્તે, માઉન્ટ વિલાની બાજુમાં, રાજકોટ રાખવામાં આવ્યું છે. આ પવિત્ર પ્રસંગે ગૌભક્તો અને શ્રદ્ધાળુઓને ઉપસ્થિત રહી ભકિતભાવથી કાર્યક્રમનો લાભ લેવા આયોજકો દ્વારા વિનંતી કરવામાં આવી છે.

# જેતપુરમાં પરશુરામ સેના આયોજીત સમુહ લગ્નોત્સવમાં પાંચ દીકરીઓ પ્રભુતામાં પગલાં માંડશે

## દિકરીઓને લાખેણા કરિયાવર આપી સાસરે વળાવશેઃ ૫ બટુક કરશે કાશીની યાત્રા

**અબતક, રાજકોટ**

પરશુરામ સેના જેતપુર દ્વારા છેલ્લા ઘણા વર્ષોથી બ્રહ્મ સમાજના ઉત્થાન માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. જેમાં ખાસ કરી પરશુરામ જન્મ જયંતી, બાળકોને પાઠ્યપુસ્તક વિતરણ, ચોપડા વિતરણ, સરસ્વતી સન્માન સમારંભના માધ્યમથી તેજસ્વી તારલાઓનું પારિતોષિક વિતરણ જેવા કાર્યક્રમોની સાથો સાથ દર વર્ષે બ્રહ્મ દીકરીઓ માટે સમૂહ લગ્ન તથા બટુકોને યજ્ઞોપવિતના કાર્યક્રમો યોજવામાં આવે છે, તે અંતર્ગત આ વર્ષે ૧૪માં સમૂહ લગ્ન તથા યજ્ઞોપવિતનો કાર્યક્રમ આવતીકાલે તા.૨૨/૦૨/૨૦૨૬ ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે રાજધાની પાર્ટી પ્લોટ સરદાર ચોક, નકલંક



આશ્રમ રોડ, જેતપુર ખાતે પરશુરામ સેનાના પ્રમુખ હિતેષભાઈ જોષી તથા મંત્રી અશોકભાઈ ઠાકરના માર્ગદર્શન હેઠળ યોજાશે. છેલ્લા ૧૩ વર્ષથી બ્રહ્મ સમાજની દીકરીઓ માટે સમૂહ લગ્ન અને બ્રહ્મ બટુકો માટે સમૂહ યજ્ઞોપવિતનું આયોજન કરવામાં આવે છે, ત્યારે આ આયોજનના મુખ્ય દાતા એવા ભારતીબાળા રમેશભાઈ ઠાકર તથા ધારાસભ્ય જયેશભાઈ રાદડિયા અને અન્ય દાતાઓનો સહયોગ સાંપડી રહ્યો છે, જેમાં આચાર્ય પદે સંદીપભાઈ જાની રહી વેદોક્ત મંત્રોચ્ચારથી સમૂહ લગ્ન તેમજ યજ્ઞોપવિત ધારણ કરાવશે તેમજ આ સમૂહ લગ્નમાં જોડાનાર કન્યાઓને ૭૦થી વધુ વસ્તુઓ કરિયાવરમાં આપવામાં આવશે. આ કાર્યક્રમમાં રાજ્યસભાના સાંસદ રામભાઈ મોકરિયા, રાજ્યના પૂર્વ મંત્રી અને ધારાસભ્ય જયેશભાઈ રાદડિયા, મોટી હવેલી જેતપુરના પ્રિયાંકરાયજી, ઋષિમંદિરના કનૈયાનંદજી મહારાજ, ભુવનેશ્વરીપીઠ ગોંડલના ડો.રવિ દર્શન મહારાજ, શાસ્ત્રીજી રમેશભાઈ ઠાકર, બ્રહ્મસમાજ અગ્રણી હરેશભાઈ જોષી, કાળુભાઈ જોષી સહિતના ઉપસ્થિત રહી નવદંપતિ તેમજ બટુકોને શુભેચ્છા પાઠવશે તેમજ સવારે ૧૧ કલાકે સાધુ-સંતો તેમજ રાજકીય અને સામાજીક ક્ષેત્રના ઉપસ્થિત આગેવાનોનું સન્માન કાર્યક્રમ યોજાશે અને ત્યારબાદ ઉપસ્થિત સૌ ભૂદેવો માટે ભોજન સમારંભ યોજવામાં આવશે. 'અબતક'ની શુભેચ્છા મુલાકાતમાં જેતપુરના પ્રમુખ હિતેશ જોષી, મંત્રી અશોક ઠાકર, સુરેશ પંડ્યા, શૈલેષ જોષી, સંદીપ જાની, પાર્થ જોષી, પરેશ જોષી, હરેશભાઈ જોષી સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

**સાંસદ રામભાઈ મોકરિયા, ધારાસભ્ય જયેશભાઈ રાદડિયા, રમેશભાઈ ઠાકર અને હરેશભાઈ જોષી સહિતના આપશે શુભાશિષ**

# વાદીપરામાં તું અહીંથી કેમ નીકળ્યો? કહી પિતા-પુત્ર પર કર્યો હુમલો

## પુત્રીની સગાઈ બાદ યુવક ગલીમાંથી પસાર થતા, ઘરમાં ઘૂસી બે શખ્સોએ તલવારના ઘા ઝીંકી તોડ ફોડ કરી

**અબતક, રાજકોટ**

રાજકોટ તાલુકાના વાદીપરા ગામમાં પ્રેમ સંબંધના મામલે યુવક અને તેના વૃદ્ધ પિતા પર તલવાર વડે હુમલો કરવામાં આવ્યો હોવાની ઘટના સામે આવી છે. આ હુમલામાં પિતા-પુત્ર બંનેને ઈજાઓ પહોંચતા સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.પ્રાપ્ત વિગતો અનુસાર, વાદીપરામાં રહેતા ૧૮ વર્ષીય મુન્નાભાઈ રાણીનાથ મેરને તે જ ગામની યુવતી સાથે પ્રેમ સંબંધ હતો. જોકે, થોડા સમય પૂર્વે જ આ યુવતીની અન્ય યુવક સાથે સગાઈ થઈ હતી. ગઈકાલે બપોરે આશરે ૪:૩૦ વાગ્યાની આસપાસ જ્યારે મુન્નાભાઈ કોઈ કામ અર્થે યુવતીની ગલીમાંથી પસાર થઈ રહ્યો હતો, ત્યારે યુવતીના પિતા દેવનાથ ,પુત્ર જાગનાથ સહિત શખ્સો જોઈ જતા તેના ઘરે ગયા અને કીધેલું કે ''મારી દીકરીની સગાઈ થઈ ગઈ હોવા છતાં તું અહીંથી કેમ નીકળે છે?'' તેમ કહીને આરોપીઓએ ઝઘડો કરી તલવાર વડે હુમલો કર્યો હતો. મુન્નાભાઈને બચાવવા વચ્ચે પડેલા તેના ૭૦ વર્ષીય પિતા રાણીનાથ રૂપનાથ મેર પર ૧ આરોપીઓએ તલવાર વડે હુમલો કર્યો હતો. હુમલામાં પિતા-પુત્રને માથાના તેમજ શરીરના અન્ય ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. ઈજાગ્રસ્ત પિતા-પુત્રને તાત્કાલિક સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. પરિવારના જણાવ્યા અનુસાર આરોપીઓએ તેના ઘરમાં રહેલું ખોડિયારમાંનું મંદિર પણ તોડી નાખ્યું હતું. તેના ઘરની અનેક ચીજ વસ્તુને નુકશાન પહોચાડ્યું હતું. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે પિતા પુત્ર મજૂરી કામ કરીને ગુજરાન ચલાવે છે, આ બનાવની જાણ થતા જ પોલીસે આ મામલે આરોપીઓ જાગનાથ, દેવનાથ અને અન્ય શખ્સો વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# નિકાસકારોને નવા ૭ બુસ્ટર ડોઝ આપતી સરકાર

## રૂ.૨૫,૦૬૦ કરોડના 'એક્સપોર્ટ પ્રમોશાન મિશન' હેઠળ નવા પગલાં લાગુ કરી દેવાયા

**અબતક, નવી દિલ્હી**

ભારત સરકારે દેશની નિકાસ વધારવાના ઉદ્દેશ્યથી શુક્રવારે 'એકસપોર્ટ પ્રમોશન મિશન' હેઠળ સાત નવા પગલાં શરૂ કર્યા છે. રૂ.૨૫,૦૬૦ કરોડની આ મેગા પહેલનો મુખ્ય હેતુ સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો ક્ષેત્રને નડતી નાણાકીય, કમ્પ્લાયન્સ (નિયમોના પાલન) અને લોજિસ્ટિક્સ સંબંધી અડચણો દૂર કરવાનો છે.

યોજનાનું કદ આશરે ૨૫,૦૬૦ કરોડ છે. મિશન હેઠળ સૂચિત ૧૧ પગલાંઓમાંથી હવે કુલ ૧૦ પગલાં કાર્યરત થઈ ગયા છે. જાન્યુઆરી મહિનામાં સરકારે માર્કેટ એક્સેસ સપોર્ટ, પ્રી અને પોસ્ટ-શિપમેન્ટ ક્રેડિટ પર વ્યાજ સબવેન્શન (વ્યાજમાં રાહત), અને એક્સપોર્ટ ક્રેડિટ માટે કોલેટરલ સપોર્ટ જેવા ત્રણ મહત્વના પગલાં લાગુ કરી દીધા હતા.

આ નવા પગલાંના લોન્ચિંગ પ્રસંગે કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે ઉદ્યોગજગતને ''ક્રોસ-બોર્ડર બિઝનેસ'' (આંતરરાષ્ટ્રીય વ્યાપાર) અપનાવવા માટે હાકલ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, ''અમારો પ્રયાસ એ છે કે ભારતમાંથી નવા ઉત્પાદનો અને નવી સેવાઓ વિશ્વના તમામ ખંડોમાં પહોંચે, વૈશ્વિક સ્તરે નવા બજારો આપણે સર કરીએ અને નવા નિકાસકારોને વધુને વધુ પ્રોત્સાહન મળે.''

આ એક્સપોર્ટ પ્રમોશન મિશન ખાસ કરીને યુવા સાહસિકોને પ્રોત્સાહન આપવા માટે તૈયાર કરવામાં આવ્યું છે, જેથી તેઓ ભારતીય ઉત્પાદનો અને સેવાઓને વૈશ્વિક બજારો સુધી પહોંચાડી શકે. સરળ ધિરાણ (લોન), નિયમોના પાલનમાં મળતી સહાય અને જોખમ વહેંચણી મિકેનિઝમ દ્વારા એમએસએમઈ માટે વ્યવસાય કરવાનું વધુ સરળ બનશે.

# ૧૩ દિવસ વેન્ટિલેટર પર રહ્યા બાદ સ્ટ્રેચર અને ઓક્સિજન સિલિન્ડર સાથે પેપર લખવા પહોંચી દીકરી

## સમય ઓછો હોવાથી લખવા માટે મદદગારની વ્યવસ્થા થઈ શકી નહોતી, એટલે કનિષ્કાએ પોતે જ આખું પેપર લખ્યું

ચંદીગઢની ૧૭ વર્ષની કનિષ્કા બિસ્ટની હિંમત જોઈને સૌ કોઈ દંગ રહી ગયા છે. ૧૩ દિવસ સુધી આઈસીયુમાં વેન્ટિલેટર પર જીવન-મરણ વચ્ચે ઝોલા ખાધા પછી, ૧૦ દિવસ સુધી તો તે પૂરા ભાનમાં પણ નહોતી.ભાનમાં આવતાની સાથે જ આ દીકરીએ ધોરણ ૧૨ની બોર્ડની પરીક્ષા આપવાનું નક્કી કર્યું. ગઈ કાલે જ્યારે તે પરીક્ષા આપવા પહોંચી, ત્યારે તે સ્ટ્રેચર પર હતી અને તેની સાથે ઓક્સિજન સિલિન્ડર પણ જોડાયેલું હતું.

કનિષ્કા જન્મથી જ 'મસ્ક્યુલર ડિસ્ટ્રોફી' (સ્નાયુઓની નબળાઈ) થી પીડાય છે. ૩૦ જાન્યુઆરીએ તેને સામાન્ય શરદી-ઉધરસ થયા હતા, જે બાદમાં ગંભીર બનતા તેને વેન્ટિલેટર પર રાખવી પડી હતી. ભાનમાં આવી અને તરત જ તેણે પિતાને કહ્યું કે મારે શુક્રવારે ફિઝિક્સનું પેપર આપવા જવું છે. સમય ઓછો હોવાથી લખવા માટે મદદગાર (રાઈટર) ની વ્યવસ્થા થઈ શકી નહોતી, એટલે કનિષ્કાએ પોતે જ આખું પેપર લખ્યું. સીબીએસઈ બોર્ડે તેની સ્થિતિ જોઈને તેને એક કલાકનો વધારાનો સમય આપ્યો હતો.

એક બાજુ શારીરિક નબળાઈ અને જીવનું જોખમ હતું, અને બીજી બાજુ શિક્ષણ પ્રત્યેની તેની નિષ્ઠા. હિંમત હોય તો ગમે તેવી બીમારી પણ લક્ષ્યના રસ્તામાં અડચણ બની શકતી નથી, તે આ વાતનો સાર છે. જે વિદ્યાર્થીઓ નાની મુશ્કેલીઓમાં હારી જાય છે, તેમના માટે કનિષ્કા એક મોટું ઉદાહરણ છે. આજના સમયમાં જ્યારે પરીક્ષાના તણાવના નકારાત્મક સમાચારો આવે છે, ત્યારે આવી ઘટના સમાજમાં હિંમત અને આશા જગાડે છે કે જીવનમાં ગમે તેવી મુસીબત આવે, જો મન મક્કમ હોય તો વિજય નિશ્ચિત છે.

# ધો.૧૦ના વિદ્યાર્થીઓએ બોર્ડની પરીક્ષા માટે ગુજરાતી ભાષાને બનાવી પોતાની પ્રથમ પસંદગી

## ૨૦૨૫માં ગુજરાતી પ્રથમ ભાષા તરીકે રાખનારાનું ગુજરાતી વિષયનું પરિણામ ૯૦% થી ઉપર રહ્યું હતું

**અબતક, અમદાવાદ**

જેના થકી આપણી ઓળખ છે, જેના શબ્દોમાં આપણી સંવેદના છે, એવી આપણી વહાલી ગુજરાતી ભાષા હવે પરીક્ષાના પેપરોમાં પણ ખીલી રહી છે. એક સમય હતો જ્યારે માતૃભાષાના પેપરમાં જ સૌથી વધુ વિદ્યાર્થીઓ ગૂંચવાતા હતા, પણ હવે ચિત્ર બદલાયું છે. આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસે ગુજરાતના વિદ્યાર્થીઓએ ગરવી ગુજરાતીનું માન જાળવી રાખ્યું છે. દર વર્ષે ૨૧ ફેબ્રુઆરી ને 'આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ' તરીકે ઉજવવામાં આવે છે. યુનેસ્કોએ આ દિવસની જાહેરાત દુનિયાભરની ભાષાઓ અને સાંસ્કૃતિક વિવિધતાને પ્રોત્સાહન આપવા માટે કરી હતી.

ગુજરાત રાજ્ય શિક્ષણ બોર્ડના ધોરણ ૧૦ ના પરિણામોમાં એક મોટો અને સુખદ ફેરફાર જોવા મળ્યો છે. વર્ષ ૨૦૨૫ માં ગુજરાતી પ્રથમ ભાષા તરીકે રાખનારા ૬.૨૬ લાખ વિદ્યાર્થીઓમાંથી ૫.૭૨ લાખ વિદ્યાર્થીઓ સફળતાપૂર્વક પાસ થયા છે. એટલે કે સતત બીજા વર્ષે ગુજરાતી વિષયનું પરિણામ ૯૦% થી ઉપર રહ્યું છે. વર્ષ ૨૦૧૯ માં સ્થિતિ ચિંતાજનક હતી, કારણ કે ૨.૫ લાખ વિદ્યાર્થીઓ માત્ર ગુજરાતી વિષયમાં નાપાસ થયા હતા. માત્ર ૬૪.૫% વિદ્યાર્થીઓ જ પાસ થયા હતા. તેની સરખામણીએ આજનું પરિણામ ગર્વ લેવા જેવું છે. શિક્ષકોના માટે વિદ્યાર્થીઓને હજુ પણ આ બાબતોમાં થોડી મુશ્કેલી પડે છે. વ્યાકરણમાં જોડણી અને નિયમો સમજવામાં ભૂલો, વિચારોને વ્યવસ્થિત રીતે કાગળ પર ઉતારવા, ફકરા વાંચીને તેનો સાચો અર્થ સમજવો. ગાંધીનગર અને ધોલેરાના અનુભવી શિક્ષકોનું કહેવું છે કે, ''ગુજરાતી બોલવી અને તેને શુદ્ધ રીતે લખવી એ બંનેમાં તફાવત છે.'' ટેકનોલોજીના કારણે નવા શબ્દો આવ્યા છે, પણ જો વિદ્યાર્થીઓ નાનપણથી જ વાંચવાની ટેવ પાડે અને પાયો મજબૂત કરે, તો આ પરિણામ હજુ પણ સુધરી શકે છે.

ધોરણ ૬ થી ૯ માં હવે વાંચન અને લેખન પર વધુ ભાર મૂકવામાં આવે છે. બોર્ડ દ્વારા પ્રશ્નપત્રોને એવી રીતે ડિઝાઈન કરવામાં આવ્યા છે કે વિદ્યાર્થીઓ પોતાની મૌલિકતાથી જવાબ લખી શકે. શિક્ષકો હવે વિદ્યાર્થીઓને લાંબા ફકરા વાંચીને તેમાંથી પ્રશ્નોના જવાબ શોધવાની વધુ પ્રેક્ટિસ કરાવે છે. વિદ્યાર્થીઓ હવે માતૃભાષાને માત્ર બોલવા પૂરતી નહીં, પણ ભણવા અને લખવા પૂરતી પણ ગંભીરતાથી લેતા થયા છે.

# એ આર રહેમાન સુપ્રીમ કોર્ટમાં સહમત 'પોન્નિયિન સેલવાન-૨'ના ગીત માટે જુનિયર ડાગર બ્રધર્સને આપશે ક્રેડિટ

## 'વીરા રાજા વીરા' ગીતમાં હવે 'જુનિયર ડાગર બ્રધર્સ'નું નામ ચમકશે

**અબતક, મુંબઈ**

સંગીત જગતના દિગ્ગજ કલાકાર એ.આર. રહેમાન તેમની ફિલ્મ 'પોન્નિયિન સેલવાન ૨' (-૨) ના વિવાદિત ગીત ''વીરા રાજા વીરા'' માટે 'જુનિયર ડાગર બ્રધર્સ' ને શ્રેય આપવા માટે સુપ્રીમ કોર્ટમાં સહમત થયા છે. આ નિર્ણય સાથે લાંબા સમયથી ચાલી રહેલા કાયદાકીય વિવાદનો અંત આવ્યો છે.

ધ્રુપદ ગાયક ઉસ્તાદ ફૈયાઝ વાસિફુદ્દીન ડાગર (જુનિયર ડાગર બ્રધર્સના વારસદાર) દ્વારા અરજી કરવામાં આવી હતી. તેમનો આરોપ હતો કે 'વીરા રાજા વીરા' ગીત તેમના પિતા અને કાકા દ્વારા ગાવામાં આવેલી મૂળ 'શિવ સ્તુતિ' ની નકલ છે અને તેમાં તેમની પરંપરાને યોગ્ય સન્માન કે ક્રેડિટ આપવામાં આવી નથી.

ગીતમાં હવે આ મુજબની પંક્તિ ઉમેરવામાં આવશે ''આ રચના ડાગરવાની પરંપરાના ધ્રુપદથી પ્રેરિત છે, જે સૌપ્રથમ સ્વ. ઉસ્તાદ નાસિર ફૈયાઝુદ્દીન ડાગર અને ઉસ્તાદ નાસિર ઝહીરુદ્દીન ડાગર (જુનિયર ડાગર બ્રધર્સ) દ્વારા 'શિવ સ્તુતિ' તરીકે રેકોર્ડ કરવામાં આવી હતી.''આગામી પાંચ અઠવાડિયામાં તમામ સોશિયલ મીડિયા અને પ્લેટફોર્મ પર આ ફેરફાર લાગુ કરવામાં આવશે.

જસ્ટિસ સૂર્યકાંત, જસ્ટિસ જોયમાલ્યા બાગચી અને જસ્ટિસ વિપુલ એમ. પંચોલીની બેન્ચે આ મામલે સુનાવણી કરી હતી. કોર્ટે રહેમાનને વચગાળાના પગલા તરીકે ૨ કરોડ રજિસ્ટ્રાર જનરલ પાસે જમા કરાવવા નિર્દેશ આપ્યો છે.

સપ્ટેમ્બર ૨૦૨૫ માં દિલ્હી હાઈકોર્ટે એવું કહીને અરજી ફગાવી હતી કે આ નકલ હોવાના પૂરતા પુરાવા નથી. જોકે, સુપ્રીમ કોર્ટે મધ્યસ્થી કરી રહેમાન અને ફિલ્મના સર્જકોને સલાહ આપી હતી કે કલાજગતના આ પ્રતિષ્ઠિત નામોનું સન્માન જળવાઈ રહે તે માટે 'ડાગરવાની પરંપરા'નો ઉલ્લેખ કરવો જોઈએ.

# ધાર્મિક બંધારણમાં પણ માતા-પિતાની સહમતી જરૂરી

## એક તરફ સમુદાયો પોતાના 'બંધારણ'માં માતા-પિતાની સંમતિને અનિવાર્ય બનાવી રહ્યા છે, તો બીજી તરફ સરકાર પણ આવા નિયમોને કાયદાકીય રૂપ આપવાની તૈયારી કરી રહી છે

**અબતક, રાજકોટ**

ગુજરાત સરકારનો પ્રસ્તાવ કે લગ્ન કરતા પહેલાં યુગલોએ તેમના માતા-પિતાને જાણ કરવી જરૂરી છે, તે હજુ કાયદો બન્યો નથી, પરંતુ ગુજરાતના કેટલાક વિસ્તારોમાં આવા 'આદેશો' પહેલેથી જ અમલમાં છે. અહીં કેટલાક ગામો અને સમુદાયોએ તેમના સભ્યોના લગ્નને નિયંત્રિત કરવા માટે વિગતવાર 'કોડ' તૈયાર કર્યા છે.

રાજ્ય વિધાનસભામાં શુક્રવારે રજૂ કરાયેલા સુધારાઓ જમીન પર ચાલી રહેલી માંગણીઓ અને કાર્યવાહીઓને પ્રતિબિંબિત કરે છે. વિખરાયેલા ગામડાઓના ઠરાવો હવે સમુદાય સ્તરના 'બંધારણો'માં ફેરવાઈ રહ્યા છે .એવા ઠરાવો અને જાહેરનામાં કે જે પ્રેમ લગ્ન કરનારા યુગલોને બહિષ્કાર, સામાજિક બહિષ્કાર અને જાહેર જીવનમાંથી બાકાત રાખવાની ધમકી આપે છે.

ખેડા જિલ્લાની ગ્રામ સભાઓથી લઈને પાટીદાર અને ઠાકોર સમાજની સંસ્થાઓ સુધી, આવા જાહેરનામાઓ પાછળની સર્વસંમતિ એ છે કે માતા-પિતાની સંમતિ વગરના લગ્ન પરંપરાને જોખમમાં મૂકે છે, સામાજિક વ્યવસ્થાને અસ્થિર કરે છે અને મહિલાઓને ભયમાં મૂકે છે.

મહુધા તાલુકાના નંદ ગામની ગ્રામ સભાએ તાજેતરમાં એક ઠરાવ પસાર કર્યો છે, જેમાં પરિવારનો વિરોધ હોવા છતાં લગ્ન કરનારા યુગલો પર સંપૂર્ણ સામાજિક બહિષ્કાર લાદવામાં આવે છે. આવા યુગલોને સમુદાયની સુવિધાઓ, ધાર્મિક સભાઓ અને સામાજિક કાર્યક્રમોમાંથી બાકાત રાખવામાં આવે છે. આ ઠરાવમાં લગ્ન અને અંતિમ સંસ્કારના ખર્ચ પર મર્યાદા મૂકવામાં આવી છે, ડીજે અને અશ્લીલ ગીતો પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે તથા ઉલ્લંઘન માટે દંડની જોગવાઈ કરવામાં આવી છે.

ગામના સરપંચ ભરત સોલંકીએ જણાવ્યું હતું કે લગ્ન વિવાદના વધતા કેસોને કારણે આ નિર્ણય લેવામાં આવ્યો છે. અમારું ગામ ૫,૦૦૦ની વસ્તીવાળું છે, જેમાં મોટા ભાગે ઠાકોર અને દરબાર છે. અહીં (એક જ કુળના) લગ્ન થયા છે, જે પરવાનગીપાત્ર નથી. જ્યારે કોઈ યુગલ ભાગી જાય છે, ત્યારે માતા-પિતાની સ્થિતિ શરમજનક બની જાય છે. આવી ઘટનાઓ વધી રહી છે તેથી અમે આવા લગ્ન પર પ્રતિબંધ મૂકવાનો નિર્ણય કર્યો છે. ઉલ્લંઘન કરનારને બહિષ્કારનો સામનો કરવો પડે છે.

# વોકહાર્ટ હોસ્પિટલમાં કિડનીની સફળ સર્જરી થકી બાળકને મળ્યું નવું જીવન

**અબતક, રાજકોટ**

રાજકોટની વોકહાર્ટ હોસ્પિટલમાં ૯ વર્ષના બાળકનું કિડની જટિલ ઈજાનું સફળ ઓપરેશન કરવામાં આવ્યું. જમણી બાજુ પેટમાં બ્લન્ટ ઈજાને કારણે બાળક ગંભીર હાલતમાં દાખલ થયો હતો. ઈજા બાદ તેને ઉલ્ટી અને પેશાબમાં લોહી આવવાની તકલીફ હતી. મોરબીમાં પ્રાથમિક સારવાર બાદ વધુ સારવાર માટે તેને રાજકોટ રિફર કરવામાં આવ્યો.

વોકહાર્ટ હોસ્પિટલમાં ડો.યાકુબ આર. પટેલની દેખરેખ હેઠળ દર્દીને તાત્કાલિક ઈમરજન્સીમાં દાખલ કરવામાં આવ્યો. તપાસ દરમિયાન બાળક ફિક્કો દેખાતો હતો, જમણી બાજુની કમરના ભાગમાં સોજો અને દુખાવો હતો તેમજ બ્લડ પ્રેશર ઓછું હતું. તરત જ આઈવી ફ્લુઈડ્સ આપી તેને સ્થિર કરવામાં આવ્યો. સીઈસીટી એબ્ડોમનની તપાસમાં પેટમાં લોહી ભરાયેલું અને જમણી કિડનીના નીચલા ભાગમાં ગંભીર ઈજા સાથે સક્રિય બ્લીડિંગ હોવાનું જાણવા મળ્યું. પરિસ્થિતિ ગંભીર હોવાને કારણે જરૂરી તપાસ પૂર્ણ કરી તાત્કાલિક સર્જરી કરવાનો નિર્ણય લેવાયો હતો.



# મારવાડી યુનિવર્સિટી યંગ ઈનોવેટર્સ એક્સ્પોમાં ૧૮ શાળાઓના વિદ્યાર્થીઓએ ૧૪૦થી વધુ પ્રોજેક્ટ્સ રજૂ કર્યા

## રાજકોટ, ગોંડલ અને જેતપુરના વિદ્યાર્થીઓએ વિજ્ઞાન અને ટેકનોલોજીના માધ્યમથી સામાજિક સમસ્યાઓના નવીન ઉકેલો દર્શાવ્યા

**અબતક, રાજકોટ**

મારવાડી યુનિવર્સિટી દ્વારા ભારત સરકારના ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી () ના સહયોગથી 'યંગ ઈનોવેટર્સ એક્સ્પો ૨.૦' નું શાનદાર આયોજન કરવામાં આવ્યું હતું. આ એક્સ્પોમાં રાજકોટ સહિત ગોંડલ અને જેતપુર જેવા નાના શહેરોની ૧૮ થી વધુ શાળાઓના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને સાયન્સ-ટેકનોલોજી આધારિત ૧૪૦ થી વધુ વર્કિંગ પ્રોટોટાઈપ્સ અને પ્રોજેક્ટ્સ પ્રદર્શિત કર્યા હતા.

ઉદ્યોગસાહસિકતા અને સ્ટાર્ટઅપ સંસ્કૃતિને પ્રોત્સાહન આપવા માટે ઈનોવેશન ટુ ઈન્ડસ્ટ્રી વિષયક માર્ગદર્શન સત્ર પણ યોજાયું, જેમાં નવીન વિચારને બજાર સુધી કેવી રીતે લઈ જવો તે અંગે માહિતી આપવામાં આવી.

આ પ્રકારના મંચો નાના શહેરોના વિદ્યાર્થીઓને મોટા સપના જોવા અને તેને સાકાર કરવાની દિશામાં પ્રેરિત કરે છે. આયોજકોના જણાવ્યા મુજબ, ભવિષ્યમાં પણ આવા એક્સ્પોનું વિસ્તૃત સ્વરૂપે આયોજન કરી વધુ શાળાઓ અને જિલ્લાઓને જોડવાની યોજના છે, જેથી ગ્રામ્ય અને અર્ધશહેરી વિસ્તારના વિદ્યાર્થીઓને પણ સમાન તકો મળી રહે.

### ઉદ્યોગસાહસિકતા અને સંશોધન તરફ પ્રયાણ

'યંગ ઈનોવેટર્સ એક્સ્પો ૨.૦' નો મુખ્ય ઉદ્દેશ્ય અનુભવ આધારિત શિક્ષણ ( ) ને પ્રોત્સાહન આપવાનો અને વિદ્યાર્થીઓને ભવિષ્યમાં વિજ્ઞાન, ટેકનોલોજી અને ઉદ્યોગસાહસિકતા () જેવી કારકિર્દી તરફ પ્રેરિત કરવાનો છે. આ મંચ દ્વારા વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ વધારવા અને તેમને 'ઈનોવેશન ટુ ઈન્ડસ્ટ્રી' સુધી લઈ જવાની તાલીમ આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

### ગ્રાસરૂટ લેવલથી ઈનોવેશનને પ્રોત્સાહન

યુનિવર્સિટીના એક્ઝિક્યુટિવ રજિસ્ટ્રાર નરેશ જાડેજાએ જણાવ્યું હતું કે, ''આ કાર્યક્રમનો મુખ્ય હેતુ યુવાનોમાં જિજ્ઞાસા અને સર્જનાત્મકતા વિકસાવવાનો છે. નાના શહેરોના વિદ્યાર્થીઓમાં રહેલી પ્રતિભાને યોગ્ય મંચ મળે તો તેઓ વૈશ્વિક સ્તરના ઈનોવેશન-ડ્રિવન ઈકોસિસ્ટમમાં મોટું યોગદાન આપી શકે છે. આ એક્સ્પો સાબિત કરે છે કે કોઈ પણ મોટા ફેરફારની શરૂઆત ગ્રાસરૂટ લેવલથી જ થાય છે.''

આ કાર્યક્રમનો મુખ્ય હેતુ નાના શહેરોના વિદ્યાર્થીઓને સાયન્સ અને ટેકનોલોજી ક્ષેત્રે પ્રોત્સાહિત કરવાનો અને તેમના નવિન પ્રોજેક્ટસ ને 'ઈન્નોવેશન ટુ ઈન્ડસ્ટ્રી' સુધી લઈ જવાની તાલીમ આપનો હતો.

એક્સ્પોમાં વિદ્યાર્થીઓએ પાઠ્યપુસ્તકોની બહાર જઈને પ્રેક્ટિકલ મોડલ્સ અને વર્કિંગ પ્રોટોટાઈપ્સ દ્વારા પોતાના વિચારોને આકાર આપ્યો.

### કૃષિથી લઈને સુરક્ષા સુધીના વિષયો પર ઈનોવેશન

આ પ્રદર્શનમાં વિદ્યાર્થીઓએ પાઠ્યપુસ્તકના જ્ઞાનને પ્રેક્ટિકલ મોડલ્સમાં પરિવર્તિત કર્યું હતું. વિદ્યાર્થીઓ દ્વારા રજૂ કરવામાં આવેલા પ્રોજેક્ટ્સ મુખ્યત્વે ઊર્જા, આરોગ્ય, કૃષિ, સુરક્ષા અને પર્યાવરણ જેવા મહત્વપૂર્ણ વિષયો પર આધારિત હતા. અનેક પ્રોજેક્ટ્સમાં જટિલ સમસ્યાઓના સરળ અને ટકાઉ ઉકેલો રજૂ કરવામાં આવ્યા હતા, જે વિદ્યાર્થીઓની વૈજ્ઞાનિક વિચારધારા અને સમસ્યા ઉકેલવાની ક્ષમતાનો પરિચય આપે છે.

# વિકાસને સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ, લાયન સફારી પાર્ક અને આવાસોની ભેટ મળશે

## ઈઝ ઓફ લિવીંગના વિઝનને સાકાર કરવા વિવિધ પ્રોજેક્ટ્સ ગતિશીલ બન્યાં




**અબતક, રાજકોટ**

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ ગુજરાતના શહેરોમાં ઈઝ ઓફ લિવીંગના વિઝનને સાકાર કરવા વિવિધ પ્રોજેક્ટ્સ ગતિશીલ બન્યા છે. આ કડીમાં રાજકોટ શહેરના સર્વાંગી વિકાસ માટે આંતરરાષ્ટ્રીય કક્ષાનું સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ, અત્યાધુનિક આવાસો, ફિલ્ટર પ્લાન્ટ અને લાયન સફારી પાર્ક જેવી સુવિધાઓ આગામી સમયમાં રાજકોટવાસીઓને અર્પણ કરવામાં આવશે.એઈમ્સ, આંતરરાષ્ટ્રીય એરપોર્ટ અને અટલ સરોવર બાદ આ નવી પરિયોજનાઓ રાજકોટના વિકાસમાં સીમાચિહ્ન રૂપ સાબિત થશે અને નાગરિકોની સુખાકારીમાં નોંધપાત્ર વધારો કરશે.

### ઔદ્યોગિક વિકાસ અને મહિલા સશક્તિકરણ

સૌરાષ્ટ્રના ઔદ્યોગિક હબ તરીકે ઉભરેલા રાજકોટમાં અદ્યતન કન્વેન્શન સેન્ટર બનાવવા માટે કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા ગ્રાન્ટ ફાળવવામાં આવી છે. સાથોસાથ, સ્માર્ટ સિટી વિસ્તારમાં રૂ ૪૯ કરોડના ખર્ચે વર્કિંગ વિમેન હોસ્ટેલનું નિર્માણ કાર્ય પણ પૂરજોશમાં ચાલી રહ્યું છે.

### ઓલિમ્પિક કક્ષાનું સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ અને ૧૦૧૦ નવા આવાસો

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વોર્ડ નં. ૧૭માં ઓલિમ્પિક અને કોમનવેલ્થ ગેમ્સના ધોરણો મુજબનું આંતરરાષ્ટ્રીય કક્ષાનું સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ તૈયાર કરવામાં આવી રહ્યું છે. આ ઉપરાંત, રેલનગર વિસ્તારમાં રૂ ૧૧૯ કરોડના ખર્ચે - પ્રકારના ૧૦૧૦ આવાસોનું નિર્માણ કાર્ય પૂર્ણતાના આરે છે. આ આવાસ યોજનામાં રૂફટોપ સોલાર, ગેસ પાઈપ લાઈન અને ફાયર સેફ્ટી જેવી આધુનિક સુવિધાઓ સાથે આંગણવાડી અને શોપિંગ સેન્ટરની વ્યવસ્થા પણ રાખવામાં આવી છે.



### પીવાના પાણીની સુવિધામાં વધારો

શહેરના વિસ્તરણને ધ્યાને રાખીને ન્યારા ખાતે ૫૦ ક્ષમતાનો ફિલ્ટર પ્લાન્ટ અને ૩૪૨ લાખ લીટરની ક્ષમતાનો અન્ડરગ્રાઉન્ડ સંપ બનાવવાની કામગીરી ચાલુ છે. માધાપર વિસ્તારમાં પણ ૩૧.૭૫ કરોડના ખર્ચે નવા રિઝર્વોયર અને પમ્પિંગ સ્ટેશનની સુવિધાઓ વિકસાવવામાં આવી રહી છે.

### પર્યટનનું નવું સરનામું લાયન સફારી પાર્ક

શહેરના પ્રવાસન ક્ષેત્રે લાયન સફારી પાર્ક એક નવું આકર્ષણ બનશે. આ પ્રોજેક્ટ અંતર્ગત ૫ મીટર ઊંચી ફેન્સિંગ દિવાલ, નાઈટ શેલ્ટર અને આંતરિક રસ્તાઓનું કામ પૂર્ણ થઈ ગયું છે. વન્યજીવ પ્રેમીઓ અને પર્યટકો માટે આ પ્રોજેક્ટ રાજકોટની નવી ઓળખ બનશે.

# એઆઈ સમિટમાં નગ્ન થવાની કાર્યકરોની હરકતથી કોંગ્રેસની દેશ વિરોધી માનસિકતા છતી થઈઃ ડો.માધવ દવે

## રાજકોટ ભાજપ શહેર યુવા મોરચા દ્વારા રાહુલ ગાંધીના પૂતળાનું દહન કરી કર્યા સૂત્રોચ્ચાર

### ભાજપ યુવા મોરચાનું કોંગ્રેસ કાર્યાલયને ઘેરાવનું એલાન

રાજકોટ શહેર યુવા મોરચાના પ્રમુખ મીલનભાઈ લીંબાસીયા, મહામંત્રી જયકિશન ઝાલા, હિમાંશુ રાજયગુરૂએ નવી દિલ્હીમાં સૌ પ્રથમ એઆઈ સમીટ ચાલી રહી છે, તેનું સમગ્ર દેશને ગૌરવ છે. આ ગૌરવવંતી ક્ષણમાં સમગ્ર દેશની સાથે રહેવાને બદલે કોંગ્રેસ પાર્ટી અને તેના મુખ્ય નેતૃત્વ દ્વારા નિર્લજ પ્રદર્શનના માધ્યમથી દેશની છબી બગાડવાનો ખરાબ પ્રયાસ કરવામાં આવ્યો છે. તેનો વિરોધ કરવા માટે આજે તા.૨૧/૦૨ શનિવારે સાંજે ૬.૦૦ કલાકે રેસકોર્ષ સ્થિત અકિલા ચોક ખાતેથી શહેર કોંગ્રેસ કાર્યાલય જઈ તેનો ઘેરાવ કરી અને સુત્રોચ્ચાર સાથે વિરોધ પ્રદર્શન કરવામાં આવશે.






**અબતક, રાજકોટ**

દેશની રાજધાનીમાં ચાલતા એઆઈ સમિટમાં વિશ્વભરના મહાનુભાવો ની હાજરીમાં કોંગ્રેસના કાર્યકરોએની વસ્ત્ર થઈ વિરોધ કરવાની હરકતને દેશવિરોધી માનસિકતા ગણાવી ભાજપ પ્રમુખ ડો.માધવ દવેએ ઉગ્ર પ્રતિક્રિયા સાથે આ હરકતને વખોડી કાઢી હતી.

આ અંગે રાજકોટ શહેર ભાજપ પ્રમુખ ડો.માધવ દવેએ પ્રતિક્રિયા આપતાં જણાવ્યું હતું કે ભારતીય જનતા પાર્ટીની માન. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની સરકાર દ્વારા જે રીતે ખુબ જ ટુંકા સમયમાં ભારત દેશે સતત અને અવિરત વિકાસની દોટ પકડી છે તે જોઈને કોંગ્રેસ પાર્ટી અને તેના નેતૃત્વના પેટમાં તેલ રેડાયું છું. કોંગ્રેસ પાર્ટી તેના શાસનના ૬૦ વર્ષોની નિષ્ફળતા અને ભારતીય જનતા પાર્ટીના શાસનની સફળતા પચાવી શકતી નથી અને તેથી વારંવાર આવા હિન પ્રયાસો અને કૃત્યો કરવામાં આવી રહ્યા છે. હાલ નવી દિલ્હી ખાતે ચાલી રહેલ એઆઈ સમિટના ચાલુ કાર્યક્રમમાં કોંગ્રેસ કાર્યકર્તાઓ દ્વારા નિર્વસ્ત્ર, નિર્લજ બની પોતાની જુની દેશ વિરોધી માનસિકતાને ફરી રીચાર્જ કરી હતી.

શહેર ભાજપ પ્રમુખ ડો. માધવ દવે, મહામંત્રી વલ્લભભાઈ દુધાત્રા, લલીતભાઈ વાડોલીયા, યોગેન્દ્રસિંહ જાડેજા, શહેર ઉપાધ્યક્ષ ભાર્ગવભાઈ મિયાત્રા, કૌશિકભાઈ ચાવડા, દિપાબેન કાચા, શહેર મંત્રી કિશન ટીલવા, સુનીલ ગોહિલ, ચાંદનીબેન ગોંડલીયા, ધર્મિષ્ઠાબેન વાઘેલા,કિન્નરીબેન ચૌહાણ,દંડક નેતા મનીષ રાડીયા, શિક્ષણ સમિતિ ચેરમેન વિક્રમભાઈ પુજારા, શિક્ષણ સભ્ય ભગવતીબેન ધરોડીયા,વોર્ડ પ્રભારી શૈલેષ હાપલીયા, વોર્ડ પ્રમુખ સંદિપ અંબાસણા, કિસાન મોરચાના પ્રમુખ યોગેશ ભુવા,રાજકોટ શહેર મહિલા મોરચા પ્રમુખ લીનાબેન રાવલ, મહામંત્રી કિરણબેન હરસોડા, માધવીબેન જોગીયા, પૂર્વ પ્રમુખ કિરણબેન માકડીયા, રાજકોટ શહેર યુવા મોરચાના પ્રમુખ મીલનભાઈ લીંબાસીયા, મહામંત્રી જયકિશન ઝાલા, હિમાંશુભાઈ રાજયગુરૂ તેમજ યુવા મોરચાના પૂર્વ મહામંત્રી સહદેવ ડોડીયા, જય બોરીચા, ધ્રુવભાઈ કાકડીયા, જય દવે સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

# શાસ્ત્રી મેદાનના ત્રણેય ગેટ પર સુરક્ષાકર્મી તૈનાત કરાશે



## જિલ્લા કલેક્ટરની અધ્યક્ષતામાં જિલ્લા ફરિયાદ સહ સંકલન સમિતિની બેઠક યોજાઈ લોક પ્રતિનિધિઓના દ્વારા રજૂ થયેલા વિવિધ પ્રશ્નો સમયમર્યાદામાં ઉકેલવા સૂચના અપાઈ

**અબતક, રાજકોટ**

રાજકોટ જિલ્લા કલેક્ટર ડૉ. ઓમ પ્રકાશની અધ્યક્ષતામાં આજે જિલ્લા ફરિયાદ સહ સંકલન સમિતિની બેઠક યોજવામાં આવી હતી. જેમાં વિવિધ પડતર પ્રશ્નોની ચર્ચા કરીને તેના તાત્કાલિક નિકાલની સૂચના આપવામાં આવી હતી. આ સાથે હાલ ચાલી રહેલા કામોની પ્રગતિની સમીક્ષા કરવામાં આવી હતી.

આ બેઠકમાં સાંસદ રામભાઈ મોકરિયાના હરિપર ખારી રોડ પરના પુલના પ્રશ્ન બાબતે જણાવાયું હતું કે, આ પુલ માટે નવી દરખાસ્ત કરી દેવામાં આવી છે.

ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા તરફથી શાપર વેરાવળમાં બની રહેલા પી.એચ.સી. બાબતનો પ્રશ્ન રજુ થયો હતો. જેમાં જણાવાયું હતું કે, આ પી.એચ.સી.ના મુખ્ય બિલ્ડિંગનું કામ પૂર્ણ થઈ ગયું છે અને તેને ટૂંક સમયમાં જ કાર્યાન્વિત કરવા સૂચના આપવામાં આવી હતી. શાપર વેરાવળમાં ભરાતી બુધવારીમાં સ્વચ્છતા જાળવવા માટે ફેરિયાઓને સમજૂત કરવા અને જરૂર પડ્યે દંડનીય કાર્યવાહી કરવા પણ સબંધિત વિભાગને સૂચના કરવામાં આવી હતી.

શાસ્ત્રી મેદાનના પ્રશ્ન બાબતે જણાવાયું હતું કે, મેદાનની અંદર થયેલું દબાણ દૂર કરી દેવામાં આવ્યું છે. મેદાનમાં ત્રણેય ગેટ પર સુરક્ષા કર્મી મૂકવામાં આવશે તેમજ ગેટને નુકસાન પહોંચાડનાર કે મેદાનમાં કોઈ પણ વસ્તુ ઠાલવનાર વાહન જપ્ત કરીને કડક, દંડનીય કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવી છે.

ધારાસભ્ય દર્શિતાબહેન શાહ તરફથી વોર્ડ ૧૧માં પ્લોટની માલિકી તેમજ અનાજ એ.ટી.એમ. માટે જગ્યા ફાળવણી અંગેના પ્રશ્ન રજૂ થયા હતા.

જિલ્લા કલેક્ટર ડૉ. ઓમ પ્રકાશ દ્વારા પડતર તમામ પ્રશ્નોનો તત્કાલ ઉકેલવા સૂચના આપવામાં આવી હતી. બેઠકમાં જિલ્લા પંચાયત પ્રમુખ પ્રવિણાબેન રંગાણી, જિલ્લા વિકાસ અધિકારી અનંદુ સુરેશ ગોવિંદ, રાજકોટ ગ્રામ્ય પોલીસવડા વિજયસિંહ ગુર્જર, આસિસ્ટન્ટ કલેક્ટર સુશ્રી મહેક જૈન, નાયબ પોલીસ કમિશનર રાકેશ દેસાઈ, નિવાસી અધિક કલેક્ટર એન.કે. મૂછાર વગેરે ઉપસ્થિત રહ્યા હતા.



સ્પોર્ટ્સ અબતક

# સુપર ૮: ન્યુઝીલેન્ડ-પાકિસ્તાન વચ્ચેના મેચથી બી ગ્રુપના ''બી'' કક્ષાની ટીમથી મેચનો પ્રારંભ




## આઈસીસીના પ્રી-સીડિંગ ફોર્મેટ મુજબ ગ્રુપમાં પ્રથમ ક્રમે રહેનારી ટીમોને એક ટીમમાં જ્યારે ગ્રુપમાં બીજા ક્રમે રહેનારી ટીમોને બીજા ગ્રુપમાં રાખવામાં આવતા સુપર-૮ ગ્રુપમાં ભારે અસંતુલન પેદા થયું!!!

**અબતક, રાજકોટ**

ભારત અને શ્રીલંકાની યજમાનીમાં યોજાઈ રહેલી આઈસીસી મેન્સ ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ ટુર્નામેન્ટ વિવાદોથી ભરેલી રહી છે, હવે વધુ એક વિવાદ સર્જાયો છે.ટી૨૦ વર્લ્ડ કપનાં સુપર ૮ ફોર્મેટ અંગે ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલની ટીકા કરવામાં આવી રહી છે. નોંધનીય છે કે ટુર્નામેન્ટનો ગ્રુપ સ્ટેજની તામમ મેચો પૂરી થાય એ પહેલા જ સુપર-૮ રાઉન્ડમાં ક્વોલિફાય થનારી ૮ ટીમો નક્કી થઈ ગઈ છે. સુપર-૮ રાઉન્ડ માટે આઈસીસી દ્વારા નક્કી કરવામાં આવેલા 'પ્રી-સીડિંગ' ફોર્મેટ અંગે સોશિયલ મીડિયા પર ચર્ચા કરવામાં આવી રહી છે. આઈસીસીના પ્રી-સીડિંગ ફોર્મેટ મુજબ ગ્રુપ સ્ટેજ રાઉન્ડમાં જે તે ગ્રુપમાં પ્રથમ ક્રમે રહેનારી ટીમોને એક ટીમમાં રાખવામાં આવી છે, જ્યારે ગ્રુપમાં બીજા ક્રમે રહેનારી ટીમોને બીજા ગ્રુપમાં રાખવામાં આવી છે. આ પ્રી-સીડિંગ ફોર્મેટને કારણે સુપર-૮ ગ્રુપમાં ભારે અસંતુલન પેદા થયું છે.

ન્યૂઝીલેન્ડના મિડલ ઓર્ડર બેટર્સની આક્રમક બેટિંગની ક્ષમતા અને હરીફ પર ત્રાટકવાની પાકિસ્તાની સ્પિનરના કૌશલ્યનો મુકાબલો શનિવારે જોવા મળશે જ્યારે આઈસીસી ટી૨૦ ક્રિકેટ વર્લ્ડ કપન સુપર-૮ રાઉન્ડમાં પાકિસ્તાન અને ન્યૂઝીલેન્ડ વચ્ચે મુકાબલો થશે. ટી૨૦ વર્લ્ડ કપના મહત્વના એવા સુપર-૮ રાઉન્ડનો આજથી પ્રારંભ થશે. અહીંના આર. પ્રેમદાસા

(અનુ. આઠમા પાને)

### કોલંબોમાં આજે ન્યૂઝીલેન્ડની બેટિંગ સામે પાક.ની બોલિંગની ટક્કર

સુપર ૮ ની પ્રથમ મેચ આજે રમાશે, જેમાં પાકિસ્તાન અને ન્યુઝીલેન્ડની ટીમો આમને સામને હશે. આ મેચ ભારતીય સમય મુજબ સાંજે ૭:૦૦ વાગ્યે શરૂ થશે. બંને ટીમો માટે આ મેચ અત્યંત મહત્વની છે કારણ કે વિજય સાથેની શરૂઆત સેમિફાઈનલનો રસ્તો આસાન બનાવી શકે છે.

### વરસાદને કારણે મેચ ધોવાઈ જશે તો બન્ને ટીમને એક-એક પોઈન્ટ મળશે

ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬માં સુપર ૮ની શરૂઆત જ પાકિસ્તાન અને ન્યૂઝીલેન્ડ વચ્ચેની મેચથી થઈ રહી છે. શ્રીલંકાના કોલંબોમાં આવેલા આર. પ્રેમદાસા સ્ટેડિયમમાં આજે વરસાદની શક્યતા છે. કોલંબોના હવામાન વિભાગની આગાહી મુજબ આખો દિવસ વાદળછાયું રહેશે.બપોરે અને સાંજે વરસાદની શક્યતા ૭૫%થી ૧૦૦% સુધી છે.સાંજે ગાજ-વાજ સાથે વરસાદની ૫૦%થી વધુ શક્યતા છે.વરસાદને કારણે મેચ ધોવાઈ જશે તો બન્ને ટીમને એક-એક પોઈન્ટ મળશે.

### ભારતનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન આવવાનું બાકી?

# ફીરકી અને કેચ ઉપર ટીમ ઈન્ડિયાએ પ્રશિક્ષણ લીધું!!!

## ગ્રુપ સ્ટેજમાં ભારતે અજેય રહીને સારું પ્રદર્શન કર્યું, પરંતુ પૂર્ણ ક્ષમતા દેખાડી નથી ત્યારે જસપ્રીત બુમરાહ, ઈશાન કિશન ફોર્મમાં છે તેઓ સુપર-૮માં મહત્વની ભૂમિકા ભજવી શકે

**અબતક, રાજકોટ**

ટી૨૦ વર્લ્ડકપમાં ભારતીય ટીમ અત્યાર સુધી અજેય રહી છે. ગ્રુપ સ્ટેજમાં તેણે ૪ મેચ જીતી સુપર ૮માં પ્રવેશ કર્યો છે. પરંતુ આ અજેય રેકોર્ડ હોવા છતાં ટીમના પ્રદર્શનમાં કેટલીક મોટી ખામીઓ દેખાઈ રહી છે, જેમાં મુખ્યત્વે ફિંગર સ્પિન (ખાસ કરીને ઓફ-સ્પિન) સામે બેટિંગમાં મુશ્કેલી અને ફિલ્ડિંગમાં ડ્રોપ્ડ કેચની સમસ્યા સૌથી વધુ ચર્ચામાં છે.ત્યારે ફીરકી અને કેચ ઉપર ટિમ ઈન્ડિયાએ પ્રશિક્ષણ લીધું છે.



ભારતની ટોપ ઓર્ડરમાં ઘણા લેફ્ટ-હેન્ડર બેટ્સમેન છે. જેમ કે અભિષેક શર્મા, ઈશાન કિશન, તિલક વર્મા, શિવમ દુબે, રિંકુ સિંહ વગેરે. આના કારણે વિરોધી ટીમો ઓફ-સ્પિનર્સને વધુ બોલિંગ કરી રહી છે. ગ્રુપ સ્ટેજમાં ભારતે ૪૨ ઓવર્સ ફિંગર સ્પિનનો સામનો કર્યો, જેમાં માત્ર ૩૧૫ રન બનાવ્યા અને ૧૫ વિકેટ ગુમાવી. સ્કોરિંગ રેટ ફક્ત ૬-૭ની આસપાસ રહ્યો, જે અન્ય ટીમોની તુલનામાં ખૂબ ઓછો છે.

અભિષેક શર્મા ત્રણ ડક આઉટ થયા છે, તિલક વર્મા સ્લો રહ્યા છે, અને સૂર્યકુમાર યાદવ પણ સ્પિન સામે સ્ટ્રાઈક રેટ ઓછો રાખ્યો છે. ફક્ત ઈશાન કિશને સારું પ્રદર્શન કર્યું છે.

ભારતે ગ્રુપ સ્ટેજમાં ૯ કેચ ડ્રોપ કર્યા છે, જે ટુર્નામેન્ટમાં બીજા ક્રમે છે (આયર્લેન્ડ પછી). છેલ્લા ૧૨-૧૮ મહિનામાં ભારતની કેચિંગ પર્સન્ટેજ ૭૦થી નીચે છે. દર મેચમાં ૨-૩ કેચ ડ્રોપ થઈ રહ્યા છે.

આ ડ્રોપ્ડ કેચ હજુ સુધી મોંઘા સાબિત નથી થયા, પરંતુ સુપર ૮, સેમીફાઈનલ અને ફાઈનલમાં આવા ભૂલો ખતરનાક સાબિત થઈ શકે છે.

પૂર્વ ભારતીય ક્રિકેટર સંજય બંગરનું માનવું છે કે હા - ભારતનું શ્રેષ્ઠ પ્રદર્શન હજુ આવવાનું બાકી છે. ગ્રુપ સ્ટેજમાં ટીમે અજેય રહીને સારું પ્રદર્શન કર્યું, પરંતુ પૂર્ણ ક્ષમતા દેખાડી નથી. જસપ્રીત બુમરાહ, ઈશાન કિશન જેવા ફોર્મમાં છે તે ખેલાડીઓ સુપર ૮માં મહત્વની ભૂમિકા ભજવી શકે છે.

### કાલે ભારત-આફ્રિકા વચ્ચે જંગ

સુપર ૮ મેચ દરમિયાન હવામાન સારું રહેવાની અપેક્ષા છે. ભારત આફ્રિકા વચ્ચે મેચ કાલે સાંજે ૭ વાગ્યે ભારતીય સમય મુજબ શરૂ થશે, આકાશ સ્વચ્છ રહેશે. તાપમાન ૩૪-૩૭ ડિગ્રી સેલ્સિયસની આસપાસ રહેવાની ધારણા છે. ભેજ લગભગ ૨૪% રહેવાની ધારણા છે. પવનની ગતિ લગભગ ૯ કિમી/કલાકની રહેવાની ધારણા છે. ચાહકો આખી મેચનો આનંદ માણી શકશે, જોકે ભારે ગરમી ખેલાડીઓ માટે સમસ્યા બની શકે છે.ભારતીય ટીમે તેની છેલ્લી મેચ આ જ મેદાન પર રમી હતી. સ્પિનરોને થોડી મદદ મળી છે, અને તેઓ આનો લાભ લેવા માંગશે. દરમિયાન, દક્ષિણ આફ્રિકાએ પણ અમદાવાદના મેદાન પર આ ટુર્નામેન્ટમાં બે મેચ રમી છે. તેઓએ બંને મેચ જીતી છે. તેથી, તેઓ તેમના હોમ ગ્રાઉન્ડ પર ભારતને આકરી લડાઈ આપી શકે છે.

# ખરાખરીના સમયે જ શાહીન આફ્રિદી અને બાબર આઝમ ''લટકી'' ગયા!!!

## ભારત સામેની હાર પછી પાકિસ્તાન ટીમમાં અનેક મોટા ફેરફારો થયા જો કે પાકિસ્તાન હેડ કોચ માઈક હસને આ વાત નકારી કાઢી

### દડે રન ટી-૨૦માં ન ચાલે ભાઈજાન...!!!

પાકિસ્તાનના સ્ટાર બેટ્સમેન બાબર આઝમનું ટી૨૦ ફોર્મેટમાં, ખાસ કરીને ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬માં, પ્રદર્શન ચિંતાજનક રહ્યું છે. પાકિસ્તાનના હેડ કોચ માઈક હેસનએ ખુલાસો કર્યો છે કે બાબર આઝમ ટી૨૦ વર્લ્ડ કપમાં સ્ટ્રાઈક રેટ ૧૦૦થી ઓછી છે, જે ટીમની જરૂરિયાતો અનુસાર નથી.

આજના સમયમાં ટી૨૦ ક્રિકેટમાં આક્રમક શરૂઆત અને ઝડપી રન બનાવવા અત્યંત જરૂરી છે, પરંતુ બાબરની બેટિંગ સ્ટાઈલ વધુ ક્લાસિક અને ધીમી છે. ટી૨૦ વર્લ્ડ કપના ઈતિહાસમાં, જે ખેલાડીઓએ ઓછામાં ઓછા ૫૦૦ રન બનાવ્યા છે તેમાં બાબર આઝમનો સ્ટ્રાઈક રેટ સૌથી ઓછો (લગભગ ૧૧૦.૪૦) છે. પાવરપ્લેમાં તેણે અત્યાર સુધીમાં ૨૧૭ બોલનો સામનો કર્યો છે અને માત્ર ૧૮૭ રન બનાવ્યા છે, જેનો સ્ટ્રાઈક રેટ માત્ર ૮૬.૧૭ છે - આ રેકોર્ડ અનવોન્ટેડ છે!

પાકિસ્તાન ક્રિકેટ ટીમમાં તાજેતરમાં મોટા ફેરફારો જોવા મળ્યા છે, ખાસ તો ભારત સામેની હાર પછી આ વલણ જોવા મળ્યું.વર્લ્ડ કપ ૨૦૨૬માં પાકિસ્તાનને ભારત સામે ૬૧ રનથી મોટી હારનો સામનો કરવો પડ્યો હતો, જેમાં ભારતે શાનદાર પ્રદર્શન કર્યું હતું અને ઈશાન કિશની શાનદાર ઈનિંગ્સથી જીત મેળવી હતી.




આ હાર પછી, પાકિસ્તાને તેન. નામિબિયા સામે મોટા બદલાવ કર્યા. સ્ટાર ફાસ્ટ બોલર શાહીન શાહ આફ્રિદીને ડ્રોપ કરવામાં આવ્યા અને બેટ્સમેન બાબર આઝમને તેમની સામાન્ય બેટિંગ પોઝિશનથી નીચે પ્રમોટ કરવામાં આવ્યા. ભારત સામે શાહીને ૨ ઓવરમાં ૩૧ રન આપ્યા હતા અને બાબર માત્ર ૫ રન બનાવીને આઉટ થયા હતા.

આ ફેરફારોને લઈને ઘણા લોકોમાં ચર્ચા થઈ કે શું આ ભારત સામેની હારના કારણે કરવામાં આવેલા તાત્કાલિક નિર્ણય છે? પરંતુ પાકિસ્તાનના હેડ કોચ માઈક હેસને આ વાતને સ્પષ્ટપણે નકારી કાઢી છે.

કોચ માઈક હેસને કહ્યું કે આ બદલાવ તાત્કાલિક પ્રતિક્રિયા નથી, પરંતુ સંપૂર્ણપણે ટેકનિકલ આધારિત છે. તેમણે જણાવ્યું કે શાહીન આફ્રિદીને ડ્રોપ કરવાનું કારણ એ છે કે પેસર સલમાન મિર્ઝાને તક આપવી જરૂરી હતી. સલમાને ખૂબ સારું પ્રદર્શન કર્યું અને તે પહેલાના મેચમાં પણ રમવા લાયક હતા.બાબર આઝમને નીચે મોકલવાનું કારણ એ હતું કે પીચ પર લેફ્ટ-આર્મ સ્પિનર ચાલી રહ્યો હતો અને ટર્ન મળી રહ્યું હતું. બે રાઈટ-હેન્ડર્સને એકસાથે મોકલવું બરોબર નહોતું. બાબર પોતે આ વાતને સમજી ગયા હતા અને આ ફેરફારમાં સહમત હતા.

### અમે ભારતને હરાવ્યું, સિનિયર ખેલાડીઓ ન કરી શક્યા: શાદાબ ખાન

પાકિસ્તાન ક્રિકેટ ટીમના સ્ટાર ઓલરાઉન્ડર શાદાબ ખાનને પોતાના નિવેદનના કારણે પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ ની નારાજગીનો સામનો કરવો પડ્યો છે. શાદાબે કહ્યું હતું કે અમે ભારતને હરાવ્યું છે, આ કામ સિનિયર ખેલાડીઓ કરી શક્યા ન હતા. શાદાબનો ઈશારો ૨૦૨૧ ટી-૨૦ વર્લ્ડ કપમાં પાકિસ્તાનની ભારત પરની જીતને લઈને હતો.હવે પીસીબીએ પૂર્વ ખેલાડીઓની ટીકા પર આપેલા શાદાબના નિવેદનને અયોગ્ય ગણાવ્યું છે. ૨૦૨૬ ટી-૨૦ વર્લ્ડ કપમાં ભારતે પાકિસ્તાનને ૬૧ રનથી હરાવ્યું હતું.બોર્ડે શાદાબને ચેતવણી આપતા પોતાની ભાષા પર નિયંત્રણ રાખવાની સલાહ આપી છે. આ આખો મામલો ૧૮ ફેબ્રુઆરીએ નામિબિયા સામેની મેચ પછી થયેલી પાકિસ્તાનની પ્રેસ કોન્ફરન્સથી શરૂ થયો.

# ઓસ્ટ્રેલિયાને અંતિમ જીતનું આશ્વાસન: નિરાશા સાથે વર્લ્ડ કપમાંથી વિદાય!!!

ઓસ્ટ્રેલિયાએ ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ જીત સાથે સમાપ્ત કર્યો. ટીમે શુક્રવારે છેલ્લી ગ્રુપ સ્ટેજ મેચમાં ઓમાનને ૯ વિકેટે હરાવ્યું. કેન્ડીના પલ્લેકેલે સ્ટેડિયમમાં પહેલા બેટિંગ કરવા ઉતરેલી ઓમાન ૧૦૪ રનમાં સમેટાઈ ગઈ. મિચેલ માર્શ અને ટ્રેવિસ હેડે ૯૩ રનની ભાગીદારી કરીને કાંગારૂ ટીમને જીત અપાવી.

### છેલ્લી ગ્રુપ સ્ટેજ મેચમાં ઓસ્ટ્રેલિયાએ ઓમાનને ૯ વિકેટે હરાવ્યું

ઓસ્ટ્રેલિયા માટે બોલિંગમાં લેગ સ્પિનર એડમ ઝામ્પાએ ૪ વિકેટ લીધી. ગ્લેન મેક્સવેલ અને ઝેવિયર બાર્ટલેટને ૨-૨ વિકેટ મળી. કેપ્ટન માર્શે ફિફ્ટી ફટકારી, જ્યારે ટ્રેવિસ હેડ ૩૨ રન બનાવીને આઉટ થયો. ઓમાન માટે વસીમ અલીએ સૌથી વધુ ૩૨ રન બનાવ્યા.

ઓસ્ટ્રેલિયાએ કેપ્ટન મિચલ માર્શ (૬૪ અણનમ, ૩૩ બોલ, ચાર સિક્સર, સાત ફોર) અને ટ્રેવિસ હેડ (૩૨ રન, ૧૯ બોલ, છ ફોર)ના યોગદાનની મદદથી ફક્ત ૯.૪ ઓવરમાં ૧/૧૦૮ના સ્કોર સાથે વિજય હાંસલ કરી લીધો હતો. ઑસ્ટ્રેલિયા ચારમાંથી બે લીગ મેચ હાર્યું હતું. ઑસ્ટ્રેલિયાની ટીમ ગ્રુપ-બીમાં શ્રીલંકા અને ઝિમ્બાબ્વે સામે હારીને બહાર થઈ ગઈ. ટીમે આયર્લેન્ડ અને ઓમાનને હરાવ્યું, પરંતુ તે આગલા રાઉન્ડમાં પહોંચવા માટે પૂરતું ન હતું. ટીમ ૨૦૦૯ પછી પહેલીવાર ગ્રુપ સ્ટેજ પણ પાર કરી શકી નહીં.

### વર્લ્ડકપમાં અમારૂ નિરાશાજક પ્રદર્શન, ટીમ ખુબ જ દુ:ખી: ઝમ્પા

ઑસ્ટ્રેલિયન સ્ટાર અને લેગ સ્પિનર એડમ ઝમ્પાએ ખુલાસો કર્યો છે. ઓમાન સામેની મેચમાં ૪/૨૭ના શાનદાર પ્રદર્શન સાથે પ્લેયર ઑફ ધ મેચ બન્યા બાદ પણ ઝમ્પાએ કહ્યું કે આ જીતથી ટીમની નિરાશા ઓછી થઈ નથી. તેમણે ડ્રેસિંગ રૂમની સ્થિતિ વર્ણવતાં કહ્યું, આપણે નિષ્ફળ થયા છીએ . છેલ્લા કેટલાક દિવસોમાં ખૂબ જ મુશ્કેલીઓ આવી છે. અમારા ચેન્જિંગ રૂમમાં અવાજ ખૂબ જ ઓછો છે, કારણ કે અમે ખૂબ જ નિરાશ છીએ કે અમારું વર્લ્ડ કપ આટલી જલ્દી સમાપ્ત થઈ ગયું છે. તેમણે વધુમાં ઉમેર્યું, અમે છેલ્લા કેટલાક વર્ષોમાં આ ટીમને બનાવી છે, પરંતુ અમે અમારું કામ યોગ્ય રીતે કરી શક્યા નથી. અમે નિષ્ફળ થયા છીએ. શ્રીલંકા સામેની મેચમાં વધુ સારું પ્રદર્શન કરી શક્યા હોત, પરંતુ મારું યોગદાન ત્યાં જોઈતું સ્તરે નહોતું.



# આઈપીએલ ૨૦૧૯ના ધુરંધર લેગ સ્પિનર રાહુલ ચહરની જિંદગી ''ગોટાળે'' ચડી!!!



## રાહુલ ચહર તેની પત્ની ઈશાની અલગ થયો, લગ્નના ચાર વર્ષ પૂર્ણ થાય તે પહેલાં જ રાહુલ અને ઈશાનીએ છૂટાછેડા લઈ લીધા

### આ પ્રકરણ ગુસ્સા કે અફસોસ સાથે નહીં, પરંતુ સ્પષ્ટતા સાથે બંધ કરૂં છું: રાહુલ ચહર

રાહુલ અને ઈશાનીએ તેમના નિવેદનમાં તેમના લગ્ન તૂટવા પાછળનું કોઈ કારણ આપ્યું નથી. જોકે, ભારતીય ક્રિકેટરે કહ્યું કે તે સંપૂર્ણ સ્પષ્ટતા સાથે આગળ વધી રહ્યો છે. રાહુલે લખ્યું, છેલ્લા ૧૫ મહિના કોર્ટમાંથી પસાર થયા છે. ધીરજ, સ્થિતિસ્થાપકતા અને સત્યમાંથી આવતી તાકાત શીખી રહ્યા છે. આજે, મારા જીવનમાં આ ચેપ્ટરનો અંત આવે છે. યોગ્ય કાનૂની પ્રક્રિયા પછી, ભારે કિંમત ચૂકવીને, કેસનો નિકાલ થયો છે, અને મારા જીવનનો આ તબક્કો સમાપ્ત થયો છે. હું આ પ્રકરણ ગુસ્સા કે અફસોસ સાથે નહીં, પરંતુ સ્પષ્ટતા સાથે બંધ કરું છું.

ભારતીય ક્રિકેટ ટીમના સ્પિનર રાહુલ ચહર અને તેની પત્ની ઈશાની અલગ થઈ ગયો છે. લગ્નના ચાર વર્ષ પૂર્ણ થાય તે પહેલાં જ રાહુલ અને ઈશાનીએ છૂટાછેડા લઈ લીધા છે. ભારતીય ક્રિકેટરે પોતાના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર એક નિવેદન પોસ્ટ કરીને આ દુ:ખદ સમાચાર પોતાના ચાહકો સાથે શેર કર્યા. છેલ્લા કેટલાક મહિનાઓથી ભારતીય ટીમની બહાર રહેલા રાહુલ ચહરએ જણાવ્યું કે તેણે બધી કાનૂની ઔપચારિકતાઓ પૂર્ણ કરી લીધી છે અને પોતાના જીવનનો આ અધ્યાય પૂર્ણ કરી રહ્યો છે.

ટીમ ઈન્ડિયા માટે સાત આંતરરાષ્ટ્રીય મેચોમાં ૧૦ વિકેટ લેનારા ૨૬ વર્ષીય લેગ-સ્પિનર રાહુલ ચહરે શુક્રવાર, ૨૦ ફેબ્રુઆરીના રોજ એક નિવેદનમાં ખુલાસો કર્યો કે આ પ્રક્રિયા છેલ્લા ૧૫ મહિનાથી ચાલી રહી હતી. માત્ર ૨૨ વર્ષની ઉંમરે લગ્ન કરનાર રાહુલે પોતાના નિવેદનમાં કહ્યું કે તેણે નાની ઉંમરે લગ્ન કર્યા હતા અને તે પોતાનું મૂલ્ય કે પોતાના જીવનને સંપૂર્ણપણે સમજી શક્યો ન હતો, પરંતુ તેનાથી તેને એવા પાઠ શીખવા મળ્યા જેની તેણે ક્યારેય અપેક્ષા નહોતી રાખી.

રાહુલ ચહર અને ઈશાની જોહરના લગ્ન ૯ માર્ચ, ૨૦૨૨ ના રોજ ગોવામાં થયા હતા. આ લગ્નમાં ફક્ત તેમના પરિવારજનો જ હાજર રહ્યા હતા, જેમાં રાહુલના પિતરાઈ ભાઈ અને ભારતીય ફાસ્ટ બોલર દીપક ચહરનો પણ સમાવેશ થાય છે. તે સમયે આ લગ્નની ખૂબ ચર્ચા થઈ હતી, કારણ કે રાહુલ ત્યારે જ IPLમાં સ્ટાર બન્યો હતો અને ભારતીય ટીમમાં પોતાનું સ્થાન બનાવી રહ્યો હતો. તે સમયે તેની નાની ઉંમરની પણ ખૂબ ચર્ચા થઈ હતી. હવે, તેની ચોથી લગ્ન વર્ષગાંઠ પહેલા, તેના સંબંધોનો અંત આવી ગયો છે.

### સ્ટેટ મોનિટરિંગ સેલ દ્વારા બુટલેગરો પર સર્જિકલ સ્ટ્રાઈક

# રાજ્યના ઈતિહાસમાં સૌથી મોટો ભુજ નજીક ૪ કરોડનો દારૂ પકડાયો

## ૫૬૦૦૦ બોટલ દારૂ, ચાર વાહન, મોબાઈલ મળી ૫ કરોડનો મુદ્દામાલ કબજે, સ્થાનિક પોલીસ અને મહત્વની બ્રાન્ચમાં ખળભળાટ




તસવીરઃ નવીનગીરી ગૌસ્વામી, ભુજ

**અબતક, રાજકોટ**

પૂર્વ કચ્છ ના ભુજ તાલુકાના વડવાળા ગામે વિદેશી દારૂના કટીંગ મોનિટરિંગ સેલે દરોડો પાડી રૂપિયા ૪ કરોડની કિંમતનો વિદેશી દારૂનો જંગી જથ્થો ઝડપી પાડ્યો છે. બે શખસની ધરપકડ કરી ૫૬૦૦૦ શરાબની બોટલ બે ટ્રક સહિત ચાર વાહનો બે મોબાઈલ મળી રૂપિયા પાંચ કરોડનો મુદ્દામાલ કબજે કર્યો છે.દરોડાને પગલે નાશ ભાગ મચી જવા પામ્યો છે. પોલીસે ત્રણ લીસ્ટેડ બુટલેગર સહિત ૨૧ શખ્સોની શોધખોળ હાથ ધરવામાં આવે છે. એસ એમ સી ના દરોડા ને પગલે સ્થાનિક પોલીસ અને મહત્વની બ્રાન્ચમાં ખળભળાટ મચી જવા પામ્યો છે. વધુ વિગત મુજબ ગાંધીના ગુજરાતમાં દારૂબંધી હોવા છતાં શરાબની રેલમ સેલ થતી હોવાની રાજ્યના પોલીસવાળા કે એલ એન રાવ ને ધ્યાન આવતા બુટલેગરો સામે કડક હાથે કામગીરી કરવા આપેલી સૂચનાને પગલે સ્ટેટ મોનિટરિંગ સેલના વડા નિલિપ્ત રાયના માર્ગદર્શન હેઠળ એસ.પી મયુરસિંહ રાઠોડ સહિતના સ્ટાફ દ્વારા પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું હતું ત્યારે ભુજ તાલુકાના વડવાળા ગામની સીમમાં વિદેશી દારૂનું કટીંગ થતું હોવાની પીએસઆઈ એસવી ગળચર સહિતના ટાપને મળેલી બાતમીના આધારે સ્ટાફે દરોડો પાડ્યો હતો. નરોડા દરમિયાન થર્ડ પરથી રૂપિયા ૪ કરોડની કિંમતનો ૫૬૦૦૦ વિદેશી દારૂની બોટલ સાથે રાપરનો જશરામ જગા ભરવાડ મેઘપર બોરીચી નો વિશાલ બીરેન ની ધરપકડ કરી હતી પોલીસે દારૂ બે ટ્રક એક મિનિટ ટ્રક વન બે મોબાઈલ મળી ૫ કરોડનો મુદ્દામાલ કબજે કર્યો છે. ધરોડા દરમિયાન નાશ ભાગ મચી ગયો હતો. પોલીસે ભુજ નો નવ જ્યોત ઉર્ફે નવઘણ રાજગોર મહારાજ અનોપસિંહ અભેસિંહ રાઠોડ દેવેન્દ્ર ઉર્ફે દેવો ખોડીદાસ કાપડી સહિત ત્રણે લિસ્ટેડ બુટલેગરોએ આ દારૂનો જથ્થો મંગાવ્યો હતો જ્યારે શિવરાજ વિરમ ગઢવી રાહુલ મહારાજ ગોપાલ કેસાજી રાજગોર જેકી બાવાજી કરણ ભાઈઓ ગોપાલસિંહ બનેસિંહ વાઘેલા હાર્દિક મહારાજ કલ્પેશ મહારાજ અને મુસ્તુફા ઉર્ફે રાહુલ પઠાણ તેમજ સાત અજાણ્યા મળી ૨૩ શખ્સો ને ઝડપી લેવા પોલીસે દોડધામ હાજરી છે.

### હિંમતનગર કારમાંથી ૩.૯૩ લાખનો વિદેશી દારૂ સાથે ચાલક ઝડપાયો

રાજસ્થાનમાંથી મોટા પાયે ગુજરાતમાં વિદેશી દારૂ ઘુસાડવામાં આવતો હોવાનું સ્ટેટ મોનિટરિંગ સેલ ને ધ્યાને આવતા ઉદયપુર - હિંમતનગર ધોરીમાર્ગ પર જે એચ સિસોદિયા સહિતના સ્ટાફ દ્વારા પેટ્રોલિંગમાં હતા ત્યારે વિદેશી દારૂનો જથ્થો વાહનોમાં આવી રહ્યા હોવાની મળેલી બાતમીના આધારે વાડીલાલ પેટ્રોલ પંપ નજીક વોચ ગોઠવી હતી ત્યારે પૂરપાટ ઝડપે આવતી કાર ને અટકાવી તલાસી લેતા જેમાંથી રૂપિયા ૩.૯૩ લાખની કિંમતના ૧૭૮૪ બોટલ વિદેશી દારૂ સાથે અમદાવાદ રાણીપ વિસ્તારમાં આવેલ કમલદીપ સોસાયટીમાં રહેતો રિતેશ શોમાં પટેલ નામના શખ્સની ધરપકડ કરી પોલીસે દારૂ વાહન અને મોબાઈલ મળી ૬.૯૮ લાખનો મુદ્દા માલ કબજે કર્યો છે. ઝડપાયેલ શખ્સ રિતેશ પટેલની પ્રાથમિક પૂછપરછ માં વિશ્રામ રૂપસિંહ ભગોરા કુલદીપ ઉર્ફે પંડિતજી જુવાનસિંહ રાજપુત અને દારૂ ભરેલી કાર સોંપી જનાર મળી પાંચ શખ્સો સામે ગુનો નોંધી ધોરણ સરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

### વલસાડ નજીક ૨૩.૮૭ લાખના શરાબ સાથે એક ઝડપાયો

વલસાડ ગ્રામ્ય પંથકમાં પીએસઆઈ આર જી વસાવા સહિત ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે એમપીલ એફ એફ એ ૮૪ ૮૩ નંબરની કાર અને તભજ્ઞશિજ્ઞ માં વિદેશી દારૂ ભરીને ડિલિવરી કરવા માટે આવી રહ્યા હોવાની મળેલી બાતમીના આધારે સ્ટાફે વલસાડ તાલુકાના સારંગપુર ગામે દરોડો પાડ્યો હતો. જેમાં પોલીસે રૂપિયા ૨૩.૮૭ લાખની કિંમતનો ૭,૮૫૮ બોટલ વિદેશી દારૂ સાથે સુરતના પાંડેસરા નું વિવેક અમરનાથ સિંહ ની ધરપકડ કરી છે. પોલીસે બે વાહન અને દારૂ મળી રૂપિયા ૫૩.૯૨ લાખનો મુદ્દા માલ કબજે કર્યો છે. પોલીસે નાસી છૂટેલા તભજ્ઞશિજ્ઞ ચાલક, નવસારીના બુટલેગર નજમુદીન ઉર્ફે આઝાદ, પૃથ્વીરાજ ઉર્ફે ચોટલો મળી ૧૦ શખ્સો સામે ગુનો નોંધી ધોરણ સર ની કાર્યવાહી હાથ ધરી છે.

### એસએમસીની કાર્યવાહીને પગલે બે અધિકારી અને ત્રણ પોલીસ મેનને પાણીચું

સ્ટેટ મોનિટરિંગ સેલના દરોડો પાડી રૂ. ૪ કરોડથી વધુની કિંમતના શરાબનો ઝડપી પાડ્યા બાદ રેન્જ આઈજી ચિરાગ કોરડિયાએ પદ્ધર પીઆઈ એ.જી. પરમાર, ઈન્ચાર્જ પીઆઈ એવા, પીએસઆઈ વાય. એસ. ઝાલાને સસ્પેન્ડ કર્યા હતા. સર્વેલન્સ સ્ટાફના એએસઆઈ મહેન્દ્રસિંહ જાડેજા, એઅસઆઈ મહિપાલસિંહ નરેન્દ્રસિંહ, બીટ જમાદાર હેડ કોન્સ્ટેબલ નીલેશ પૂનમાભાઈને સસ્પેન્ડ કરાયા હતા. જ્યારે પદ્ધર ડી સ્ટાફના અન્ય હેડ કોન્સ્ટેબલોની હેડક્વાર્ટરમાં, ગુનાશોધક શાખાના પીઆઈ એ. એમ. મકવાણા , પીએસઆઈ જે. બી. જાદવની લીવ રીઝર્વમાં બદલીના આદેશ કરાયા હતા.

# વિવાદિત કીર્તિ પટેલ આણી ટોળકીના ત્રાસથી કંટાળી યુટ્યુબરનો આપઘાતનો પ્રયાસ

## સનાતન ધર્મ, સાધુ સંતો વિરુદ્ધ વીડિયો બનાવતી કીર્તિ પટેલ સામે સોશિયલ મીડિયામાં વિડીયો બનાવ્યાનો ખાર રાખી યુવતી સહીત ચાર શખ્સોએ સતત ધમકીઓ આપી રૂ. ૨૦ લાખની ખંડણી માંગી

**અબતક, રાજકોટ**

વિવાદિત સોશિયલ મીડિયા સ્ટાર કીર્તિ પટેલ આણી ટોળકીની ધમકીથી કંટાળી જૂનાગઢના યુટ્યુબરે જેતપુરમાં ફિનાઈલ ગટગટાવી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. સનાતન ધર્મ અને સાધુ-સંતો વિરુદ્ધ વિડીયો બનાવતી કીર્તિ પટેલની સામે વિડીયો બનાવતા યુવકને કીર્તિ પટેલના સાગરીતોએ ધમકી આપી તારે રૂ. ૨૦ લાખ આપવા પડશે તેમ કહેતા યુવકે આપઘાતનો પ્રયાસ કર્યો હતો. જે મામલે જેતપુર ઉદ્યોગનગર પોલિસે કીર્તિ પટેલ સહીત પાંચ શખ્સો વિરુદ્ધ ગુનો નોંધી ઝીરો નંબરથી એફઆઈઆર જૂનાગઢ તાલુકા પોલિસને ટ્રાન્સફર કરી હતી.

મામલામાં જૂનાગઢના ગલિયાવાડ ગામે રહેતા ૨૭ વર્ષીય યુટ્યુબર અબજલ કારાભાઈ સીડાએ આરોપી તરીકે વિવાદિત કીર્તિ પટેલ, દિવ્યા સાવલાણી, જયપાલસિંહ, હનુ રાણા ચાવડા અને વિરમ ચોથા મેવાડાનું નામ આપતાં જણાવ્યું હતું કે, હું મારી ઈન્સ્ટાગ્રામ આઈડી ૪૮૪૮ પર વિડીયો બનાવીને અપલોડ કરૂ છું. યુવકે જણાવ્યું હતું કે, તાજેતરમા જુનાગઢ ખાતે યોજાયેલ શીવરાત્રી મેળામા સાધુ સંતોએ મૃગીકુંડમા શાહી સ્નાન કરેલ હતું. તેમની સાથે વિવાદિત કીર્તિ પટેલ કે જે યુટયુબ અને ફેસબુકમા વીડીયો બનાવી અપલોડ કરે છે તેને પણ સાધુના વેશમાં શાહી સ્નાન કરતા સનાતન ધર્મમા વિવાદ થયેલ હતો. જેથી કીર્તી પટેલે સાધુ સંતો તથા સનાતન ધર્મ વિરૂધ્ધ સોશીયલ મીડીયામાં વીડીયો બનાવી વાયરલ કરી સનાતન ધર્મનુ અપમાન કરેલ હતું. હું પણ યુટયુબર તરીકે વીડીયો બનાવતો હોય અને મુસ્લીમ હોવા છ્તા સનાતન ધર્મમા માનતો હોય જેથી મે છેલ્લા ચાર દીવસમા અલગ અલગ સમયે કીર્તી પટેલે જે સનાતન ધર્મ તથા સાધુ સંતો વિરૂધ્ધ ખોટા વીડીયો બનાવેલ તેનો વિરોધ કરતા વીડીયો મે બનાવી મારી ઈન્સટા ગ્રામ આઈ.ડી.માં અપલોડ કરેલ હતા. જેથી મારા વીડીયો કીર્તી પટેલ તથા તેના સાગરીતો દીવ્યા સાવલાણી(રહે. જુનાગઢ), દિવ્યાનો બોયફ્રેન્ડ જશપાલસીહ, હનુ રાણાભાઈ ચાવડા(રહે. સુરત) તથા વીરમ ચોથાભાઈ મેવાડા(રહે. સુરત) એ કીર્તી પટેલના કહેવાથી મને મારા ઈન્સટાગ્રામ આઈ.ડી.મા ફોન કરી ગાળો આપી તુ સનાતન ધર્મના સાધુ સંતોના જે વીડીયો બનાવી વાયરલ કરે છે અને કીર્તિ પટેલને ખોટી પાડવાની કોશીશ કરે છે તે બધા વીડીયો તારી ઈન્સટાગ્રામ આઈ.ડી.માથી રીમુવ કરી નાખ અને તું આ મેટરમાથી સાઈડમાં થઈ જા નહીતર મજા નહી આવે, હવે તું નવા વીડીયો પણ બનાવતો નહી, તારા વીડીયોના કારણે અમારા વ્યુમાં ઘટાડો થયેલ છે, જેથી તારે કીર્તી પટેલને તેના માટે વીસ લાખ રૂપીયા આપવા પડશે, નહીતર તુ જેલમાં જવાની તૈયારી રાખજે તેવી ધમકી આપી હતી. વધુમાં દિવ્યા મને બળાત્કારના ખોટા કેશમા ફીટ કરાવી દેવાની ધમકી આપે છે. દીવ્યા અને તેનો બોયફ્રેન્ડ જશપાલસિંહ તેના વોટ્સઅપ નંબર પરથી કોલ કરીને મને સતત ધમકી આપતાં હતા. વધુમાં યુવકે જણાવ્યું હતું કે, વીરમ ચોથાભાઈ મેવાડા તથા હનુ રાણાભાઈ ચાવડા પણ મને ખોટા કેશમાં ફીટ કરાવી દેવાની ધમકી આપે છે અને મારી પાસે રૂપીયા વીસ લાખની માંગણી કરે છે. ગત તા.૨૦-૦૨ ના રોજ સાંજના આશરે છ વાગ્યે હું મારા ઘરે ગલીયાવાડ ખાતે હતો. ત્યારે જસપાલસીહનો મને ફોન આવેલ અને કોન્ફરન્સમા દીવ્યા પણ વાત કરતી હતી. તે બંન્ને મને ગાળો આપતાં હતા. તેમણે મને કહેલ કે, તું ઘરે જ રહેજે, અમે તારા ઘરે આવીએ છીએ, તુ તૈયારી રાખજે તેમ કહેતા મને ડર લાગ્યો હતો. જેથી મેં મારા ઘરના બાથરૂમમાં પડેલ ફિનાઈલ પી લીધું હતું. બાદ હું ઘરેથી એકલો નીકળી ગયેલ અને જેતપુર નવાગઢના ભાદર નદીના પુલ પાસે રેલ્વેના પુલ પાસે આવી ફરીવાર પાછુ ફીનાઈલ પી લીધેલ હતું અને તેનો વીડીયો પણ બનાવેલ હતો. દરમિયાન એક મહિલાએ ૧૦૮ એમ્બયુલન્સમાં મને જેતપુર સરકારી હોસ્પીટલમાં સારવાર અર્થે ખસેડેલ હતો. બનાવ મામલે જેતપુર ઉદ્યોગનગર પોલિસે કીર્તિ પટેલ સહીત પાંચ વિરુદ્ધ યુવકની ફરિયાદ પરથી ગુનો નોંધી જૂનાગઢ તાલુકા પોલીસને ઝીરો નંબરથી ટ્રાન્સફર કરી હતી.

# વાપીથી ટ્રકમાં રૂ.૧.૫૧ લાખનો ગાંજો લઈને આવતી બેલડી ઝડપાઈ

## ગ્રીન લેન્ડ ચોકડી નજીકથી લોધિકાના આશીફ દોઢીયા અને અવેશ પતાણીની ધરપકડઃ ગાંજો, ટ્રક, મોબાઈલ મળી રૂ.૧૬.૭૧ લાખનો મુદ્દામાલ કબ્જે કરતી એસઓજી પીઆઈ એસ.એમ.જાડેજાની ટીમઃ ગાંજાનો જથ્થા આપનાર વાપીના સોયબની શોધખોળ

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેર એસઓજીની ટીમે ગ્રીનલેન્ડ ચોકડી નજીકથી ટ્રકમાંથી રૂ.૧.૫૧ લાખની કિંમતના ગાંજા સાથે બે શખ્સોની ધરપકડ કરી હતી. વાપીથી ગાંજો લાવી અહીં છૂટકમાં વેંપલો કરે તે પૂર્વે જ પોલિસે બંને શખ્સો લને દબોચી ગાંજો, ટ્રક મળી કુલ રૂ.૧૬.૭૧ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.



પ્રાપ્ત વિગત અનુસાર રાજકોટ શહેર પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, અધિક પોલીસ કમિશનર મહેન્દ્ર બગડીયા, ડીસીપી ક્રાઈમ જગદીશ બાંગરવા અને એસીપી ક્રાઈમ ભરત બાસિયા દ્વારા રાજકોટ શહેરી વિસ્તારમાં યુવાધનને નશાના રવાડે ચડતા અટકાવવા તથા નારકોટિક પદાર્થોનું વેચાણ અટકાવા 'સે નો ટુ ડ્રગ્સ' મિશન અંતર્ગત નાર્કોટિક્સ પદાર્થોનું ખરીદ વેચાણ કે સેવન કરનારા શખ્સો વિરુદ્ધ કડક કાર્યવાહી સૂચના આપવામાં આવી હતી. જે સૂચના અનુસંધાને એસઓજી પીઆઈ એસ એમ જાડેજાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ વી કે ઝાલા ટીમના એ.એસ.આઈ. રાજેશભાઈ બાળા, હેડ કોન્સ્ટેબલ જયદીપસિંહ ચૌહાણ અને સિદ્ધરાજસિંહ જાડેજાને મળેલી સંયુક્ત બાતમીના આધારે રાજકોટ-અમદાવાદ હાઈવે ઉપર ગ્રીનલેન્ડ ચોકડી નજીક જુના જકાતનાકા પાસે દેવજીવન હોટલની સામેના ભાગેથી જીજે - ૦૩-બીઝેડ-૪૭૯૬ નંબરના આઈસર ટ્રકમાંથી રૂ.૧,૫૧,૫૫૦ ની કિંમતનો ૩.૦૩૧ કિલોગ્રામ ગાંજા સાથે આસિફ તૈયબભાઈ દોઢીયા (ઉવ ૨૯ રહે. ખોડીયાર પ્લોટ, મફતિયાપરા, લોધિકા, રાજકોટ) અને અવેશ અબ્દુલભાઈ પતાણી (ઉવ ૨૫ રહે ખોડીયારનગર શેરી નં.-૩, ૧૫૦ ફૂટ રીંગ રોડ, રાજકોટ)ની ધરપકડ કરવામાં આવી હતી.

ઝડપાયેલ શખ્સોએ પ્રાથમિક પૂછપરછમાં કબૂલાત આપી હતી કે, તેઓ આઈસર ટ્રક લઈ વાપી ખાતે ફેરો કરવા ગયેલ હતા. જ્યાંથી ગાંજાનો જથ્થો મેળવી રાજકોટ આવવા રવાના થયાં હતા. અહીં તેઓ ગાંજાન્જ નાની પડીકીઓ બનાવી છૂટકમાં વેપલો કરવાના હતા. પરંતુ તે પૂર્વે એસઓજીની ટીમે બંનેને દબોચી ગાંજો, મોબાઈલ ટ્રક મળી કુલ રૂ.૧૬,૭૧,૫૫૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો. જ્યારે ગાંજાનો જથ્થો આપનાર વાપીના સોયબની શોધખોળ શરૂ કરી હતી.

આ કામગીરી એસઓજી પીઆઈ એસ એમ જાડેજા, પીએસઆઈ વી કે ઝાલા,એએસઆઈ રાજેશભાઈ બાળા, અરૂણભાઈ બાંભણિયા, વિરેન્દ્રસિંહ ઝાલા, હેડ કોન્સ્ટેબલ જયદીપસિંહ ચૌહાણ, સિદ્ધરાજસિંહ જાડેજા, મહાવીરસિંહ જાડેજા, કોન્સ્ટેબલ રવિરાજભાઈ ધગલ, ડ્રાઈવર હેડ કોન્સ્ટેબલ મહાવીરસિંહ જાડેજા, નિર્મળસિંહ ઝાલા અને મહિલા કોન્સ્ટેબલ મોનાબેન મુસા દ્વારા કરવામાં આવી હતી.

# રાજકોટ માર્કેટ યાર્ડ

## શાકભાજીના ભાવ

| * ભાવ ૨૦ | આવક કવી. | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| લીંબુ | ૭૫૯ | ૮૩૬ | ૧૭૦૭ |
| પપૈયા | ૩૬ | ૮૭ | ૧૪૮ |
| બટેટા | ૪૪૪૦ | ૧૦૧ | ૨૦૭ |
| ડુંગળી સુકી | ૨૫૪૦ | ૫૧ | ૨૪૦ |
| ટમેટા | ૧૦૨૬ | ૧૨૬ | ૨૪૪ |
| સુરણ | ૯ | ૮૨૧ | ૧૦૨૨ |
| કોથમરી | ૪૦૧ | ૧૬૩ | ૨૩૧ |
| સકરીયા | ૫૯ | ૪૨૯ | ૭૦૯ |
| મુળા | ૬૮ | ૩૧૧ | ૫૦૩ |
| રીંગણા | ૪૫૩ | ૩૯૬ | ૮૧૧ |
| કોબીજ | ૪૧૪ | ૧૦૧ | ૧૪૮ |
| ફ્લાવર | ૩૭૨ | ૧૯૮ | ૩૧૨ |
| ભીંડો | ૧૭૯ | ૭૦૪ | ૧૨૧૩ |
| ગુવાર | ૧૫૧ | ૧૨૨૬ | ૨૦૧૧ |
| ચોળાસીંગ | ૯૪ | ૩૯૧ | ૧૦૧૭ |
| વાલોળ | ૧૪૨ | ૩૦૨ | ૫૦૮ |
| ટીંડોળા | ૩૦ | ૬૨૫ | ૧૨૦૭ |
| દુધી | ૩૬૫ | ૧૦૧ | ૨૦૬ |
| કારેલા | ૩૩૧ | ૮૦૮ | ૧૧૧૪ |
| સરગવો | ૬૬ | ૬૫૮ | ૧૨૨૩ |
| તુરીયા | ૩૭ | ૬૦૧ | ૧૦૧૧ |
| પરવર | ૨૧ | ૧૪૧૯ | ૨૦૧૫ |
| કાકડી | ૨૯૬ | ૫૦૬ | ૭૨૧ |
| ગાજર | ૩૪૦ | ૨૧૦ | ૩૧૭ |
| વટાણા | ૨૮૪ | ૩૨૯ | ૫૩૬ |
| તુવેરસીંગ | ૧૦૧ | ૪૦૭ | ૬૧૧ |
| ગલકા | ૧૭૯ | ૬૦૧ | ૮૦૯ |
| બીટ | ૨૬૧ | ૧૧૪ | ૨૨૯ |
| મેથી | ૩૧૧ | ૧૫૪ | ૨૪૭ |
| વાલ | ૪૬ | ૮૦૪ | ૧૦૧૧ |
| ડુંગળી લીલી | ૩૧૬ | ૨૦૭ | ૩૧૩ |
| આદુ | ૨૮૮ | ૧૦૩૭ | ૧૨૨૪ |
| ચણા લીલા | ૨૪૧ | ૧૧૬ | ૨૪૩ |
| મરચા લીલા | ૧૧૭૦ | ૪૨૧ | ૬૩૯ |
| હળદર લીલી | ૩૨ | ૩૧૪ | ૫૩૩ |
| લસણ લીલું | ૩૩ | ૬૧૯ | ૧૦૦૭ |
| મકાઈ લીલી | ૨૪૮ | ૧૭૮ | ૨૮૯ |

## અનાજના ભાવ

| * ભાવ ૨૦ | આવક કવી. | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| કપાસ બી.ટી. | ૮૮૦ | ૧૩૮૦ | ૧૫૯૦ |
| ઘઉં લોકવન | ૪૨૫ | ૪૮૫ | ૫૨૫ |
| ઘઉં ટુકડા | ૪૫૬૦ | ૫૧૦ | ૫૭૦ |
| જુવાર સફેદ | ૩૦૦ | ૮૫૦ | ૧૧૪૦ |
| બાજરી | ૨૩ | ૩૧૧ | ૩૫૦ |
| તુવેર | ૦ | ૧૨૭૫ | ૧૬૨૦ |
| ચણા પીળા | ૨૦૦૦ | ૯૫૦ | ૧૦૭૦ |
| ચણા સફેદ | ૧૬૦ | ૧૧૨૫ | ૧૭૯૯ |
| અડદ | ૧૨૫ | ૮૫૦ | ૧૬૦૦ |
| મગ | ૬૦ | ૮૦૦ | ૧૭૮૫ |
| વાલ દેશી | ૭૦ | ૯૦૦ | ૧૧૨૦ |
| વટાણા | ૨૦૦૦ | ૮૫૧ | ૧૪૬૫ |
| કળથી | ૧૪ | ૩૭૦ | ૩૭૦ |
| રાજમા | ૩૦૦ | ૧૨૫૦ | ૧૮૦૦ |
| મગફળી જાડી | ૬૦૦ | ૧૨૫૦ | ૧૫૪૪ |
| મગફળી જીણી | ૪૦૦ | ૧૨૦૦ | ૧૫૪૯ |
| તલી | ૩૨૦ | ૧૪૫૦ | ૧૯૭૦ |
| એરંડા | ૨૫૦ | ૧૧૬૦ | ૧૨૫૮ |
| અજમો | ૮ | ૧૨૭૦ | ૨૨૯૦ |
| સોયાબીન | ૨૬૦ | ૮૦૦ | ૧૦૧૫ |
| સીંગફાડા | ૩૦૦ | ૧૨૦૦ | ૧૬૫૦ |
| કાળા તલ | ૮૦ | ૨૦૦૦ | ૪૩૪૩ |
| લસણ | ૮૨૦ | ૯૫૦ | ૧૪૧૦ |
| ધાણા | ૪૦૦ | ૧૪૫૦ | ૨૦૪૦ |
| મરચા સુકા | ૨૮૦ | ૨૫૦૦ | ૫૫૦૦ |
| ધાણી | ૩૮૦૦ | ૧૫૫૦ | ૨૩૫૦ |
| વરીયાળી | ૫૫ | ૧૨૫૦ | ૧૩૬૦ |
| જીરૂ | ૧૪૪૦ | ૩૫૦૦ | ૪૪૭૯ |
| રાય | ૫૦૦ | ૧૧૫૦ | ૧૩૭૦ |
| મેથી | ૫૦૦ | ૯૦૦ | ૧૪૫૦ |
| રાયડો | ૬૦૦ | ૧૦૦૦ | ૧૨૩૦ |
| ગુવારનું બી | ૪૦ | ૯૦૦ | ૯૮૦ |

### રિલાયન્સ - ગેટસ ફાઉન્ડેશન દ્વારા

# ત્રણ વર્ષમાં સવા કરોડ બાળકોને એઆઈ શિક્ષણથી સજ્જ કરવા 'શિક્ષાનેક્સ્ટ' અભિયાનનો પ્રારંભ

## વિદ્યાર્થીઓના એજ્યુકેશન અપડેટેશન માટે ૧૭૦ કરોડની જોગવાઈ

**અબતક, રાજકોટ**

એજ્યુકેશન ટેક્નોલોજી અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના ઉપયોગ દ્વારા વંચિત સમુદાયોના બાળકો માટે શિક્ષણના પરિણામો સુધારવાના ઉદ્દેશ્ય સાથે એક સાહસિક, વિવિધ દાતાઓની સહાય થકી અને બહુવર્ષીય પહેલ 'શિક્ષાનેક્સ્ટ' બુધવારે લોન્ચ કરવામાં આવી હતી. ત્રણ વર્ષની આ રૂ.૧૭૦ કરોડની પહેલ નવી દિલ્હીમાં 'ઈન્ડિયા એઆઈ ઈમ્પેક્ટ સમિટ' દરમિયાન ભારત સરકારના શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન અને શિક્ષણ મંત્રાલયના સચિવ સંજય કુમાર (આઈએએસ)ની ઉપસ્થિતિમાં શરૂ કરવામાં આવી હતી. શિક્ષાનેક્સ્ટનો ઉદ્દેશ્ય ૨૦૨૯ સુધીમાં સમગ્ર ભારતના ૧.૩ કરોડથી વધુ બાળકોને અર્થપૂર્ણ, ટેક્નોલોજી અને એઆઈ-આધારિત શિક્ષણની તકો પૂરી પાડવાનો છે.



શિક્ષાનેક્સ્ટને પરોપકારી સંસ્થાઓ અને ઈકોસિસ્ટમ ભાગીદારોના ગઠબંધન દ્વારા સમર્થન પ્રાપ્ત થયું છે, જેઓ ટેક્નોલોજીના માધ્યમથી શિક્ષણના પરિણામોને મજબૂત બનાવવા માટે પ્રતિબદ્ધ છે. આ પહેલ રિલાયન્સ ફાઉન્ડેશન અને ગેટ્સ ફાઉન્ડેશન દ્વારા 'સ્થાપક વ્યૂહાત્મક ભાગીદારો' તરીકે સંચાલિત કરવામાં આવી રહી છે, જેમાં સેન્ટ્રલ સ્કવેર ફાઉન્ડેશન'મેનેજિંગ પાર્ટનર' તરીકે કાર્યરત છે અને તેને માઈકલ એન્ડ સુસાન ડેલ ફાઉન્ડેશન દ્વારા પણ ભંડોળ પૂરું પાડવામાં આવે છે. શિક્ષાનેક્સ્ટ પરોપકાર અને ઊંડા અનુભવનો સમન્વય કરે છે, જે આ પહેલના અમલીકરણ અને અસરો પર સમાન રીતે ધ્યાન કેન્દ્રિત કરે છે. શિક્ષાનેક્સ્ટ લોન્ચ કરતી મેળા મુખ્ય સંબોધન કરતાં ભારત સરકારના શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને 'વિકસિત ભારત ૨૦૪૭'તરફનો માર્ગ દર્શાવ્યો હતો. તેમણે શિક્ષણની ગુણવત્તા સુધારવા, શિક્ષકોને સશક્ત બનાવવા અને યુવાનોને ભવિષ્યના કાર્યક્ષેત્ર માટે તૈયાર કરવામાં ટેક્નોલોજી અને એઆઈની ભૂમિકા પર ભાર મૂક્યો હતો. જ્યારે શિક્ષણ વિદ્યાર્થીઓની જરૂરિયાતો મુજબ અનુકૂળ બને છે, ત્યારે તેઓ ઝડપથી શીખે છે અને આગળ વધે છે. વ્યક્તિગત અને ટેક્નોલોજી આધારિત સાધનો મોટા પાયે આ શક્ય બનાવી શકે છે. એઆઈ યુગમાં પ્રવેશતા ભારત એક દાયકાના શિક્ષણ સુધારા, મજબૂત પ્રારંભિક શિક્ષણ અને વર્ગખંડોમાં પરિણામ આપતા સાધનોના પાયા પર આગળ વધી રહ્યું છે.

અમારી પ્રતિબદ્ધતા એ સુનિશ્ચિત કરવાની છે કે એઆઈ આધારિત ઉકેલો આગામી પેઢી માટે માત્ર નવીન જ નહીં પણ સમાનતાપૂર્વકના હોય - જે દરેક બાળકને, દરેક જગ્યાએ સેવા આપવા માટે રચાયેલા હોય અને ભારતના શૈક્ષણિક ભવિષ્યને સાચા અર્થમાં બદલી શકે. - બી શ્રીનિવાસન, એક્ઝિક્યુટિવ લીડ, રિલાયન્સ ફાઉન્ડેશને જણાવ્યું હતું.

આ ટેક્નોલોજી માત્ર તકનીકી શક્યતાઓ પર નહીં, પરંતુ શિક્ષણના યોગ્ય સિદ્ધાંતો અને ઓછી સુવિધા ધરાવતા વર્ગખંડોને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવે. તેમ બેન્જામિન પાઈપર, ડાયરેક્ટર, ગ્લોબલ એજ્યુકેશન, ગેટ્સ ફાઉન્ડેશનએ જણાવ્યું હતું.

# પડધરીના ખંઢેરીમાં તરૂણીએ ઝેરી દવા ગટગટાવી

**અબતક, રાજકોટ**

પડધરી તાલુકાના ખંઢેરી ગામમાં ખેતમજૂરી કરતા પરિવારની ૧૬ વર્ષીય તરુણીએ ગઈકાલે રાત્રે અગમ્ય કારણોસર ઝેરી દવા પી લેતા તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવી છે. તરુણીએ કયા સંજોગોમાં આ આત્મઘાતી પગલું ભર્યું તે અંગે પોલીસે તપાસ શરૂ કરી છે.

પ્રાપ્ત વિગતો મુજબ, મૂળ મધ્યપ્રદેશના વતની અને હાલ પડધરીના ખંઢેરી ગામે ભાનુબાપુની વાડીમાં રહી ખેતીકામ કરતા શ્રમિક પરિવારની દીકરી રસીલાબેન રાજુભાઈ ગણવા (ઉ.વ. ૧૬) ગઈકાલે રાત્રે સાડા આઠ વાગ્યાના અરસામાં વાડીએ હતી, ત્યારે તેણે કોઈ અગમ્ય કારણોસર ઝેરી દવા પી લીધી હતી. ઘટનાની જાણ થતા જ પરિવારજનોએ તેને તાત્કાલિક સારવાર અર્થે રાજકોટની સરકારી હોસ્પિટલમાં ખસેડી હતી. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે રસીલાના પિતા ખેતીકામ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. રસીલા બે ભાઈ અને બે બહેનોમાં સૌથી મોટી છે. કયા કારણોસર આ પગલું ભર્યું તે દિશામાં પડધરી પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે.

# ભાજપના સાંસદો-ધારાસભ્યોને જનસંપર્ક વધુ મજબૂત બનાવવા રાષ્ટ્રીય અધ્યક્ષની ટકોર

## ગુજરાત ભાજપની કાર્યપ્રણાલી સુવ્યવસ્થિત, સમયબધ્ધ અને ઉદાહરણરૂપઃ નીતિન નવીન



**અબતક, રાજકોટ**

ગુજરાતના પ્રવાસે આવેલા ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નવીને ભાજપના સાંસદો અને ધારાસભ્યોને સંવાદ સેતુ થકી જનસંપર્ક વધુ મજબૂત બનાવવા ટકોર કરી હતી.

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નવીનની ગરિમામય ઉપસ્થિતિમાં અમદાવાદ ખાતે ભાજપાના સાંસદો અને ધારાસભ્યોની બેઠક યોજાઈ હતી.

ભાજપા રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નવીને તેમના સંબોધનમાં યુવા મોરચાના તેઓના કાર્યકાળ દરમિયાન તેઓએ ભૂતકાળમાં કરેલા ગુજરાતના સંગઠનાત્મક પ્રવાસના સંસ્મરણો વાગોળ્યા હતા અને જણાવ્યું હતું કે, ઘણા વર્ષ અગાઉથી જ ગુજરાત ભાજપાની કાર્યપ્રણાલી સુવ્યવસ્થિત અને સમયબદ્ધ અને ઉદાહરણરૂપ રહી છે. પંડિત દીનદયાળ ઉપાધ્યાયના અંતિમ વ્યક્તિ સુધી વિકાસ પહોંચાડવાના અંત્યોદયના વિચાર તેમજ ડો. શ્યામાપ્રસાદ મુખર્જી 'એક ભારત, શ્રેષ્ઠ ભારત' ની કલ્પનાને આત્મસાત કરી વિકાસની સાથે સમગ્ર દેશને પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ આપેલી કાર્યસંસ્કૃતિ ભારતને આંતરરાષ્ટ્રીય સ્તરે આર્થિક દ્રષ્ટિ થી મજબૂત કરી રહી છે.

નીતિન નવીને જણાવ્યું હતું કે, ૨૦૧૨-૧૩ દરમિયાન દેશની યુવા પેઢી દેશની હાલત જોઈ નિરાશા અને ડિપ્રેશનમાં હતી, તેવા સમયે નરેન્દ્રભાઈ મોદી રાષ્ટ્રીય રાજનીતિમાં આવ્યા અને દેશમાં સુશાસનથી સકારાત્મક વાતાવરણ અને યુવાઓ માં આત્મવિશ્વાસ જાગ્યો અને દેશમાં પારદર્શિતા

(અનુ. આઠમા પાને)



### સાબરમતિ રિવરફ્રન્ટ ખાતે કર્યુ મોર્નિંગ વોકઃ યુવાનો સાથે કરી ચર્ચા

ભાજપના રાષ્ટ્રીય અદયક્ષ નીતીન નબીન હાલ ગુજરાતના પ્રવાસે છે આજે સવારે તેઓએ સાબરમતિ રિવર ફ્રન્ટ ખાતે મોનીંગ વોક કર્યુ હતું. ચા-નાસ્તાનો લીજજત પણ માણી હતી. યુવા ધન સાથે અલગ અલગ વિષયો પર ચર્ચા કરી હતી તેઓની સાથે ગુજરાત પ્રદેશ ભાજપ અદયક્ષ જગદીશ વિશ્વકર્મા પણ જોડાયા હતા.

### મહંત સ્વામી મહારાજના આશિર્વાદ લેતા ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ



ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતીન નબીન હાલ ત્રણ દિવસના ગુજરાત પ્રવાસ પર છે તેઓએ ગાંધીનગર સ્થિત અક્ષરધામ મંદિર ખાતે બીએપીએસના વડા મહંત સ્વામી મહારાજના દર્શનનો લ્હાવો લીધો હતો. આ તકે તેઓના સાથે પ્રદેશ ભાજપ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા, ભાજપના રાષ્ટ્રીય સંગઠન મહામંત્રી બી.એલ. સંતોષ અને પ્રદેશ ભાજપ સંગઠન મહામંત્રી રત્નાકરજી સાથે રહ્યા હતા.

### ગુજરાતીઓ રાષ્ટ્ર અને બિઝનેસ સાથે કોમ્પ્રોમાઇઝ નથી કરતાઃ નીતિન નવીન

#### ભાજપનો કાર્યકર્તા હમેંશા નેશન ફર્સ્ટ, પાર્ટી નેકસ્ટની ભાવનાથી કામ કરે છે

ભાજપા રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નવીન તેમજ પ્રદેશ અદયક્ષ જગદીશભાઈ વિશ્વકર્માની ઉપસ્થિતિમાં ગાંધીનગર ખાતે પ્રબુદ્ધ નાગરિકોની ઉપસ્થિતિમાં 'બજેટ મીટ ૨૦૨૬' કાર્યક્રમ યોજાયો.

ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નવિનએ પ્રબુદ્ધજનોને સંબોધિત કરતા જણાવ્યું હતું કે, ગુજરાતીઓ રાષ્ટ્ર અને બિઝનેસ સાથે કોમ્પ્રોમાઇઝ નથી કરતા અને ભાજપા કાર્યકર્તાઓ હંમેશા નેશન ફર્સ્ટ, પાર્ટી નેક્સ્ટની ભાવના સાથે કાર્ય કરે છે. તેમણે સૌને અભિનંદન પાઠવતાં કહ્યું કે ગુજરાત મોડલ આજે દેશભરમાં ચર્ચાનો વિષય છે અને અનેક રાજ્યો તેને અનુસરવાનો પ્રયાસ કરી રહ્યા છે.

તેમણે કહ્યું કે, બજેટ માત્ર નાણાકીય દસ્તાવેજ નથી, પરંતુ છેવાડાના માનવી સુધી વિકાસ પહોંચાડવાનો માર્ગદર્શક દસ્તાવેજ છે. પંડિત દીન દયાળ ઉપાધ્યાયજીના અંત્યોદયના વિચાર અને શ્રી અટલ બિહારી વાજપેયીના સુશાસનના મોડલને આગળ વધારતાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પારદર્શિતા અને ગવર્નન્સ દ્વારા યોજનાઓ સીધી લાભાર્થી સુધી

(અનુ. આઠમા પાને)

# ધોલેરા એસઆઈઆરમાં ૨૫૦ મેગાવોટ ગ્રીન એઆઇ રેડી ડેટા સેન્ટરની સ્થાપના થશે

## એલ એન્ડ ટી વ્યોમા રૂ.૨૫૦૦૦ કરોડનું રોકાણ કરશે, ૨૦૨૮માં પ્રોજેક્ટ સાકાર થશેઃ દિલ્હીમાં એમઓયુ

**અબતક, રાજકોટ**

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી નવી દિલ્હીમાં યોજાઇ રહેલી ઈન્ડિયા એઆઇ ઈમ્પેક્ટ સમિટ ૨૦૨૬ અંતર્ગત ગુજરાતે એઆઇ ક્ષેત્રે એક મહત્વપૂર્ણ એમ.ઓ.યુ. કર્યા છે. આ સમિટમાં ઈન્વેસ્ટમેન્ટ પ્રમોશન એક્ટિવિટી અન્વયે ગુજરાત સરકારના સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ અને લાર્સન એન્ડ ટુબ્રો વ્યોમાં વચ્ચે આ એમ.ઓ.યુ. ધોલેરા સર ખાતે ૨૫૦ મેગા વોટના હાઇ પર સ્કેલ, ગ્રીન એઆઇ રેડી ડેટા સેન્ટરની સ્થાપના માટે કરવામાં આવ્યા છે.

વન, પર્યાવરણ અને સાયન્સ -ટેકનોલોજી મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયાની વિશેષ ઉપસ્થિતિમાં થયેલા એમ.ઓ.યુ. દ્વારા એલએન્ડટી વ્યોમાં રૂ.૨૫ હજાર કરોડનું રોકાણ આ પ્રોજેક્ટમાં કરશે તેમજ સંભવતઃ ૨૦૨૮ સુધીમાં પ્રોજેક્ટ કાર્યરત થઈ જશે.

આ એમ.ઓ.યુ. ગુજરાતને એઆઇ ઈન્ફ્રાસ્ટ્રકચર, કલાઉડ કમ્પ્યુટિંગ, એડવાન્સ્ડ એનાલિટિક્સ અને સસ્ટેનેબલ ડિજિટલ ઈકોસિસ્ટમ માટે અગ્રણી હબ તરીકે સ્થાપિત કરવાના સહિયારા વિઝન તથા ગુજરાત આઈટી/ટીઈએસ નીતિ (૨૦૨૨-૨૭) સાથે સુસંગત છે.

ધોલેરા સરનો આ પ્રસ્તાવિત કેમ્પસ ઉચ્ચ અસરોવાળા રોકાણોને પ્રોત્સાહિત કરશે, નવીનતા



આધારિત વિકાસને મજબૂત બનાવશે તેમજ કન્સ્ટ્રકશન, કમિશનિંગ અને લાંબા ગાળાના ઓપરેશન્સમાં રોજગારીની નોંધપાત્ર તકોનું સર્જન કરશે. પ્રોજેક્ટ તે સંલગ્ન ઈકોસિસ્ટમના વિકાસથી પરોક્ષ રોજગારીનું સર્જન પણ થશે, તે ભવિષ્યના ડિજિટલ ટ્રાન્સફોર્મેશનના ચાલકબળ તરીકે ગુજરાતની ભૂમિકાને વધુ સુદઢ બનાવશે.

આ એમઓયુ મુજબ, એલએન્ડટી વ્યોમા જમીનની યોગ્યતા, માળખાગત સુવિધાઓની સજ્જતા, ઉપલબ્ધતા ક્ષેત્રો (અવેલેબિલિટી ઝોન્સ) અને ટકાઉપણાના પરિમાણોને આવરી લઈને સંભાવનાઓનું વિગતવાર મૂલ્યાંકન કરશે, ગુજરાત સરકાર પોતાના સંબંધિત વિભાગો મારફતે એક સક્ષમ માળખા સાથે પ્રોજેક્ટને સરળ બનાવશે.

આ સીમાચિહ્નરૂપ એમઓયુ હાઈપરસ્કેલ એઆઈ ડેટા સેન્ટરની સજ્જતાને સક્ષમ કરીને ભવિષ્યના ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રકચરમાં ગુજરાતના નેતૃત્વને વેગ આપશે. તેમજ ગ્લોબલ કલાઉડ અને એઆઈ કંપનીઓને આકર્ષિત કરવાની રાજ્યની ક્ષમતામાં વધારો કરશે. એઆઈ ટ્રેનિંગ અને એડવાન્સ્ડ એનાલિટિક્સ જેવા ઉભરતા કાર્યબોજને સહયોગ તેમજ નવીનીકરણ, ઉચ્ચ મૂલ્યની નોકરીઓ અને ટકાઉ આર્થિક વિકાસ માટે એક સ્થિતિસ્થાપક પણ ઈકોસિસ્ટમનું નિર્માણ કરશે.

ઈન્ડિયા એઆઈ સમિટમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ માટે ભારતના ''માનવ'' વિઝનની રૂપરેખા આપી છે. એમ- મોરલ એન્ડ એથિકલ સિસ્ટમ (નૈતિક અને નીતિગત પ્રણાલી); એ- અકાઉન્ટેબલ ગવર્નન્સ (જવાબદાર શાસન); એન-

(અનુ. આઠમા પાને)

# ઊંઝા નજીક ઈકો કાર ડિવાઈડર સાથે અથડાતા બાળક સહિત ચાર લોકોના મોત

## રાજસ્થાન ખાતેથી પ્રસંગ પૂર્ણ કરી પરત અમદાવાદ જતાં પરિવારને ઉનાવા હાઈવે પર કાળનો ભેટો

## ચાલકે સ્ટીયરિંગ પરથી કાબુ ગુમાવતા ઈકો ધડાકાભેર ડિવાઈડર સાથે અથડાઈ કારનો કચ્ચરઘાણ

### ઘટનાને પગલે ઉનાવા હાઈવે પર ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા, પોલીસ કાફલો દોડી ગયોઃ મૃત્તદેહોને પી.એમ. અર્થે ખસેડાયા

**અબતક, રાજકોટ**

ઊંઝા-મહેસાણા હાઈવે પર આવેલા ઉનાવા પાસે એક કાળજું કંપાવી દે તેવો અકસ્માત સર્જાયો છે. રાજસ્થાનથી લગ્ન પ્રસંગ માણીને અમદાવાદ પરત ફરી રહેલા એક પરિવારની ઈકો કાર બેકાબૂ બની ડિવાઈડર સાથે અથડાતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આ દુર્ઘટનામાં એક જ પરિવારના ચાર સભ્યોના ઘટનાસ્થળે જ કરુણ મોત નિપજ્યા છે, જ્યારે કાર ચાલકને ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર અર્થે ખસેડવામાં આવ્યો છે.

મળતી માહિતી મુજબ, મૂળ રાજસ્થાનના પાલી (ભાવનગર) ના વતની અને હાલ અમદાવાદના રામોલ વિસ્તારમાં રહેતા કુમાવત પરિવારના સભ્યો રાજસ્થાનમાં એક લગ્ન પ્રસંગ પતાવીને પોતાની ઈકો કારમાં અમદાવાદ પરત ફરી રહ્યા હતા. ઉનાવા પાસે પહોંચતા જ કાર ચાલકે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો અને કાર પૂરપાટ ઝડપે રોડની વચ્ચે આવેલા



ડિવાઈડર સાથે ધડાકાભેર અથડાઈ હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે કારનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો.

આ અકસ્માતમાં બે પુરુષ, એક મહિલા અને એક માસૂમ બાળક સહિત કુલ ચાર લોકોના મોત થયા છે. જેમની ઓળખ રામલાલ લખાજી કુમાવત, કૈલાશભાઈ રામલાલ કુમાવત, કોમલ મદનલાલ કુમાવત તરીકે થઈ છે.

ઘટનાની જાણ થતા જ ઉનાવા પોલીસનો કાફલો તાત્કાલિક સ્થળ પર પહોંચી ગયો હતો. પોલીસે મૃતકોના મૃતદેહોને પોસ્ટમોર્ટમ અર્થે હોસ્પિટલ ખસેડ્યા હતા અને અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. હાઈવે પર સર્જાયેલા આ અકસ્માતને પગલે ટ્રાફિક જામના દ્રશ્યો પણ સર્જાયા હતા. જેને પોલીસે હળવો કરાવ્યો હતો. એક હસતા-રમતા પરિવારે ઘરના આંગણે પહોંચતા પહેલા જ કાળનો કોળિયો બની જતાં રામોલ અને વતન પાલીમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

# દરેક ગુજરાતીના માથે રૂ.૬૮,૫૭૭નું દેવું !

## રાજ્ય પર રૂ.૪,૪૫,૫૩૭ કરોડનું દેવુંઃ સરકાર દેવાળીયા અને બેજવાબદાર વહિવટ અંગે શ્વેતપત્ર બહાર પાડેઃ ડો.મનિષ દોશી

**અબતક, રાજકોટ**

ગુજરાતમાં ભાજપાની સરકાર વર્ષોથી વિકાસના નામે ભવ્ય જાહેરાતો, ચમકદાર સમારંભો અને ઈવેન્ટ મેનેજમેન્ટ રાજકારણ ચલાવી રહી છે. પરંતુ હકીકત એ છે કે રાજ્ય પર અંદાજે રૂ.૪,૪૫,૫૩૭ કરોડથી વધુનું જાહેર દેવું છે. દરેક ગુજરાતીના માથે સરેરાશ રૂ.૬૮,૫૭૭ જેટલું દેવું શું આ છે ભાજપનું ગુજરાત મોડેલ? ભાજપ સરકારના દેવાળિયા અને બેજવાબદાર વહિવટ અંગે શ્વેત પત્ર જાહેર કરવાની માંગ કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કન્વીનર અને પ્રવકતા ડો.મનિષ દોશીએ જણાવ્યું હતું કે, ભાજપ સરકાર વિકાસ કરતાં વધુ વિઝ્યુઅલ્સમાં વિશ્વાસ રાખે છે. જાહેરાતો પર કરોડો રૂપિયાનો વરસાદ થાય છે, ફોટોશૂટ અને ઈવેન્ટ્સમાં જાહેર નાણાં વહેંચાઈ જાય છે, પરંતુ યુવાનોને રોજગાર ક્યાં છે? ભાજપ સરકાર વિજ્ઞાનને બદલે વિજ્ઞાપન પર વધુ ધ્યાન આપી રહી છે. શિક્ષિત યુવાનો નોકરી માટે દરવાજે- દરવાજે ભટકી રહ્યા છે. ખેડૂતો પોતાના પાકના વાજબી ભાવ માટે રસ્તા પર ઊતરવા મજબૂર છે.

ગુજરાતમાં ઘરગથ્થુ પરિવારોનો નોંધપાત્ર હિસ્સો કર્જના દબાણનો સામનો કરી રહ્યો છે. આશરે ૬૧% ગ્રામિણ પરિવારો હવે ખર્ચો, પછી ચૂકવો જેવી સંકટમય સ્થિતિથી પ્રભાવિત થયા છે. ૨૦૨૫ના અંત સુધીના આંકડાઓ મુજબ, ગુજરાતમાં નાના ઉધાર લેનારાઓના ૯૦ લાખથી વધુ ખાતાઓ પર સરેરાશ રૂ.૪૨,૦૦૦ જેટલું કર્જ બાકી હતું. માર્ચ ૨૦૨૫ સુધીમાં, ગુજરાતમાં ૧૩ લાખથી વધુ લોકો પર રૂ.૪૫,૦૦૦ કરોડના વાહન લોન બાકી હતા. ઉપરાંત, ૯.૫૨ લાખ લોકો પાસે ટીવી, ફ્રિજ, મોબાઈલ વગેરે જેવી વપરાશની વસ્તુઓ માટે લીધેલા રૂ.૨,૦૧૮ કરોડની લોન બાકી હતા. ડિજિટલ લોન જાળ ગામડાં સુધી પહોંચી ગઈ છે. ગુજરાતના કુલ કર્જધારકોમાંના ૬૧% લોન ખાતાઓ નાના શહેરો અને ગામડાંમાંથી છે, જેના કારણે ઘણા લોકો પહેલાના લોન ચૂકવવા માટે નવા લોન લેતા થયા છે. ૨૦૨૬ના એક અહેવાલ મુજબ, આશરે ૬૫% ઉધાર લેનારાઓએ જણાવ્યું કે ઈએમઆઈ ભરવા માટે તેમને શિક્ષણ, સારવાર અને ખોરાક જેવી આવશ્યક ખર્ચોમાં કપાત કરવી પડી.

પર્સનલ લોનનો ઉપયોગ ઝડપથી વધી રહ્યો છે. ગુજરાતમાં ૧ કરોડથી વધુ ખાતાઓમાં કુલ રૂ.૩.૯૯ લાખ કરોડની પર્સનલ લોન બાકી છે, અને આ મામલે ગુજરાત દેશભરમાં ચોથા ક્રમે છે. ૪૩% ખેડૂત પરિવારો કર્જમાં હતા, જેમાંથી ૩૪.૯૪ લાખ પરિવારો પાસે પાક લોન અને ટર્મ લોન બાકી હતી.

દેવું માત્ર આંકડો નથી તે ભવિષ્ય પરનો ભાર છે. દેવું વધે એટલે વ્યાજનો બોજ વધે. એટલે કે આવતી પેઢીના હક્કના નાણાં આજે જ ખર્ચાઈ રહ્યા છે. શું આ જવાબદાર શાસન છે કે આર્થિક બેદરકારી? ડબલ એન્જિનના દાવા કરતી ભાજપ સરકાર સ્પષ્ટ કરે કે રાજ્યના દેવા અને વ્યાજની સંપૂર્ણ વ્હાઈટ પેપર જાહેર કરે. જાહેરાત અને ઈવેન્ટ ખર્ચમાં તાત્કાલિક કાપ મૂકે. ખાલી પડેલી સરકારી જગ્યાઓમાં પારદર્શક અને

(અનુ. આઠમા પાને)






# રાજકોટ સહિત ચાર શહેરોમાં તાપમાનનો પારો ૩૫ ડિગ્રીને પાર

## ૩૫.૩ ડિગ્રી સાથે રાજકોટ રાજ્યનું બીજા નંબરનું સૌથી ગરમ શહેર

**અબતક, રાજકોટ**

રાજ્યમાં હાલ ટ્રિપલ સિઝનનો અનુભવ થઈ રહ્યો છે. વહેલી સવારે ગુલાબી ઠંડીનો અનુભવ થાય છે. બપોરના સમયે ઉનાળા જેવો આકરા તડકા પડે છે. જ્યારે છેલ્લા બે દિવસથી રાજ્યના કેટલાક વિસ્તારોમાં કમોસમી વરસાદ પણ વરસી રહ્યો છે. આ વર્ષ ઉનાળો આકરો રહે તેવા એંધાણ અત્યારથી જ વર્તાય રહ્યા છે. ફેબ્રુઆરી માસમાં જ રાજ્યમાં મહત્તમ તાપમાનનો પારો ૩૫ ડિગ્રીએ પહોંચી ગયો છે. શુક્રવારે રાજ્યના ચાર શહેરોમાં મહત્તમ તાપમાન ૩૫ ડિગ્રીને પાર પહોંચી ગયો હતો. આજથી માવઠાનું જોર ઘટશે. ગરમીમાં હવે ક્રમશઃ વધારો થતો રહેશે.

હવામાન વિભાગના સુત્રોના જણાવ્યાનુસાર શુક્રવારે ડાંગ ૩૫.૬ ડિગ્રી સાથે ગુજરાતનું સૌથી ગરમ શહેર રહ્યું હતું. જ્યારે રાજકોટ ૩૫.૩ ડિગ્રી સાથે બીજા નંબરનું સૌથી શહેર રહ્યું હતું.

આ ઉપરાંત પોરબંદરનું મહત્તમ તાપમાન ૩૫.૨ ડિગ્રી અને વેરાવળનું તાપમાન ૩૫.૧ ડિગ્રી રહેવા પામ્યું હતું. અમદાવાદનું તાપમાન ૩૧.૪ ડિગ્રી, અમરેલીનું તાપમાન ૩૨.૭ ડિગ્રી, ભાવનગરનું તાપમાન ૩૧ ડિગ્રી, ભુજનું તાપમાન ૩૩.૮ ડિગ્રી, દાહોદનું તાપમાન ૨૪.૭ ડિગ્રી, દમણનું તાપમાન ૩૨.૪ ડિગ્રી, ડાંગનું તાપમાન ૩૫.૬ ડિગ્રી, ડિસાનું તાપમાન ૩૪.૨ ડિગ્રી, દીવનું તાપમાન ૩૨.૫ ડિગ્રી, દ્વારકાનું તાપમાન ૩૨.૬ ડિગ્રી, ગાંધીનગરનું તાપમાન ૩૦.૮ ડિગ્રી, કંડલાનું તાપમાન ૩૨.૪ ડિગ્રી, નલિયાનું તાપમાન ૩૪ ડિગ્રી, ઓખાનું તાપમાન ૨૯.૫ ડિગ્રી, પોરબંદરનું તાપમાન ૩૫.૨ ડિગ્રી, રાજકોટનું તાપમાન ૩૫.૩ ડિગ્રી, સુરતનું તાપમાન ૩૪.૮ ડિગ્રી અને વેરાવળનું તાપમાન ૩૫.૧ ડિગ્રી નોંધાયું હતું. હોળીના તહેવાર સુધી હજી બેવડી સિઝનનો અનુભવ થતો રહેશે. ત્યારબાદ ગરમીનું જોર વધશે.